અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

06 FEBRUARY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 215 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 દાવો- ડોભાલની બેકડોર વાતચીત બાદ અમેરિકી ટ્રેડ ડીલ



4 કોરિયન લવ ગેમ : ભારતીય ટીનએજર્સ માટે વધુ એક જીવલેણ રમત



6 સંજુ સેમસનની એક સમયે વર્લ્ડકપમાં રમવાની તૈયારી હતી, હવે પ્લેઇંગ 11માં પણ જગ્યા ના મળી



7 ચાંદી 28 હજાર સસ્તી થઈ: વાયદા બજારમાં ભાવ 2.40 લાખ/ કિલો પર આવ્યો

## આ મોહબ્બતની દુકાન મોદીની કબર ખોદવાની વાત કરે છે, વિપક્ષનું વોકઆઉટ

# રાજ્યસભામાં PM બોલ્યા- કોંગ્રેસના સમયમાં ડીલ એટલે બોફોર્સ કૌભાંડ

નવી દિલ્હી, તા.05

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવનો જવાબ આપી રહ્યા છે. સંબોધન દરમિયાન વિપક્ષે સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. વિપક્ષી નેતાઓએ માગ કરી હતી કે 'રાહુલ ગાંધીને બોલવા દેવામાં આવે'. આ બાબતે વડાપ્રધાને કટાક્ષ કરતા કહ્યું કે, ખડગેજીની ઉંમરને જોતા તેમને બેસીને સૂત્રોચ્ચાર કરવાની પરવાનગી આપવામાં આવે. ત્યારબાદ વિપક્ષે વોકઆઉટ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં 1 કલાક અને 27 મિનિટ ભાષણ આપ્યું. PM મોદીએ કહ્યું, આ કયા પ્રકારની મોહબ્બતની દુકાન છે, જે મોદીની કબર ખોદવાની વાતો કરે છે. શું આ જાહેર જીવનની મર્યાદાનું અપમાન નથી.

PMએ વધુમાં ઉમેર્યું કે, 'TMC, કોંગ્રેસ, લેફ્ટ અને DMK દાયકાઓ સુધી કેન્દ્રમાં સત્તાનો હિસ્સો રહ્યા છે. પરંતુ તેમની ઓળખ શું બની? તેમના સમયમાં 'ડીલ'ના નામે માત્ર બોફોર્સ યાદ આવે છે, જ્યારે આજે ડીલની ચર્ચા ગૌરવ સાથે કરવામાં આવે છે.'



બુધવારે સાંજે 5 વાગ્યે લોકસભામાં પણ વડાપ્રધાનનું સંબોધન થવાનું હતું, પરંતુ વિપક્ષના ભારે હોબાળાને કારણે સ્પીકર ઓમ બિરલાએ ભાષણ ટાળી દીધું હતું. સ્પીકરે અત્યંત ગંભીર નોંધ લેતા કહ્યું કે, સદનમાં વડાપ્રધાન સાથે કોઈ અણધારી ઘટના ઘટી શકી હોત.

લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પરનો આભાર પ્રસ્તાવ વિપક્ષના ભારે હોબાળા વચ્ચે પસાર થઈ ગયો છે. વર્ષ 2004 પછી આ પ્રથમ એવી ઘટના છે જ્યારે વડાપ્રધાનના જવાબ વગર જ આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હોય. લોકસભામાં બુધવારે સાંજે 5 વાગ્યે જ્યારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ, ત્યારે વિપક્ષની મહિલા સાંસદોએ સત્તાધારી નેતાઓની ખુરશીઓ ઘેરી લીધી હતી. જેમાં PM મોદીની ખુરશી પણ સામેલ હતી. મહિલા સાંસદોના હાથમાં મોટા બેનરો હતા, જેના પર લખ્યું હતું- 'જે સાચું છે, તે કરો'. PM નરેન્દ્ર મોદી આભાર પ્રસ્તાવ પર જવાબ આપવાના હતા, પરંતુ વિપક્ષની મહિલા સાંસદોના હોબાળાને કારણે લોકસભા સ્થગિત કરી દેવામાં આવી હતી. જેના કારણે PMનું સંબોધન પણ ટળી ગયું હતું.

### • PM બોલ્યા- BSNLને લઈને ટુચકાઓ ચાલતા હતા, અમે સ્વદેશી 4G ઊભું કર્યું

વડાપ્રધાને જણાવ્યું કે, 'એક સમય હતો જ્યારે BSNL ને લઈને ટુચકાઓ ચાલતા હતા, પરંતુ આજે અમે સ્વદેશી 4G ટેકનોલોજી ઊભી કરી દીધી છે. અમે કોમ્યુનિકેશનની નવી ટેકનોલોજીને આગળ વધારી છે, એટલા માટે જ તમારું દર્દ જીભ પર આવી રહ્યું છે અને તમે 'મોદી તેરી કબ્ર ખુદેગી'ના નારા લગાવી રહ્યા છો.' વડાપ્રધાને વધુમાં ઉમેર્યું કે, '4 કરોડ ગરીબોને પાકા ઘર, વીજળી, પાણી અને સિલિન્ડર આપ્યા છે, મને લાગે છે કે ભગવાને મને સાચી દિશામાં કામ કરવાની પ્રેરણા આપી છે. આજે ગામડાની મહિલાઓ ગર્વથી કહે છે કે 'હું લખપતિ દીદી બની ગઈ છું અને હવે મારે કરોડપતિ દીદી બનવું છે'.' પીએમ મોદીએ કહ્યું- 'જેના પર લાખો-કરોડો માતાઓ અને બહેનોનું રક્ષાકવચ હોય, તેની કબર તમે ક્યારેય ખોદી શકશો નહીં.'

### • PM બોલ્યા- 140 કરોડ દેશવાસીઓ મારું રીમોટ

વડાપ્રધાને કહ્યું કે, 'આ લોકોની સરકાર રીમોટથી ચાલતી હતી. મારી સરકાર પણ રીમોટથી જ ચાલે છે, પરંતુ 140 કરોડ દેશવાસીઓ મારું રીમોટ છે. અમારા માટે સત્તા એ સુખ ભોગવવાનું સાધન નથી, પણ સેવા કરવાનું આસન છે.' મુદ્રા યોજના હેઠળ અમે લાખો-કરોડો રૂપિયાની લોન આપીને સ્વરોજગારને બળ આપ્યું છે. કોંગ્રેસે ક્યારેય દેશમાં સ્ટાર્ટઅપ કલ્ચરને પ્રોત્સાહન આપ્યું નથી. સ્થિતિ તો એવી છે કે તેઓ પોતાના ઘરના સ્ટાર્ટઅપને પણ વ્યવસ્થિત કરી શકતા નથી. અમારી સરકારે અત્યાર સુધી 2 લાખથી વધુ સ્ટાર્ટઅપ્સને સપોર્ટ કર્યો છે. ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે. પરંતુ તેમની પાસે એક જ રસ્તો છે, 'મોદી તેરી કબ્ર ખુદેગી'.

## અલ-ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જવાદ અહેમદની ધરપકડ, ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો

ફરીદાબાદ, તા.05

ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકીની દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી. ધરપકડ બાદ આરોપીને પોલીસે કોર્ટમાં રજૂ કર્યો, જ્યાંથી કોર્ટે તેને 4 દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી આપ્યો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસ સિદ્દીક પાસેથી યુનિવર્સિટીના વહીવટ, નાણાકીય વ્યવહારો અને અન્ય પ્રવૃત્તિઓ સંબંધિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પૂછપરછ કરશે. ક્રાઈમ બ્રાન્ચે ખાનગી યુનિવર્સિટીના સંચાલન સંબંધિત કથિત અનિયમિતતાઓ અને છેતરપિંડીના આરોપોમાં UGCની ફરિયાદ પર 2 કેસ નોંધ્યા હતા, જેમાં દિલ્હી પોલીસે આ કાર્યવાહી કરી. જણાવી દઈએ કે આતંકવાદી ગતિવિધિઓમાં અલ ફલાહના ડોક્ટરોની ધરપકડ બાદ યુનિવર્સિટી નિશાન પર આવી હતી. આ પછી, EDએ મની લોન્ડરિંગ પ્રિવેન્શન એક્ટ હેઠળ સિદ્દીકી અને અન્ય વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. જ્યારે, ED આ મામલે લગભગ 54 એકર જમીન અને તેના પર બનેલી 139.97 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી ચૂકી છે. UGCએ FIR નોંધાવી હતી UGC દ્વારા દિલ્હી બ્લાસ્ટ બાદ 2 FIR નોંધાવવામાં આવી હતી. તે જ સંદર્ભમાં દિલ્હી પોલીસે આ કાર્યવાહી કરી છે. જ્યારે, ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકી અને અલ-ફલાહ ચેરિટેબલ ટ્રસ્ટ વિરુદ્ધ EDએ ચાર્જશીટ દાખલ કરી હતી.



આ ચાર્જશીટ પર સંજ્ઞાન લેવા માટે દિલ્હીની સાકેત કોર્ટમાં 31 જાન્યુઆરીએ સુનાવણી થઈ હતી. જ્યાં ગ્રુપની 54 એકર જમીન જપ્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. 140 કરોડની સંપત્તિ જપ્ત: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ 31 જાન્યુઆરીના રોજ દિલ્હી બ્લાસ્ટ કેસ સાથે સંકળાયેલી ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટીની આશરે 140 કરોડ રૂપિયાની સંપત્તિઓ જપ્ત કરી હતી. આ સાથે જ અલ-ફલાહ ગ્રુપના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકી અને તેના ટ્રસ્ટ વિરુદ્ધ દિલ્હીની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. જપ્ત કરાયેલી સંપત્તિઓમાં ફરીદાબાદના ધૌજ વિસ્તારમાં 54 એકર જમીન, યુનિવર્સિટીની ઈમારત, શાળાઓ અને વિભાગોની ઈમારતો અને હોસ્ટેલનો સમાવેશ થાય છે. EDએ આને ગુનાની આવકની કેટેગરીમાં મૂક્યા છે. આ કાર્યવાહી મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) હેઠળ કરવામાં આવી છે. NAACથી માન્યતા હોવાનો ખોટો દાવો: ED દ્વારા કોર્ટને જણાવવામાં આવ્યું કે આ તપાસ દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નોંધાયેલી બે FIRના આધારે શરૂ કરવામાં આવી હતી. આ FIRમાં આરોપ છે કે અલ-ફલાહ યુનિવર્સિટીએ નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC)થી માન્યતા હોવાનો ખોટો દાવો કર્યો હતો. એજન્સીએ માહિતી આપી કે તપાસ દરમિયાન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કેટલીક સંપત્તિઓને અસ્થાયી રૂપે જપ્ત કરવામાં આવી છે. EDનો આરોપ છે કે યુનિવર્સિટી અને તેનાથી સંબંધિત સંસ્થાઓએ સમાપ્ત થઈ ગયેલી NAAC માન્યતા બતાવીને વિદ્યાર્થીઓ અને વાલીઓને ગેરમાર્ગે દોર્યા અને આ જ આધારે પ્રવેશ લઈને ફી વસૂલવામાં આવી.

EDએ કહ્યું હતું- ખોટી માન્યતાથી આવક મેળવી: EDએ 18 નવેમ્બરે અલ-ફલાહ ગ્રુપ સાથે સંકળાયેલા સ્થળો પર દરોડા પાડ્યા હતા. 12 કલાક ચાલેલી શોધખોળ બાદ ગ્રુપના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકીની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન EDએ કોર્ટમાં જણાવ્યું હતું કે યુનિવર્સિટી અને તેના નિયંત્રણ હેઠળના ટ્રસ્ટે ખોટી માન્યતા અને ઓળખના દાવા કરીને વિદ્યાર્થીઓ અને વાલીઓને છેતર્યા હતા. આ રીતે 415.10 કરોડ રૂપિયાની આવક મેળવી. રોકડ, ડિજિટલ ઉપકરણો અને નાણાકીય દસ્તાવેજો જપ્ત: EDએ જણાવ્યું કે દિલ્હી બ્લાસ્ટ બાદ અલ-ફલાહ ગ્રુપના ઘણા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા. જ્યાંથી રોકડ, ડિજિટલ ઉપકરણો અને નાણાકીય દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા. EDનો આરોપ છે.

## RAC બર્થ મળવા પર રેલવે આંશિક ભાડું પરત કરે: સંસદીય સમિતિએ કહ્યું-સુપરફાસ્ટ ટ્રેનોનો બેન્ચમાર્ક બદલો.....

નવી દિલ્હી, તા.05

સંસદીય સમિતિએ મંગળવારે જણાવ્યું હતું કે RAC કેટેગરી હેઠળ બુક કરાયેલી ટિકિટો માટે મુસાફર પાસેથી પૂરેપૂરું ભાડું લેવું યોગ્ય નથી. સમિતિએ રેલ મંત્રાલયને સૂચન કર્યું કે રેલ મંત્રાલયે આવા મુસાફરને આંશિક ભાડું પરત કરવા માટે નિયમો બનાવવા જોઈએ. વર્તમાન નિયમ હેઠળ, રેલવે RAC કેટેગરી હેઠળ ટ્રેનોમાં બર્થ બુક કરવા માટે મુસાફર પાસેથી પૂરેપૂરું ભાડું લે છે. જોકે, મુસાફર RAC કેટેગરીમાં રહી શકે છે અને બર્થ બીજા RAC મુસાફર સાથે શેર કરી શકે છે. બંને મુસાફરો રેલવેને પૂરેપૂરું ભાડું ચૂકવે છે. બીજી તરફ, સુપરફાસ્ટ ટ્રેનોને વર્ગીકૃત કરવા માટે સમિતિએ જણાવ્યું હતું કે તેના માટે 55 કિમી પ્રતિ કલાકની ઝડપનો બેન્ચમાર્ક ખૂબ ઓછો છે. સમિતિએ કહ્યું કે 2007 થી સુપરફાસ્ટ ટ્રેનોના વર્ગીકરણના નિયમોમાં કોઈ ફેરફાર થયો નથી. હાલમાં 55 કિમી/કલાકની



ઝડપવાળી ટ્રેનો સુપરફાસ્ટ ગણાય છે. લેખ લેખા સમિતિ (PAC) એ બુધવારે સંસદમાં રજૂ કરાયેલા તેના અહેવાલ 'ભારતીય રેલવેમાં ટ્રેન સંચાલનમાં સમયની મર્યાદા અને યાત્રાનો સમય' માં જણાવ્યું હતું કે RAC (કેન્સલેશનના બદલે આરક્ષણ) હેઠળની ટિકિટો માટે પૂરો ભાડું લેવું યોગ્ય નથી. આમાં, ચાર્ટ બન્યા પછી પણ મુસાફરોને બર્થની સુવિધા વિના RAC કેટેગરીમાં રહેવું પડે છે. સમિતિએ રેલવેને આવા મુસાફરોને આંશિક ભાડું પરત કરવા અને આ સંબંધમાં લેવાયેલા પગલાં વિશે તેને જાણ કરવા વિનંતી કરી. સમિતિએ ભારતીય રેલવેમાં સુપરફાસ્ટ ટ્રેનોના નિયમોની સમીક્ષા કરવાની જરૂરિયાત પર ધ્યાન આપવા જણાવ્યું. સમિતિએ જણાવ્યું કે મે 2007માં રેલવેએ નિર્ણય લીધો હતો કે જો કોઈ ટ્રેનની સરેરાશ ગતિ બંને અપ અને ડાઉન દિશાઓમાં, બ્રોડ ગેજ પર ઓછામાં ઓછી 55 કિમી પ્રતિ કલાક અને મીટર ગેજ પર 45 કિમી પ્રતિ કલાક હોય, તો તેને સુપરફાસ્ટ (SF) ટ્રેન ગણવામાં આવશે. સમિતિએ જણાવ્યું કે ઓડિટમાં જાણવા મળ્યું કે કોઈ ટ્રેનને સુપરફાસ્ટ તરીકે વર્ગીકૃત કરવા માટે 55 કિમી પ્રતિ કલાકનો બેન્ચમાર્ક જ ઓછો છે.સમિતિએ જણાવ્યું કે, 2007 થી SF ટ્રેનોના વર્ગીકરણના માપદંડોમાં કોઈ ફેરફાર થયો નથી. આ ઉપરાંત 478 સુપરફાસ્ટ ટ્રેનોમાંથી 123 સુપરફાસ્ટ ટ્રેનોની નિર્ધારિત ગતિ 55 કિમી પ્રતિ કલાકથી ઓછી છે. પોતાના જવાબમાં મંત્રાલયે સમિતિને જણાવ્યું કે સુપરફાસ્ટ તરીકે વર્ગીકૃત કરાયેલી 123 ટ્રેનોની યાદીની તપાસ કરતા જાણવા મળ્યું કે વર્તમાન આંકડાઓ અનુસાર 47 ટ્રેનોની ગતિ 55 કિમી પ્રતિ કલાકથી વધુ છે.

## કેન્દ્રને કહ્યું- વાંગચુકની અટકાયત પર વિચાર કરો : સુપ્રીમ કોર્ટ

### દલીલો ઉપરાંત પણ વિચારો, તેમની તબિયત સારી નથી, જેલમાં 5 મહિના થઈ ગયા છે

નવી દિલ્હી, તા.05

સુપ્રીમ કોર્ટે બુધવારે કેન્દ્ર સરકારને કહ્યું કે તે ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકને NSA હેઠળ અટકાયતમાં રાખવાના તેના નિર્ણય પર ફરીથી વિચાર કરે. જસ્ટિસ અરવિંદ કુમાર અને પી બી વરાલેની બેન્ચે કહ્યું કે વાંગચુકનો હેલ્થ રિપોર્ટ સારો નથી. કોર્ટે કેન્દ્ર વતી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજને આ મામલે વિચાર કરવા જણાવ્યું. ખરેખરમાં, 24 સપ્ટેમ્બર 2025ના રોજ લેહમાં થયેલી હિંસા ભડકાવવાના આરોપમાં 26 સપ્ટેમ્બરે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ વાંગચુકને પોલીસે અટકાયતમાં લીધા હતા. ત્યારથી તેઓ જોધપુર જેલમાં છે. આ ઘટનામાં ચાર લોકોના મોત થયા અને 161 લોકો ઘાયલ થયા. આખરે આ તેમના (વાંગચુક) ઉશ્કેરણીજનક ભાષણ, ઉશ્કેરણી અને લોકોને ઉશ્કેરવાનું પરિણામ હતું. કોઈ વ્યક્તિનું હિંસામાં સીધું સામેલ હોવું જરૂરી નથી. જો તેમાં લોકોના એક સમૂહને પ્રભાવિત કરવાની ક્ષમતા હોય, તો તે જ નિવારક અટકાયત માટે પૂરતો આધાર છે.

રાજ્ય સરકારે આદેશને મંજૂરી આપવી પડે છે, પછી હાઈકોર્ટના એક પૂર્વ જજની અધ્યક્ષતાવાળો સલાહકાર બોર્ડ એક વિસ્તૃત રજૂઆત સાંભળે છે. સલાહકાર બોર્ડના આદેશ પછી પણ રાજ્ય સરકાર પાસે અટકાયત ચાલુ રાખવા અથવા રદ કરવાનો સ્વતંત્ર અધિકાર હોય છે. અટકાયતના આદેશને રાજ્ય સરકારે 3 ઓક્ટોબર 2025ના રોજ મંજૂરી આપી હતી. મંજૂરી આદેશ અથવા રાજ્ય સરકારના પુષ્ટિ આદેશને કોઈ પડકારવામાં આવ્યો નથી. પડકાર ફક્ત અટકાયતને છે. સલાહકાર બોર્ડ જોધપુર ગયું હતું, વાંગચુકે કાર્યવાહીમાં ભાગ લીધો હતો, તેમણે એક રજૂઆત કરી હતી. તેમને આપી શકાય તેવી તકોનો ઈનકાર કરવામાં આવ્યો ન



હતો. તમામ પાસાઓની તપાસ કર્યા પછી, સલાહકાર બોર્ડે એક અહેવાલ આપ્યો છે.

NSAનો હેતુ કોઈ વ્યક્તિને રાજ્ય/જાહેર વ્યવસ્થાની સુરક્ષા માટે હાનિકારક કામ કરતા રોકવાનો છે. અટકાયત માત્ર નિવારક છે, દંડાત્મક સ્વભાવની નથી. આ કિસ્સામાં કલમ 5A લાગુ પડશે કારણ કે સ્વતંત્ર આધાર અસ્તિત્વમાં છે.

રાષ્ટ્રીય સુરક્ષા કાયદો (NSA) નિવારક અટકાયતનો કાયદો છે. જો વહીવટીતંત્રને આશંકા હોય કે કોઈ વ્યક્તિ દેશની સુરક્ષાને નુકસાન પહોંચાડી શકે છે, તો આ કાયદા હેઠળ તેને કોઈપણ ફોજદારી મુકદમા વિના અટકાયતમાં લઈ શકાય છે. અટકાયતનો આદેશ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશનર દ્વારા જારી કરવામાં આવે છે. તેને ચાર્જશીટ વિના અને ટ્રાયલ વિના પણ અટકાયતમાં રાખી શકાય છે, કારણ કે આ સજા નહીં પરંતુ નિવારક પગલું માનવામાં આવે છે. અટકાયત પછી 5 દિવસ, કેટલાક કિસ્સાઓમાં 10 દિવસની અંદર તેનું કારણ જણાવવું પડે છે. કેસને 3 અઠવાડિયાની અંદર એડવાઈઝરી બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવે છે. જો બોર્ડ તેને યોગ્ય ઠેરવે તો જ અટકાયત આગળ ચાલુ રહે છે. જો નવો આદેશ ન હોય તો અટકાયત વધુમાં વધુ 12 મહિના સુધી રહી શકે છે. આ પછી વ્યક્તિને મુક્ત માનવામાં આવે છે. અટકાયતમાં લેવાયેલ વ્યક્તિ હેબિયસ કોર્પસ અરજી દ્વારા હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ જઈ શકે છે. જો કોર્ટને લાગે કે આદેશ કાયદા વિરુદ્ધ, મનસ્વી અથવા પ્રક્રિયામાં ગડબડ છે, તો તે અટકાયત રદ કરી શકે છે. સોનમ વાંગચુક વિરુદ્ધ NSA હેઠળ અટકાયતનો આદેશ 26 સપ્ટેમ્બર 2025ના રોજ જારી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્ય સરકારે નિર્ધારિત સમય મર્યાદામાં આદેશને મંજૂરી આપી. સલાહકાર બોર્ડે પણ પોતાનો અહેવાલ સરકારને સુપરત કર્યો છે. કાયદા મુજબ, જ્યાં સુધી અટકાયતના 12 મહિના પૂરા ન થાય, સરકાર અટકાયત પાછી ન ખેંચે અથવા કોર્ટ આદેશ રદ ન કરે, ત્યાં સુધી અટકાયત ચાલુ રહી શકે છે. કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે સોનમ વાંગચુકને એટલા માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા કારણ કે તેઓ પાકિસ્તાન અને ચીન સરહદે આવેલા સંવેદનશીલ બોર્ડર વિસ્તારમાં લોકોને ભડકાવી રહ્યા હતા. જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ પી.બી. વરાલેની બેન્ચ લદ્દાખ હિંસા સંબંધિત કેસમાં વાંગચુકની ધરપકડ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી.



# રેપિસ્ટ આસારામનું અમદાવાદનું સરનામું વિખાઈ જશે: 500 કરોડની જમીન પર બનેલા આશ્રમ પર બૂલડોઝર ફરી વળશે

**અમદાવાદ, તા.05**

રેપિસ્ટ આસારામનું અમદાવાદનું સરનામું હવે વિખાઈ જશે. 500 કરોડની જમીન પર બનેલા આશ્રમ પર બૂલડોઝર ફરી વળશે. જીહા સાબરમતીના કાંઠે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ પાસે મોટેરામાં આસારામ આશ્રમની 45,000 ચો.મીથી વધુ જમીન પાછી લેવા હાઇકોર્ટે રાજ્ય સરકારને મંજૂરી આપી દીધી છે.



ગુજરાત હાઈકોર્ટે આસારામ આશ્રમ પાસેથી 45,000 ચોરસ મીટરથી વધુ વિસ્તારની જાહેર જમીન પાછી લેવા રાજ્ય સરકારના પગલાને યોગ્ય ઠેરવેલ છે. વિવાદિત જમીન અમદાવાદના મહત્વના સ્થળે આવેલી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલા મોટેરાએ શહેરના રમતગમત અને શહેરી ભવિષ્યના કેન્દ્રબિંદુ તરીકે સ્થાન મેળવી લીધું છે. અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે તૈયારીઓ કરી રહ્યું છે અને લાંબા ગાળે ઓલિમ્પિક્સ માટેના સપનાઓ પોષી રહ્યું છે ત્યારે આ જમીન પાછી મળવી મહત્વપૂર્ણ છે. કોર્ટ સમક્ષ રાજ્ય સત્તાવાળાઓએ એક મજબૂત હકીકત આધારિત રજૂ કરી હતી કે દાયકાઓ પહેલાં માત્ર મર્યાદિત ધાર્મિક ઉપયોગ માટે આપવામાં આવેલી જમીન ધીમે ધીમે તેની કાયદેસર સીમાઓને પાર કરતી ગઈ હતી. જમીન ફાળવણી સાથે જોડાયેલી શરતો સ્પષ્ટ હતી કે તેમાં કોઈ વ્યાવસાયિક પ્રવૃત્તિ નહીં થાય, કોઈ અનધિકૃત બાંધકામ નહીં થાય અને જરૂરી મંજૂરીઓનું કડક પાલન કરવામાં આવશે. તેમ છતાં તપાસ દરમિયાન ફાળવેલી જમીન કરતાં ઘણી વધારે જમીન પર વ્યાપક બાંધકામ અને કબજો થયેલો હોવાનું બહાર આવ્યું હતું. રાજ્યના કેસને વધુ વજન આપતી બાબત એ હતી કે આશ્રમે જાતે જ વારંવાર અનધિકૃત બાંધકામને નિયમિત કરવાની અરજીઓ કરી હતી. રાજ્ય સરકાર તરફથી હાજર થયેલા મુખ્ય સરકારી વકીલ જી.એચ.વિર્કે દલીલ કરી હતી કે આ કોઈ અચાનક લેવામાં આવેલ પગલું કે વહીવટી અતિશયતા નથી. પરંતુ ન્યાયસંગત, ધીરજ યુક્ત નિર્ણય પ્રક્રિયાનું પરિણામ છે. તેમણે કહ્યું કે આશ્રમને કાયદેસર જરૂરી કરતાં પણ વધુ વખત નોટિસ આપવામાં આવી, એક પછી એક સુનાવણીઓ આપવામાં આવી છે. રાજ્ય સરકારે એ પણ સ્પષ્ટ કર્યું કે જાહેર જમીનને ઈંચે ઈંચે અતિક્રમણ કરીને પછી તેને કાયદેસર બનાવવાનો પ્રયાસ સ્વીકાર્ય હોઈ શકે નહીં.

જમીનના દુરુપયોગ અંગે જાહેર ચિંતા વધતાં સત્તાવાળાઓએ પણ પગલાં લીધા હતા. તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મોટેરા સ્થિત આશ્રમમાં આવેલી 30થી વધુ ગેરકાયદેસર રચનાઓને નિયમિત કરવાની અરજીઓને નામંજૂર કરી દીધી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે ખાસ કરીને આવા સંવેદનશીલ શહેરી વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામને કાયદેસર બનાવી શકાય નહીં. હાઈકોર્ટના આ ચુકાદા બાદ લાંબા સમયથી કાનૂની ગૂંચવણમાં અટવાયેલી વિશાળ જમીન હવે રાજ્ય સરકારના નિયંત્રણમાં પાછી આવવાની દિશામાં છે.

500 કરોડની જમીન પર બનેલા આસારામ આશ્રમમાં 32 જેટલાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવેલાં છે, જેને દૂર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નોટિસ આપી હતી. ત્યારે 21 જાન્યુઆરી, 2026એ AMCએ આશ્રમની ઈમ્પેક્ટ ફીની અરજી નામંજૂર કરી હતી અને એપેલેટ ઓથોરિટીમાં કેસનો નિકાલ લાવવા સૂચના આપી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલી નોટિસને લઈને આશ્રમ દ્વારા ઈમ્પેક્ટ ફીમાં મંજૂરીમાં મૂકવામાં આવી હતી, જેને મ્યુનિસિપલ કોર્પોરેશને નામંજૂર કરી હતી. કોર્ટની એપેલેટ ઓથોરિટી સમક્ષ આ કેસ મૂકવામાં આવ્યો હતો.

જેમાં 21 જાન્યુઆરીએ મળેલી લીગલ કમિટીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી વકીલની નિમણૂક કરી તાત્કાલિક આ કેસનો નિકાલ લાવવા માટેની સૂચના આપવામાં આવી હતી.

### કટરથી પતરા કાપી ડ્રાઈવરને બહાર કાઢ્યો

# SG હાઈવે પર BRTS બ્રિજના પીલર અથડાઈ, લોકો ફાયરને કોલ કરવાની જગ્યાએ વીડિયો ઉતારી રહ્યાં હતાં

**અમદાવાદ, તા.05**

અમદાવાદના એસ. જી. હાઈવે પર સોલા સિવિલ હોસ્પિટલ નજીક આજે (5 ફેબ્રુઆરી) વહેલી સવારે બીઆરટીએસ બસનો અકસ્માત થયો હતો. બેફામ સ્પીડે જતી બીઆરટીએસ બસના ચાલકે એસ. જી. હાઈવે પરના બ્રિજના પીલ્લર સાથે જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે બસ ડ્રાઈવર બસની આગળના ભાગમાં ફસાઈ ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ફાયરની ટીમે એક કલાકની ભારે જહેમત બાદ ડ્રાઈવરને સહી સલામત બહાર કાઢવામાં આવ્યો હતો. ડ્રાઈવરને પગમાં ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. કેવી રીતે અકસ્માત સર્જાયો તે અંગે હાલ તપાસ કરવામાં આવી રહી છે.

ફાયર બ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ, સવારે 6:30 વાગ્યાની આજુબાજુ ફાયર બ્રિગેડ કન્ટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે એસજી હાઈવે પર સોલા સિવિલ હોસ્પિટલ નજીક બસનો અકસ્માત થયો છે, જેથી થલતેજ ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે પીલ્લર સાથે અથડાઈ હતી અને ડ્રાઈવર ફસાઈ ગયો હતો અને ખૂબ જ ગંભીર સ્થિતિ હતી. ડ્રાઈવરને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે કટર અને અન્ય સાધનોની મદદ લેવામાં આવી હતી. ડ્રાઈવરનો પગ એક્સીલેટર અને બ્રેકની વચ્ચે ફસાઈ ચુક્યો હતો, જેથી ત્યાં પહોંચવામાં ખૂબ સમય લાગતો હતો.



ફાયર બ્રિગેડની ટીમે કટરના સાધનોની મદદથી આસપાસનો ભાગ કાપી અને ડ્રાઈવરને સહી સલામત બહાર કાઢી લેવામાં આવ્યો હતો અને સારવાર અર્થે હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો હતો. 15 જેટલા ફાયરના જવાનો દ્વારા એક કલાકની જહેમત બાદ ડ્રાઈવરને સહી સલામત બહાર કાઢી શકાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે, બસની આગળનો આખો ભાગ દબાઈ ગયો હતો અને ખૂબ મોટું નુકસાન સર્જાયું હતું.

જય પટેલ નામના સ્થાનિક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે, એસજી હાઈવે પર સોલા સિવિલ નજીક બ્રિજની નીચે કડિયા કામ કરું છું અને અહીંયા જ સૂતો હતો. અચાનક જ જોરથી બસ બ્રિજના પીલ્લર સાથે અથડાઈ હતી. જોરદાર ટક્કરનો અવાજ આવ્યો હતો એટલે હું દોડીને તરત ત્યાં ગયો હતો. બસના આગળનો ભાગ તૂટી ગયો અને કાચ વેર-વીખેર થઈ ગયા હતા. મેં દરવાજો ખોલવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ડ્રાઈવર ફસાઈ ગયો હતો. તેમને મેં સાંત્વના આપી હતી કે, અમે તમને બચાવી લઈશું. બાદમાં પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

# અમદાવાદમાં BRTS ટ્રેક પર ગાય-વાછરડા ભરેલી ગાડીનો અકસ્માત

## બેફામ સ્પીડે ડિવાઈડર-પોલ તોડ્યા, એરબેગ ખુલીને ત્રણેય કારમાંથી ફરાર, એકને સ્થાનિકોએ ઝડપ્યો

**અમદાવાદ, તા.05**

અમદાવાદના વાસણા ચંદ્રનગર BRTS બસ ટ્રેકમાં ગાય-વાછરડા લઈને જતી કારનો અકસ્માત થયો હતો. BRTS ટ્રેકમાં બેફામ સ્પીડે જતી ગાડીએ અકસ્માત સર્જ્યો હતો. જેમાં BRTS ટ્રેકના દરવાજા, લાઈટના પોલ તેમજ ડિવાઈડર સહિતની જગ્યાઓને નુકસાન થયું હતું. અકસ્માત બાદ કાર ઊભી રહી ગઈ હતી અને એરબેગ ખુલી ગઈ હતી જેમાં કારમાંથી ત્રણ શખસ ભાગી ગયા હતા જ્યારે એક વ્યક્તિને સ્થાનિક લોકોએ ઝડપી પાડ્યો હતો. લોકોએ ગાડીમાં જોતા તેમાં ગાય-વાછરડાં ભરેલા હતા, જેથી તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.



એન ડિવિઝન એસીપી એસ.એમ પટેલે જણાવ્યું હતું કે ચંદ્રનગર BRTS બસ કોરિડોરમાં અકસ્માત અંગે પોલીસ કંટ્રોલ રૂમને માહિતી મળતા પાલડી પોલીસને જાણ કરાઈ હતી. કાર ચાલકે અકસ્માત સર્જતા BRTSનું કોરિડોર અને CCTVને નુકસાન થયું છે. કારમાંથી 3 ગાય અને એક વાછરડું મળી આવ્યું હતું. દાણીલીમડાના નાસિર ખ્રિસ્તિએ બારેજાથી ગાયો મોકલી હતી. ઈમરાન અને એઝાઝ નામના બે યુવકો પણ તેની સાથે ગાડીમાં હતા. જે ફરાર થઈ ગયા હતા. આ મામલે પાલડી પોલીસે ગુનો નોંધીવામાં આવ્યો છે અને અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

મોડી રાત્રે વાસણા વિસ્તારમાં આવેલા ચંદ્રનગર BRTS ટ્રેકમાં જોરદાર અકસ્માત થયો હતો. વાછરડા લઈને જતી કારના ચાલકે બેફામ સ્પીડે BRTS ટ્રેકમાં ગાડી ચલાવી હતી લગભગ 100થી વધારેની સ્પીડમાં ગાડી હતી, તે દરમિયાન અકસ્માત થયો હતો. જેમાં ગાડી ચંદ્રનગર BRTS બસ સ્ટેન્ડનો દરવાજો તોડી લાઈટના થાંભલા સાથે અથડાઈ હતી. અકસ્માતમાં ડિવાઈડરને પણ નુકસાન થયું હતું. અકસ્માત થતાની સાથે જ ગાડી ઊભી રહી ગઈ હતી.

અકસ્માતનો અવાજ આવતાની સાથે જ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. ગાડીમાં જોતા ખૂબ જ ખરાબ હાલતમાં ચાર જેટલા વાછરડાં ખીચોખીચ રીતે ભરી રાખવામાં આવ્યા હતા. અકસ્માત સર્જાયેલી ગાડીમાંથી ઉતરીને ત્રણ લોકો ભાગી ગયા હતા. જ્યારે એક વ્યક્તિને સ્થાનિક લોકોએ પકડી પાડ્યો હતો. આ ઘટના અંગેની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળ ઉપર પહોંચી ગઈ હતી. પોલીસ દ્વારા હાલ આ સમગ્ર મામલે ગુનો નોંધવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ ગૌરક્ષકો દ્વારા ગૌવંશ લઈ જતી ગાડીનો પીછો કરવામાં આવી રહ્યો હતો ત્યારે કારચાલકે બેફામ સ્પીડે ગાડી ચલાવી હતી અને BRTS ટ્રેકમાં આ અકસ્માત કર્યો હોવાનું હાલ જાણવા મળ્યું છે. ગૌરક્ષકો ગૌવંશની તસ્કરી કરનારા લોકોને પકડવા જતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો અને સમગ્ર બાબત સામે આવી હતી. પોલીસે એક આરોપીની અટક કરી બાકીના આરોપીની તપાસ શરૂ કરી છે.

એન ડિવિઝન એસીપી એસ.એમ પટેલે જણાવ્યું હતું કે ચંદ્રનગર BRTS બસ કોરિડોરમાં અકસ્માત અંગે પોલીસ કંટ્રોલ રૂમને માહિતી મળતા પાલડી પોલીસને જાણ કરાઈ હતી. કાર ચાલકે અકસ્માત સર્જતા BRTSનું કોરિડોર અને CCTV ને નુકસાન થયું છે. કારમાંથી 3 ગાય અને એક વાછરડું મળી આવ્યું હતું.

# સીવીએમ (CVM) યુનિવર્સિટી અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) વચ્ચે MOU સંપન્ન...





**અમદાવાદ, તા.05**

ચારુતર વિદ્યા મંડળ (CVM) યુનિવર્સિટી દ્વારા નવી શિક્ષણ નીતિ (NEP 2020) અને 'વિકસિત ભારત'ના વિઝનને અનુરૂપ વિદ્યાર્થીઓને સંશોધન, વિકાસ અને ઔદ્યોગિક તાલીમ ક્ષેત્રે બહોળી તકો પૂરી પાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ કડીમાં તાજેતરમાં વિવિધ ક્ષેત્રના 30થી વધુ ઉદ્યોગો સાથે MoU કર્યા બાદ, સીવીએમ યુનિવર્સિટીએ 4 ફેબ્રુઆરીના રોજ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) સાથે MoU કર્યા છે. આ MoU પર NDDBના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર એસ. રાજીવ અને સીવીએમ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને ડીન (એકેડેમિક્સ) પ્રો. ડો. સંદીપ વાલિયા દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે NDDBના ચેરમેન ડો. મીનેશ શાહ, ચારુતર વિદ્યામંડળના ચેરમેનમ અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભિખુભાઈ પટેલ, સીવીએમના માનદ સહ મંત્રી મેહુલ પટેલ અને યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડો.) ઈન્દ્રજિત પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ MoU અંગે પ્રોફેસર ડો. ઈન્દ્રજીત પટેલે જણાવ્યું હતું કે બંને સંસ્થા સાથે મળી રિયલ વર્ક પ્રોબ્લેમ જોઈન્ટ રીસર્ચ અને કલ્ચરલ પ્રોજેક્ટ ઉપર કામ કરશે. આ MoU સીવીએમ યુનિવર્સિટીએ નવી શિક્ષણનીતિ 2020 અંતર્ગત ઔદ્યોગિક એકમો, રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોર્પોરેટ અને વૈશ્વિક યુનિવર્સિટી સાથે જોડાણ થઈ શકે તે માટે પહેલ કરી છે. એનડીડીબી સાથે આ એમઓયુ અંતર્ગત શ્રી સરદાર પટેલ શ્રી ત્રિભુવનદાસ પટેલના ગ્રામસ્વરાજ, ગ્રામોદ્ધાર અને યુવાઉત્થાનની પ્રવૃત્તિને વેગ મળે તે માટેના કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. સીવીએમના તજજ્ઞો દ્વારા એનડીડીબીના સ્ટાફ માટે જરૂરી તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવશે અને એ જ રીતે એનડીડીબીના તજજ્ઞો દ્વારા વિધાર્થીઓને, અધ્યાપકોને પ્રોફેશનલ કારકીર્દીમાં સહકાર આપવામાં આવશે. બંને સંસ્થાએ સાથે મળી MoU વૈશ્વિક લેવલે લઈ જવા માટે પરસ્પર સમજૂતી દર્શાવવામાં આવી હતી. જે બદલ ગવર્નિંગ બોડી તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો દ્વારા ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભિખુભાઈ પટેલે જણાવ્યું હતું કે NDDB સાથેના આ વ્યૂહાત્મક MoUથી વિદ્યાર્થીઓને ટૂંકા અને લાંબા ગાળાની ઈન્ડસ્ટ્રિયલ ઈન્ટર્નશિપ દ્વારા વાસ્તવિક ફિલ્ડ એક્સપોઝર અને જ્ઞાન પ્રાપ્ત થશે. આ MoU એકેડેમિયા-ઈન્ડસ્ટ્રી ભાગીદારીને વધુ મજબૂત બનાવશે, જેના પરિણામે સંયુક્ત સંશોધન, તાલીમ કાર્યક્રમો, ઔદ્યોગિક મુલાકાતો, નિષ્ણાતોના વ્યાખ્યાનો અને કન્સલ્ટન્સી જેવી પ્રવૃત્તિઓને વેગ મળશે. આ MOU દ્વારા બંને સંસ્થાઓના નિષ્ણાતો અને સંસાધનોના સમન્વયથી એન્જિનિયરિંગ, ટેકનોલોજી, સાયન્સ, કોમર્સ, મેનેજમેન્ટ અને લો જેવા વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ લાયકાત ધરાવતું માનવબળ તૈયાર થશે, જે સીધી રીતે વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટની ગુણવત્તા અને સંખ્યામાં પણ વધારો કરશે.

ડો. મીનેશ શાહે જણાવ્યું હતું કે આ MoUને વેગવંતુ બનાવવા માટે જે જરૂરીયાત હશે તેને પૂરી પાડશે. આ ઉપરાંત તેમના દ્વારા સીવીએમ યુનિવર્સિટીના તજજ્ઞો, વિધાર્થીઓ, અધ્યાપકોને વધુ અભ્યાસ અર્થે સ્પોન્સર કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી. એનડીડીબી અને એનડીડીબી અંતર્ગત સંસ્થાઓ દ્વારા સાથે મળીને સંશોધન પ્રોજેક્ટ, પાયાની સંશોધન પ્રવૃત્તિઓ, પ્રોસેસ અને પ્રોડક્ટ ઈમ્પ્રુવમેન્ટ ઉપરાંત ક્વોલિટી પેરામીટર્સ પર ભાર મૂકવામાં આવશે. બંને સંસ્થાએ સાથે મળી MoU વૈશ્વિક લેવલે લઈ જવા માટે પરસ્પર સમજૂતી દર્શાવવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન પ્રોવોસ્ટ ડો. ઈન્દ્રજિત પટેલે ચારુતર વિદ્યા મંડળના વિઝન અને શૈક્ષણિક સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી, જ્યારે મેહુલ પટેલે યુનિવર્સિટીની ભાવિ દિશા વિશે ચર્ચા કરી હતી. સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જી. ભિખુભાઈ પટેલે ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચે સેતુ બાંધતા આ MoUને બિરદાવ્યા હતા. બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા યુનિવર્સિટીની ગવર્નિંગ બોડીના માર્ગદર્શન હેઠળ પ્રતિષ્ઠિત ઉદ્યોગો સાથે MOU કરવાના આ પ્રયાસો બદલ પ્રો. (ડો.) દર્શક દેસાઈ, મિનેષ અમીન અને સમગ્ર યુનિવર્સિટી ટીમની પ્રશંસા કરવામાં આવી હતી.

# AMC બજેટમાં વિવાદ: કતલખાના માટેની ₹32 કરોડની જોગવાઈનો ભારે વિરોધ, આખરે પાલિકાએ નિર્ણય પાછો ખેંચ્યો

**અમદાવાદ, તા.05**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વર્ષ 2026-27નું 17,108 કરોડનું ભવ્ય ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. જોકે, આ બજેટમાં વિકાસના કામો કરતા એક ખાસ જોગવાઈએ રાજકીય ગરમાવો લાવી દીધો હતો. નવા અદ્યતન સ્લોટર હાઉસ (કતલખાના) માટે ફાળવવામાં આવેલા 32 કરોડનો ખુદ શાસક પક્ષ ભાજપે ઉગ્ર વિરોધ કરતા, અંતે પાલિકાએ આ નિર્ણય પાછો ખેંચવાની જાહેરાત કરી છે.

ગઈકાલે કમિશનર દ્વારા બજેટ રજૂ થયા બાદ મેયરના બંગલે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. જેમાં મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, ધારાસભ્યો અને સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા. બજેટમાં દક્ષિણ ઝોનના શાહવાડી-બહેરામપુરા વિસ્તારમાં નવા હાઈટેક સ્લોટર હાઉસની દરખાસ્ત જોઈને ભાજપના નેતાઓ રોષે ભરાયા હતા.



ભાજપના નેતાઓએ આકરા શબ્દોમાં વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે, ' મૂંગા પશુઓના વધ માટે સ્લોટર હાઉસનું બજેટ ફાળવવામાં આવે તે કદાપિ સહન કરી શકાય નહીં. અમે આ નિર્ણય સાથે જરાય સંમત નથી.' પક્ષના દબાણ અને લોકલાણીને માન આપીને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને આ દરખાસ્ત રદ કરવાની બાંહેધરી આપી હતી.

બજેટમાં સૂચિત આ પ્રોજેક્ટ અત્યંત આધુનિક બનાવવાની યોજના હતી.જેમાં ટી.પી. 32 (શાહવાડી - બહેરામપુરા) ખાતે અંદાજે 15,882 સ્ક્વેર મીટર જગ્યા ફાળવવાની દરખાસ્ત હતી.જેમાં પશુઓ માટે 24x7 ડોક્ટર, એન્ટીમોર્ટમ રૂમ, ચિલિંગ ફેસિલિટી અને એસી વાહનોની વ્યવસ્થા કરાશે તેવી માહિતી અપાઈ હતી. દરખાસ્તમાં બ્લડ ટ્રીટમેન્ટ માટે રેન્ડરિંગ પ્લાન્ટ અને એફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ETP)ની પણ જોગવાઈ હતી.આ સ્લોટર હાઉસ સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ આધુનિક સુવિધા ઊભી કરવાની યોજના હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ રજૂઆત કરી હતી કે, એસ.ટી. સ્ટેન્ડ પાસેનું વર્તમાન સ્લોટર હાઉસ પીપળજ બાજુ શિફ્ટ કરવું જોઈએ અને ત્યાં નાગરિકો માટે પાર્ટી પ્લોટ બનાવવો જોઈએ. જોકે, આ મુદ્દાને હવે ભાજપે પશુ હિંસા સાથે જોડીને પ્રોજેક્ટ પર બ્રેક લગાવી દીધી છે. અમદાવાદના વિકાસ માટે 17 હજાર કરોડથી વધુનું બજેટ ફાળવાયું હોવા છતાં, 'સ્લોટર હાઉસ' મુદ્દે થયેલા વિવાદે આખા બજેટમાં સૌથી વધુ ચર્ચા જગાવી છે. હાલ પૂરતો આ નિર્ણય મોકૂફ રાખવામાં આવતા રાજકીય વિવાદ શાંત પડ્યો છે.

# સેવા, સંસ્કાર અને સંવેદનાનો સંગમ: ગોકુલધામ, નાર ખાતે અષ્ટમ પાટોત્સવ અને 24 મો સમૂહ લગ્ન





**અમદાવાદ, તા.05**

સ્વામિનારાયણ ગોકુલધામ,નાર ખાતે આજે અષ્ટમ પાટોત્સવ અને 24 મો સમૂહ લગ્ન સમારંભ ભવ્ય રીતે યોજાયો. આ પ્રસંગે દિવ્યાંગ તથા માતા-પિતા વિહોણી 51 દીકરીઓના સમૂહ લગ્ન સંપન્ન થયા, જે સમાજમાં કરુણા, સહકાર અને સંવેદનાનું જીવંત ઉદાહરણ બન્યા. સાથે જ આત્મનિર્ભરતા હેતુથી 25 વિધવા તથા ત્યક્તા બહેનોને સિલાઈ મશીનોનું વિતરણ કરવામાં આવ્યું. ગોકુલધામ દ્વારા અત્યાર સુધીમાં 23 સમૂહ લગ્ન દ્વારા કુલ 684 દીકરીઓનું કન્યાદાન કરવામાં આવ્યું છે, જે સંસ્થાની દીર્ઘકાલીન સેવાભાવનાનો દ્રઢ પુરાવો છે.

આ પાવન પ્રસંગે ઉપસ્થિત સંત-મહાત્માઓએ ગોકુલધામ દ્વારા વર્ષોથી ચલાવવામાં આવતી દિવ્યાંગજન સેવા, અનાથ અને વંચિત દીકરીઓના સમૂહ લગ્ન, વિધવા-ત્યક્તા બહેનોના પુનર્વસન, આરોગ્ય, શિક્ષણ અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓની પ્રસંશા કરી અને જણાવ્યું કે આવી સેવાપ્રવૃત્તિઓ સમાજને સાચી દિશા આપે છે સાથે જ સેવાનું મહત્વ સમજાવી નવયુગલોને સુખી, સંસ્કારી અને સહયોગી દાંપત્ય જીવન માટે હૃદયપૂર્વક આશીર્વાદ પાઠવ્યા.

આ ભવ્ય આયોજનમાં ગુરુવર્ય મોહનસ્વામી, પ.પૂ. નૌતમ સ્વામી, પ.પૂ. સંતવલ્લભદાસ સ્વામી, પ.પૂ. હરિપ્રકાશદાસજી સ્વામી, પ.પૂ. શુકદેવપ્રસાદદાસજી સ્વામી, પ.પૂ. હરિકેશવદાસજી સ્વામી સહિત અનેક સંતમહાત્માઓની પાવન ઉપસ્થિતિ રહી. દેશ-વિદેશથી મોટી સંખ્યામાં હરિભક્તોએ હાજરી આપી કાર્યક્રમને દિવ્ય બનાવ્યો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મંત્રીશ્રી રમણભાઈ સોલંકી, કમલેશભાઈ પટેલ તેમજ સોજિત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા અને નવયુગલોને આશીર્વાદ પાઠવ્યા. જળયાત્રા, અન્નકૂટ, મહાયજ્ઞ સહિતના ધાર્મિક કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણ સેવાભાવ અને સંસ્કારોથી પરિપૂર્ણ બન્યું.

# રખિયાલમાં ધોળા દિવસે યુવક પર તલવારથી જીવલેણ હુમલો, ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો

**અમદાવાદ, તા.05**

શહેરના રખિયાલ વિસ્તારમાં બુધવારે ધોળા દિવસે એક યુવક પર તીક્ષ્ણ હથિયારો વડે જીવલેણ હુમલો કરવામાં આવતા સ્થાનિકો અને રાહદારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના અજીત મિલ ચાર રસ્તા પાસે મણિયાર ટેલર કંપની નજીક જાહેર રોડ પર બની હતી. પ્રાથમિક વિગતો મુજબ, હુમલાખોરોએ તલવારો અને અન્ય ઘાતક હથિયારો વડે યુવક પર ઘાતક હુમલો કર્યો હતો. નવાઈની વાત એ છે કે, હુમલાખોરોએ પોલીસને ખુલ્લેઆમ પડકાર ફેંકી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. ભરચક વિસ્તારમાં અચાનક થયેલા આ હિંસક હુમલાને કારણે નાસભાગ મચી ગઈ હતી અને આસપાસના લોકો જીવ બચાવવા દોડતા જોવા મળ્યા હતા. આ હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી, તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ડોક્ટરોના જણાવ્યા મુજબ હાલ યુવકની હાલત અત્યંત નાજુક છે.

ઘટનાની જાણ થતા જ રખિયાલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. હુમલાખોરોની ઓળખ કરવા અને ઘટનાક્રમને સમજવા માટે આસપાસની કંપનીઓ અને દુકાનોના સીસીટીવી (CCTV) ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'હુમલા પાછળનો હેતુ અને હુમલાખોરો કોણ હતા તે હજુ સુધી જાણી શકાયું નથી. અમે તમામ પાસાઓ પર તપાસ કરી રહ્યા છીએ.' પોલીસે આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# દાવો- ડોભાલની બેકડોર વાતચીત બાદ અમેરિકી ટ્રેડ ડીલ

## અમેરિકી વિદેશ મંત્રીને કહ્યું હતું- ભારત ઝૂકશે નહીં, ભલે ટ્રમ્પના હટવાની રાહ જોવી પડે

**નવી દિલ્હી, તા.05**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગયા વર્ષે સપ્ટેમ્બરની શરૂઆતમાં ચીન ગયા હતા, જ્યાં તેમણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મૈત્રીપૂર્ણ મુલાકાત કરી હતી. તેના થોડા દિવસો પછી ભારતે અમેરિકા સાથેના બગડતા સંબંધોને સુધારવાના પ્રયાસો તેજ કર્યા.

આ જ સિલસિલામાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલને વોશિંગ્ટન મોકલવામાં આવ્યા. ત્યાં તેમણે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે મુલાકાત કરી. આ માહિતી અમેરિકી મીડિયા બ્લૂમબર્ગે સૂત્રોને ટાંકીને આપી છે.

બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, આ વાતચીતમાં ડોભાલે સ્પષ્ટ કહ્યું કે ભારત અમેરિકા સાથે ચાલી રહેલી કડવાશને સમાપ્ત કરવા માગે છે અને ફરીથી ટ્રેડ ડીલ પર વાતચીત શરૂ કરવા માટે તૈયાર છે. જોકે, ડોભાલે એ પણ સ્પષ્ટ કર્યું કે ભારત કોઈપણ પ્રકારના દબાણમાં આવશે નહીં.

તેમણે કહ્યું કે જો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની ટીમ કડક વલણ અપનાવે છે, તો ભારત વર્તમાન સરકારનો કાર્યકાળ પૂરો થવાની રાહ પણ જોઈ શકે છે. ભારતે આ પહેલા પણ અમેરિકાની મુશ્કેલ સરકારોનો સામનો કર્યો છે.

બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, ડોભાલે એમ પણ કહ્યું હતું કે ભારત ઈચ્છે છે કે ટ્રમ્પ અને તેમના સહયોગીઓ ભારત વિરુદ્ધ જાહેરમાં નિવેદનો આપવાનું બંધ કરે, જેથી સંબંધો ફરી પાટા પર આવી શકે.

તે સમયે ભારત ટ્રમ્પના નિવેદનોથી નારાજ હતું, કારણ કે ઓગસ્ટમાં ટ્રમ્પે ભારતીય સામાન પર 50% ટેક્સ લગાવી દીધો હતો. ટ્રમ્પે ભારતની અર્થવ્યવસ્થાને 'ડેડ' ગણાવી હતી અને આરોપ લગાવ્યો હતો કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદીને યુક્રેન યુદ્ધમાં મદદ કરી રહ્યું છે.




રિપોર્ટ અનુસાર, ડોભાલની આ વાતચીતના થોડા દિવસો પછી પરિસ્થિતિ બદલાતી જોવા મળી. 16 સપ્ટેમ્બરે ટ્રમ્પે પીએમ મોદીને તેમના જન્મદિવસ પર ફોન કર્યો અને તેમના કામની પ્રશંસા કરી. ત્યારબાદ વર્ષના અંત સુધીમાં બંને નેતાઓ વચ્ચે વધુ ચાર વખત ફોન પર વાતચીત થઈ. આ દરમિયાન બંને દેશો ટેક્સ ઘટાડવાના કરાર તરફ આગળ વધતા રહ્યા.

ટ્રમ્પે સોમવારે એટલે કે 2 ફેબ્રુઆરીએ અચાનક સોશિયલ મીડિયા પર જણાવ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ ગઈ છે. આ અંતર્ગત ભારતીય સામાન પર અમેરિકાનો ટેક્સ ઘટાડીને 18% કરી દેવામાં આવ્યો છે. રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર લગાવવામાં આવેલો 25% વધારાનો ટેક્સ પણ હટાવી લેવામાં આવ્યો છે.

ટ્રમ્પે કહ્યું કે તેના બદલામાં ભારત અમેરિકા પાસેથી 500 અબજ ડોલરનો સામાન ખરીદશે, વેનેઝુએલા પાસેથી તેલ લેશે અને અમેરિકી સામાન પરનો ટેક્સ સંપૂર્ણપણે ખતમ કરશે. જોકે, ભારત સરકારે આ બાબતોની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ કરી નથી અને કોઈ લેખિત કરાર પણ સામે આવ્યો નથી. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, આ જાહેરાતથી નવી દિલ્હીમાં ઘણા મોટા અધિકારીઓ પણ ચોંકી ગયા. એટલું જ નહીં, જે લોકો વેપાર વાટાઘાટોમાં સામેલ હતા, તેમને પણ તે દિવસે મોદી અને ટ્રમ્પના કોલ વિશે અગાઉથી જાણકારી નહોતી. રિપોર્ટ અનુસાર, ભારત સતત અમેરિકા સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યું હતું. ડોભાલની સપ્ટેમ્બર મહિનાની મુલાકાત આ જ પ્રયાસનો એક ભાગ હતી. ભારતનું માનવું છે કે અમેરિકા તેના માટે લાંબા ગાળાનો મહત્વપૂર્ણ ભાગીદાર છે અને સંબંધોને વધુ ખરાબ થવા દેવામાં ન આવી શકે. ભારતને લાગે છે કે ચીનનો મુકાબલો કરવા અને 2047 સુધીમાં દેશને વિકસિત બનાવવા માટે અમેરિકાની ટેકનોલોજી, પૈસા અને સૈન્ય સહયોગ ખૂબ જ જરૂરી છે. ભારતીય અધિકારીઓનું કહેવું છે કે ટ્રમ્પ એક અસ્થાયી તબક્કો છે, પરંતુ ભારત-અમેરિકા સંબંધ લાંબા સમયનો છે. રિપોર્ટ અનુસાર, છેલ્લા કેટલાક મહિનામાં બંને દેશોના સંબંધો એટલા માટે પણ ખરાબ થયા હતા કારણ કે ટ્રમ્પે ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ઉકેલવાનો દાવો કર્યો હતો, જેને મોદીએ સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો. આ પછી મોદીએ વ્હાઈટ હાઉસ જવાનો પણ ઈનકાર કરી દીધો અને એક આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ટ્રમ્પને મળવાનું ટાળતા જોવા મળ્યા. ડિસેમ્બરમાં અમેરિકાના નવા રાજદૂત સર્જિયો ગોરના ભારતમાં આગમન પછી સંબંધોમાં ફરીથી સુધારો જોવા મળ્યો. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેના મતભેદો સાચા મિત્રો જેવા છે અને તેમને ઉકેલી લેવામાં આવશે. તેમણે ભારતને અમેરિકાના એક નવા સપ્લાય ચેઈન ગઠબંધનમાં સામેલ કરવાની વાત પણ કરી. રિપોર્ટમાં જણાવાયું છે કે તાજેતરમાં ગોર અને વિદેશ મંત્રી એસ. જયશંકરની મુલાકાતમાં રક્ષા, વેપાર અને ખનિજ જેવા મુદ્દાઓ પર ખુલ્લીને વાત થઈ. નિષ્ણાતોનું માનવું છે કે આનાથી બંને દેશો વચ્ચે છેલ્લા છ મહિનાની કડવાશ હવે સમાપ્ત થતી દેખાઈ રહી છે. આમ છતાં ભારત સંપૂર્ણપણે અમેરિકા પર નિર્ભર રહેવા માંગતું નથી. આ જ કારણોસર ભારતે રશિયા સાથેના સંબંધો મજબૂત રાખ્યા છે અને યુરોપ તથા બ્રિટન સાથે પણ ટ્રેડ ડીલ કરી છે. ભારત અન્ય દેશો સાથે પણ પોતાના આર્થિક સંબંધો વધારી રહ્યું છે. તેમ છતાં અમેરિકા ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ દેશ બની રહ્યું છે. ભારતનો લગભગ પાંચમો ભાગનો નિકાસ અમેરિકા જાય છે. અમેરિકાની મોટી કંપનીઓ ભારતમાં અબજો ડોલરનું રોકાણ કરી રહી છે. જાણકારોનું કહેવું છે કે ભારત અને અમેરિકાને જોડતા મોટા કારણો આજે પણ મજબૂત છે અને આવનારા સમયમાં આ સંબંધ વધુ આગળ વધી શકે છે.

## 'વિપક્ષ PM મોદી સાથે કંઈ પણ કરી દેત': મેં જ તેમને લોકસભામાં ન આવવા વિનંતી કરી

**નવી દિલ્હી, તા.05**

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ગુરુવારે કહ્યું- બુધવારે લોકસભામાં PM મોદી સાથે અણધારી ઘટના બની શકી હોત. તેથી તેમની ગઈકાલે સાંજે 5 વાગ્યે થનારી સ્પીચ ટાળવી પડી. આશંકાને કારણે મેં જ તેમને ન આવવા વિનંતી કરી હતી.

હકીકતમાં, પીએમ મોદી 5 ફેબ્રુઆરીએ લોકસભામાં સાંજે 5 વાગ્યે આભાર પ્રસ્તાવ પર જવાબ આપવાના હતા, પરંતુ વિપક્ષની મહિલા સાંસદોના હોબાળાને કારણે સ્પીકર સંધ્યા રાયે કાર્યવાહી બીજા દિવસ સુધી મુલતવી રાખી. આનાથી પીએમ નરેન્દ્ર મોદીનું સંબોધન પણ ટળી ગયું.

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ કહ્યું- ગઈકાલે લોકસભા અધ્યક્ષની ઓફિસમાં જે બન્યું, તે સદનના ઈતિહાસમાં ક્યારેય બન્યું નથી. જ્યારે સદનના નેતા પીએમ મોદીને રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપવાનો હતો ત્યારે વિપક્ષી સાંસદો વડાપ્રધાનની સીટ પાસે પહોંચીને કોઈ અણધારી ઘટના કરી શકતા હતા. બિરલાએ કહ્યું-



બિરલાએ વિપક્ષી સાંસદોને કહ્યું કે જો તમે પોસ્ટર લઈને આવશો તો સદન ચાલશે નહીં. જે રીતે મહિલા સભ્ય પીએમની સીટ સુધી પહોંચી, તે દેશે જોયું. આ યોગ્ય નહોતું. આ સદનની ગરિમાને અનુકૂળ પણ નહોતું.

સાંજે 5 વાગ્યે જ્યારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ, ત્યારે વિપક્ષની મહિલા સાંસદોએ સત્તાધારી નેતાઓની ખુરશીઓ ઘેરી લીધી. આમાં પીએમ મોદીની ખુરશી પણ હતી. મહિલા સાંસદોના હાથમાં મોટા બેનરો હતા, જેના પર લખેલું હતું- જે સાચું છે, તે કરો.

આ સાંસદો મંગળવારે હોબાળા બાદ 8 વિપક્ષી સાંસદોના સસ્પેન્શનનો વિરોધ કરી રહ્યા હતા. હોબાળાને કારણે સ્પીકરે કાર્યવાહી સ્થગિત કરી દીધી. કેટલાક મંત્રીઓએ વિપક્ષી સાંસદોને જવા કહ્યું, ત્યારબાદ તેમણે ઘેરાવો બંધ કર્યો.

## રેલવેનો મોટો નિર્ણય: જમ્મુ-કાશ્મીરમાં 3 રેલ પ્રોજેક્ટ રોક્યા

### સફરજનના 7 લાખ વૃક્ષો બચાવવાનો પ્રયાસ, સ્થાનિક લોકોએ વાંધો ઉઠાવ્યો હતો

**શ્રીનગર, તા.05**

રેલવે મંત્રાલયે જમ્મુ-કાશ્મીરમાં પ્રસ્તાવિત ત્રણ પરિયોજનાઓ અટકાવી દીધી છે. રેલવેએ ડિસેમ્બર 2023માં કાશ્મીરમાં ત્રણ નવી લાઈનોના સર્વેને મંજૂરી આપી હતી. આ રેલ લાઈનો હતી - સોપોર-કુપવાડા (33.7 કિમી), અવંતીપોરા-શોપિયાં (27.6 કિમી) અને અનંતનાગ-બિજબેહારા-પહેલગામ (77.5 કિમી). જોકે, સ્થાનિક લોકો અને સરકારના વાંધા બાદ સર્વે અટકાવી દેવામાં આવ્યો છે.



જાણવા મળ્યું છે કે, શ્રીનગરથી બારામુલા સુધી એક ટ્રેક છે. પ્રસ્તાવિત ત્રણેય લાઈનો ઘાટીના મુખ્ય બાગાયતી જિલ્લાઓમાંથી પસાર થવાની હતી. જેમાં શોપિયાં, પુલવામા, અનંતનાગનો સમાવેશ થાય છે. ખેડૂતો એટલા માટે વિરોધ કરી રહ્યા હતા કારણ કે અહીં ટ્રેક નાખવાથી 7 લાખથી વધુ સફરજનના વૃક્ષો કાપવામાં આવી શકે છે. આટલી કૃષિ જમીનના નુકસાનથી હજારો પરિવારો સામે આજીવિકાનું સંકટ ઊભું થશે.

કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવનું કહેવું છે કે ત્રણ રેલ પ્રોજેક્ટ જમ્મુ-કાશ્મીર સરકાર અને સાંસદોની ભલામણ બાદ હાલ પૂરતા રોકી દેવામાં આવ્યા છે, જેથી સફરજનના બગીચાઓને નુકસાનથી બચાવી શકાય.

જમ્મુ-કાશ્મીરના સીએમ ઉમર અબ્દુલ્લાનું કહેવું છે કે જો હેતુ પહેલગામના રસ્તે લદ્દાખ અથવા શોપિયાં દ્વારા રાજૌરી અને પુંછને જોડવાનો હોત, તો વિચાર કરી શકતા હતા. રેલ લાઈન આ વિસ્તારોને સ્પર્શીને પસાર થતી. જાણવા મળ્યું છે કે, શ્રીનગરથી બારામુલા સુધી એક ટ્રેક છે. પ્રસ્તાવિત ત્રણેય લાઈનો ઘાટીના મુખ્ય બાગાયતી જિલ્લાઓમાંથી પસાર થવાની હતી. જેમાં શોપિયાં, પુલવામા, અનંતનાગનો સમાવેશ થાય છે. ખેડૂતો એટલા માટે વિરોધ કરી રહ્યા હતા કારણ કે અહીં ટ્રેક નાખવાથી 7 લાખથી વધુ સફરજનના વૃક્ષો કાપવામાં આવી શકે છે. આટલી કૃષિ જમીનના નુકસાનથી હજારો પરિવારો સામે આજીવિકાનું સંકટ ઊભું થશે.

## થરુરના દીકરાને અમેરિકન કંપનીએ છટણીમાં કાઢ્યો: અહીં થરૂર સંસદના પગથિયાં પરથી ગબડ્યા

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર વોશિંગ્ટન પોસ્ટે બુધવારે મોટા પાયે છટણી કરી. આ છટણીમાં વરિષ્ઠ આંતરરાષ્ટ્રીય બાબતોના કોલમિસ્ટ ઈશાન થરૂરનો પણ સમાવેશ થાય છે. ઈશાન થરૂર કોંગ્રેસના સાંસદ શશિ થરૂરના પુત્ર છે. મીડિયા સમૂહ વોશિંગ્ટન પોસ્ટે મોટા પાયે છટણી કરી, અને ઈશાનને પણ કાઢી મૂકવામાં આવ્યા. આ સમાચાર થરૂર પરિવાર માટે બેડ ડે ના દિવસે આવ્યા, જ્યારે થરૂર દિલ્હીમાં સંસદની સીડી પરથી પડી ગયા, અને થોડા સમય પછી, તેમના પુત્રએ યુએસમાં નોકરી ગુમાવી દીધી. કોંગ્રેસના સાંસદ શશી થરૂરનો બુધવાર 4 ફેબ્રુઆરીનો 'બેડ ડે' રહ્યો. તેઓ સંસદના પગથિયાં પર ફોન પર વાત કરતી વખતે પડી ગયા. અખિલેશ યાદવ નજીકમાં ઉભા હતા અને તેમણે ઝડપથી થરૂરને બેઠા કર્યા હતા. થોડા સમય પછી, તેમના પુત્ર માટે ખરાબ સમાચાર આવ્યા. વોશિંગ્ટન પોસ્ટમાં મોટા પાયે છટણી કરવામાં આવી તેમાં થરૂરના પુત્ર ઈશાન થરૂરને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યા. થરૂરે વીડિયો શેર કરતા લખ્યું- જીસ દિયે કો, તુફાં મેં જલના હોગા. ઉસે સંભલ-સંભલ કે ચલના હોગા... થોડા સમય પછી, તેમના પુત્રએ પણ સોશિયલ મીડિયા પર એક ફોટો પોસ્ટ કરીને આ દુઃખદ સમાચાર શેર કર્યા. ઈશાન થરૂરે લખ્યું, 'એક ખરાબ દિવસ. વોશિંગ્ટન પોસ્ટે થરૂરના પુત્રને કાઢી મૂક્યો છે.'

ઈશાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને તેની પુષ્ટિ કરી. તેમણે લખ્યું કે વોશિંગ્ટન પોસ્ટ અને ઈન્ટરનેશનલ ટીમના ઘણા શાનદાર પત્રકારોની સાથે તેમને પણ નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે અને આ ન્યૂઝ રૂમ માટે ખૂબ જ દુઃખદ દિવસ છે.

કંપની છેલ્લા ઘણા વર્ષોથી ખોટમાં ચાલી રહી હતી. આના કારણે લગભગ 30% કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા. આમાં ન્યૂઝરૂમના લગભગ 800



પત્રકારોમાંથી 300થી વધુ લોકોને અસર થઈ છે. આ છટણીમાં સ્પોર્ટ્સ સેક્શન સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યું છે, જોકે કેટલાક રિપોર્ટરો ફીચર્સ ડિપાર્ટમેન્ટમાં શિફ્ટ થઈને સ્પોર્ટ્સનું કલ્ચર કવરેજ ચાલુ રાખશે. લોકલ ન્યૂઝ સેક્શન નાનું થઈ જશે, બુક્સ સેક્શન બંધ થઈ જશે અને ડેઈલી ન્યૂઝ પોડકાસ્ટ 'પોસ્ટ રિપોર્ટ્સ' પણ સમાપ્ત થઈ જશે. એક્ઝિક્યુટિવ એડિટર મેટ મરેએ કર્મચારીઓને કહ્યું કે કંપની છેલ્લા ઘણા વર્ષોથી સતત ખોટ કરી રહી છે અને વાચકોની જરૂરિયાતો પૂરી કરી શકતી નથી. એક્ઝિક્યુટિવ એડિટર મેટ મરેએ સ્ટાફને જણાવ્યું કે આ નિર્ણય પીડાદાયક પરંતુ જરૂરી છે, કારણ કે અખબારને બદલાતી ટેકનોલોજી અને વાચકોની આદતો અનુસાર પોતાને ઢાળવું પડશે. હવે તે દરેક માટે બધું જ રહી શકશે નહીં. મરેએ જણાવ્યું કે હવે અખબારનું ધ્યાન મુખ્યત્વે રાષ્ટ્રીય સમાચારો, રાજકારણ, વ્યવસાય અને સ્વાસ્થ્ય પર વધુ રહેશે, જ્યારે અન્ય ક્ષેત્રોમાં કવરેજ નોંધપાત્ર રીતે ઓછું થઈ જશે.

જે કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે, તેઓ 10 એપ્રિલ સુધી કંપનીમાં રહેશે, જોકે તેમની પાસેથી કામ કરવાની અપેક્ષા રાખવામાં આવશે નહીં. તેમને છ મહિના સુધી સ્વાસ્થ્ય વીમાનો લાભ મળતો રહેશે.

મિડલ ઈસ્ટ, ભારત અને ઓસ્ટ્રેલિયામાં રિપોર્ટરો અને એડિટરોને કાઢી મૂકવામાં આવ્યા છે. કૈરો બ્યુરો ચીફ ક્લેર પાર્કરે X પર લખ્યું કે આખી મિડલ ઈસ્ટ રિપોર્ટિંગ ટીમને કાઢી મૂકવામાં આવી છે, જે સમજવું મુશ્કેલ છે.

યુક્રેનથી યુદ્ધ ક્ષેત્રમાં રિપોર્ટિંગ કરનાર લિઝી જોન્સનને પણ કાઢી મૂકવામાં આવી છે. એક સ્પોર્ટ્સ રિપોર્ટરને ઈટાલીમાં વિન્ટર ઓલિમ્પિક્સ કવર કરતી વખતે છટણીની સૂચના મળી, પરંતુ તેમણે કહ્યું કે તેઓ સ્ટોરી ફાઈલ કરતા રહેશે. કર્મચારીઓને કંપનીની એક મીટિંગ પછી ઈમેલ દ્વારા છટણીની જાણકારી આપવામાં આવી. પૂર્વ કાર્યકારી સંપાદક માર્ટિન બેરને આ નિર્ણયની સખત ટીકા કરતા તેને અખબારની બ્રાન્ડ વેલ્યુને પોતે જ નુકસાન પહોંચાડનારું પગલું ગણાવ્યું. આ છટણી પત્રકાર જગત માટે એક મોટો આંચકો છે. વોશિંગ્ટન પોસ્ટ એમેઝોનના સ્થાપક અને દુનિયાના સૌથી ધનિક વ્યક્તિઓમાંથી એક જેફ બેઝોસની માલિકીનું છે. વોશિંગ્ટન પોસ્ટને છેલ્લા કેટલાક વર્ષોથી ભારે નુકસાન થઈ રહ્યું છે. રિપોર્ટ્સ અનુસાર, 2023માં અખબારને 77 મિલિયન ડોલર (લગભગ 650 કરોડ રૂપિયા)નું નુકસાન થયું, જ્યારે 2024માં આ નુકસાન 100 મિલિયન ડોલર (લગભગ 840 કરોડ રૂપિયા) સુધી પહોંચી ગયું.

# રશિયા બોલ્યું- ભારત બીજા દેશ પાસેથી તેલ ખરીદવા માટે સ્વતંત્ર

- **આમાં કંઈ ખોટું કે નવું નથી, પરંતુ રશિયન તેલની ખરીદી સમાપ્ત કરવાની કોઈ માહિતી નથી**

**મોસ્કો, તા.05**

રશિયાએ બુધવારે જણાવ્યું હતું કે ભારત કોઈપણ દેશ પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે. રશિયાના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે રશિયા ક્યારેય ભારતનો એકમાત્ર ઊર્જા ભાગીદાર રહ્યું નથી અને પુરવઠામાં ફેરફારને અસામાન્ય કે ખોટો ગણી શકાય નહીં.

પેસ્કોવે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મોસ્કોને ભારત તરફથી રશિયન તેલની ખરીદી સમાપ્ત કરવા અંગે કોઈ સત્તાવાર સંદેશ મળ્યો નથી. તેમણે એક દિવસ પહેલા પણ આ જ વાતનું પુનરાવર્તન કર્યું હતું કે નવી દિલ્હી તરફથી આવા કોઈ સંકેત મળ્યા નથી.

પેસ્કોવનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે ભારતે અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ હેઠળ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા પર સહમતિ દર્શાવી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી હતી કે અમેરિકા અને ભારત વચ્ચે એક વેપાર કરાર થયો છે. આ હેઠળ અમેરિકાએ ભારતીય સામાન પર લાગતો ટેરિફ 50%થી ઘટાડીને 18% કરવા પર સહમતિ આપી છે.

તેના બદલામાં ટ્રમ્પનો દાવો છે કે ભારત, રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે અને વેપાર સંબંધિત અવરોધો પણ ઘટાડશે. ભારતે તેમની આ જાહેરાતને ન તો સ્વીકારી છે કે ન તો નકારી છે.

રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝાખારોવાએ રશિયા અને ભારત વચ્ચે હાઈડ્રોકાર્બન વેપાર ચાલુ રાખવાની વાત કહી. તેમણે કહ્યું

આ દરમિયાન, રશિયાના ઉર્જા વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભારતીય રિફાઈનરીઓ માટે રશિયન ક્રૂડને સંપૂર્ણપણે બદલવું વ્યવહારુ નથી.

નેશનલ એનર્જી સિક્યુરિટી ફંડના નિષ્ણાત ઈગોર યુશકોવે જણાવ્યું હતું કે અમેરિકન તેલ મોટે ભાગે હળવા ગ્રેડનું હોય છે, જ્યારે રશિયા ભારતને ભારે અને સલ્ફરયુક્ત યુરલ્સ ક્રૂડ સપ્લાય કરે છે જેનો ઉપયોગ ભારતીય રિફાઈનરીઓ કરે છે. તેમણે કહ્યું, 'ભારતને અમેરિકન તેલને અન્ય ગ્રેડ સાથે ભેળવવું પડશે, જેનાથી ખર્ચ વધી જશે.'

ઈગોર યુશકોવે એમ પણ કહ્યું કે રશિયા ભારતને દરરોજ 1.5 થી 2 મિલિયન બેરલ સુધી તેલ મોકલે છે. આ ખૂબ મોટી માત્રા છે. અમેરિકા આટલી મોટી માત્રામાં તેલ સરળતાથી ભારતને સપ્લાય કરી શકતું નથી. અમેરિકા પાસે એટલી ક્ષમતા કે તૈયાર સપ્લાય ચેઈન નથી જે આટલી ઝડપથી અને આટલા મોટા વોલ્યુમમાં મેચ



કરી શકે.

જો ભારત અચાનક રશિયન તેલ ખરીદવાનું સંપૂર્ણપણે બંધ કરી દે અને અમેરિકા કે અન્ય કોઈ પાસેથી તેલ લેવાનો પ્રયાસ કરે, તો અમેરિકા માટે આટલું બધું તેલ ઉપલબ્ધ કરાવવું મુશ્કેલ બનશે. આનાથી ભારતમાં તેલની અછત સર્જાઈ શકે છે અથવા કિંમતો ખૂબ વધી શકે છે.

યુશકોવે કહ્યું કે આટલું સરળ નથી, ટ્રમ્પ કદાચ ફક્ત પોતાની જીત બતાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. યુશકોવે યાદ અપાવ્યું કે 2022માં જ્યારે રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો, ત્યારે પશ્ચિમી દેશોએ રશિયન તેલ ખરીદવાનું ઓછું કરી દીધું અથવા બંધ કરી દીધું.

રશિયાએ પોતાના તેલને યુરોપ-અમેરિકાથી હટાવીને ભારત જેવા દેશો તરફ વાળ્યું. આ દરમિયાન રશિયાએ પોતાનું તેલ ઉત્પાદન લગભગ 10 લાખ બેરલ પ્રતિદિન (1 મિલિયન બેરલ/દિવસ) ઓછું કરી દીધું.

આ કારણે વૈશ્વિક સ્તરે તેલના પુરવઠામાં ઘટાડો થયો. તેલની માગ વધુ અને પુરવઠો ઓછો હોવાથી દુનિયાભરમાં ક્રૂડ ઓઈલની કિંમતો 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ. આનાથી અમેરિકામાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગઈ, જેનાથી ત્યાંના સામાન્ય લોકોને ખૂબ મોંઘું પડ્યું.

ફેબ્રુઆરી 2022માં રશિયાએ યુક્રેન પર સૈન્ય હુમલો કર્યો હતો. ત્યારબાદ બંને દેશો વચ્ચે યુદ્ધ શરૂ થયું, જે હજુ પણ ચાલુ છે. આ યુદ્ધને કારણે અમેરિકા અને યુરોપિયન દેશોએ રશિયા પર કડક આર્થિક પ્રતિબંધો લગાવ્યા, ખાસ કરીને તેના તેલ અને ગેસ ક્ષેત્ર પર.

આ પ્રતિબંધોને કારણે રશિયાને પોતાનું ક્રૂડ ઓઈલ સસ્તા ભાવે વેચવા માટે નવા ખરીદદારો શોધવા પડ્યા. આ દરમિયાન ભારતે રશિયા પાસેથી રાહત દરે તેલ ખરીદવાનું શરૂ કર્યું.

નાણાકીય વર્ષ 2024-25માં ભારત અને રશિયાનો દ્વિપક્ષીય વેપાર વધીને 68.7 અબજ ડોલર સુધી પહોંચી ગયો, પરંતુ તેમાં મોટો હિસ્સો ક્રૂડ ઓઈલનો હતો. ભારતે એકલા 52.73 અબજ ડોલરનું ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી ખરીદ્યું હતું.

જો ભારત રશિયન તેલની આયાત સંપૂર્ણપણે બંધ કરી દે છે, તો ભારત-રશિયાનો કુલ દ્વિપક્ષીય વેપાર ઘટીને 20 અબજ ડોલરથી પણ નીચે આવી શકે છે.

ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ ગયા મહિને કહ્યું હતું કે રશિયાથી ક્રૂડ તેલની આયાતમાં આગળ પણ ઘટાડો થવાની સંભાવના છે. પુરીએ બ્લૂમબર્ગને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે રશિયાથી તેલની ખરીદીમાં આવેલો ઘટાડો કોઈ રાજકીય કે વિદેશી દબાણને કારણે નથી, પરંતુ બજારની પરિસ્થિતિઓનું પરિણામ છે.

તેમણે કહ્યું હતું કે ભારત હવે તેલ પુરવઠા માટે કોઈ એક દેશ પર નિર્ભર રહેવા માગતું નથી અને આ જ કારણોસર અલગ-અલગ દેશો પાસેથી તેલ ખરીદીને પુરવઠાના સોર્સમાં વિવિધતા લાવવામાં આવી રહી છે.

જોકે પુરીએ રશિયન તેલની આયાતમાં ઘટાડા અંગે કોઈ અમેરિકી દબાણનો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ ટ્રમ્પ ખુલ્લેઆમ દાવો કરી રહ્યા છે કે તેમણે ભારતને રશિયા પાસેથી તેલ ખરીદતા રોક્યું છે. ડિસેમ્બર 2025માં ભારત રશિયા પાસેથી તેલ ખરીદવામાં ત્રીજા નંબરે આવી ગયું. તુર્કી બીજો સૌથી મોટો ખરીદનાર બન્યો. તુર્કીએ 2.6 બિલિયન યુરોનું તેલ ખરીદ્યું.

ભારતે ડિસેમ્બરમાં રશિયા પાસેથી 2.3 બિલિયન યુરો એટલે કે લગભગ 23,000 કરોડ રૂપિયાનું તેલ ખરીદ્યું. નવેમ્બરમાં ભારતે 3.3 બિલિયન યુરો એટલે કે લગભગ 34,700 કરોડ રૂપિયાનું તેલ ખરીદ્યું હતું.

ચીન હજુ પણ સૌથી મોટો ખરીદનાર છે, તેણે ડિસેમ્બરમાં રશિયા પાસેથી 6 બિલિયન યુરો એટલે કે લગભગ 63,100 કરોડ રૂપિયાનું તેલ ખરીદ્યું. ભારતની ખરીદી ઓછી થવાનું સૌથી મોટું કારણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રહ્યું. રિલાયન્સની જામનગર રિફાઈનરીએ રશિયા પાસેથી તેલની ખરીદી લગભગ અડધી કરી દીધી. પહેલાં રિલાયન્સ સંપૂર્ણ સપ્લાય રશિયાની કંપની રોસનેફ્ટ પાસેથી લેતી હતી. પરંતુ અમેરિકાના પ્રતિબંધોના ડરથી હવે કંપનીઓ રશિયા પાસેથી તેલ ઓછું ખરીદી રહી છે. રિલાયન્સ ઉપરાંત, સરકારી તેલ કંપનીઓએ પણ ડિસેમ્બરમાં રશિયા પાસેથી તેલની ખરીદી લગભગ 15% ઘટાડી દીધી.

યુક્રેન યુદ્ધ પછી રશિયાએ 20-25 ડોલર પ્રતિ બેરલ સસ્તું ક્રૂડ ઓઈલ વેચવાનું શરૂ કર્યું. ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત 130 ડોલર પ્રતિ બેરલ હતી, આવા સંજોગોમાં આ છૂટ ભારત માટે ફાયદાકારક હતી.

હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. ફેબ્રુઆરી 2026માં બ્રેન્ટ ક્રૂડની કિંમત લગભગ 68 ડોલર પ્રતિ બેરલની આસપાસ છે. તાજેતરના અહેવાલો અનુસાર, ભારતીય રિફાઈનરીઓને રશિયન યુરલ્સ ક્રૂડ બ્રેન્ટ કરતાં 10-11 ડોલર પ્રતિ બેરલ (કેટલાક કિસ્સાઓમાં 10 ડોલરથી વધુ, શિપિંગ અને અન્ય ખર્ચ સહિત) સસ્તું મળી રહ્યું છે, જે જાન્યુઆરીના અંતમાં 9.15 ડોલર હતું. આ છૂટ પહેલાના 20-25 ડોલર કરતાં ઓછી છે, તેથી ભારતને પહેલા જેવો મોટો ફાયદો નથી મળી રહ્યો. આ ઉપરાંત, રશિયાથી તેલ લાવવામાં શિપિંગ, ફ્રેઈટ અને વીમાનો ખર્ચ વધુ થાય છે, કારણ કે પશ્ચિમી પ્રતિબંધોને કારણે 'શેડો ફ્લીટ' (જૂના ટેન્કર)નો ઉપયોગ થાય છે, જેનાથી ખર્ચ વધી જાય છે. જ્યારે, સાઉદી અરેબિયા, UAE, ઈરાક કે અમેરિકા જેવા સ્થિર સપ્લાયર્સ પાસેથી તેલ લાવવું સસ્તું અને ઓછું જોખમી છે. આ જ કારણોસર ભારત હવે ફરીથી અન્ય સપ્લાયર્સ પાસેથી તેલ ખરીદવા પર વિચાર કરી રહ્યું છે.

## તંત્રી લેખ

# રશિયા, યુરોપ અને અમેરિકા સુધી હાડ થિજાવતી ઠંડીનો કેર

દુનિયાના ઉત્તર ગોળાર્ધમાં હાલમાં હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. અમેરિકાથી માંડીને યુરોપ અને રશિયા તથા એશિયાના કેટલાક વિસ્તારોમાં ઠંડીમાં લોકોની હાલત ખરાબ થઈ ગઈ છે. રશિયા તો જાણે કે રીતસરનું ઠુંઠવાઈ ગયું છે. આર્કટિકથી આવતા બરફ જેવા ઠંડા પવનોએ રશિયા અને તેના ઘણા પ્રાંતો અને શહેરોની હાલત કુલ્ફી જેવી કરી નાખી છે. શહેરોમાં વિશાળ મકાનો, દુકાનો અને ઈમારતો બરફથી ઘેરાઈ ગયા છે. તેમાંય રશિયાની રાજધાની મોસ્કોમાં માઈનસ ૩૦થી માઈનસ ૪૦ ડિગ્રી સુધી તાપમાન જતું રહ્યું છે. તાજેતરમાં અહીંયાના એક સ્કાયસ્ક્રેપરની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાઈરલ થયા છે. આ સમગ્ર ટાવર કુલ્ફીની જેમ થીજી ગયું છે. બીજી તરફ અમેરિકાની પણ એક તસવીર ઈન્ટરનેટ માધ્યમોમાં ચર્ચામાં છે. અમેરિકામાં પણ એટલી ઠંડી છે કે, પ્લેટમાં રહેલી ગરમા ગરમ નુડલ્સ પણ ફોર્કથી ઉચકીને પકડી રાખવામાં આવતા ગણતરીની સેકન્ડમાં થીજી ગઈ હતી. તેના કારણે ફોર્ક હવામાં લટકતી હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું. ઉલ્લેખનીય છે કે, મોસ્કોનું જાણીતું ઓસ્તાન્કિનો ટાવર કે જે ૫૪૦ મીટરની ઉંચાઈ ધરાવે છે, તેના ઉપર ભયાનક બરફ પડયો હતો. આ ટાવર ઉપર બરફ પડવા ઉપરાંત બરફનું એક મોટું લેયર સર્જાઈ ગયું હતું. સમગ્ર ઈમારત જાણે કે કુલ્ફી જમાવી હોય તે રીતે જામી ગયું હતું. જાણકારો માને છે કે, આ રીતે બરફ પડવો અને આટલી બધી માત્રામાં બરફ પડવો તે બંને કુદરતી નથી. ગ્લોબલ વોર્મિંગને પગલે જે ઋતુચક્રમાં ફેરફાર આવ્યો છે તેણે ઠંડીની માત્ર અતિશય વધારી દીધી છે અને આ રીતે બરફ પડી રહ્યો છે. આ પરિવર્તન અસાધારણ અને આશ્ચર્યજનક છે. બીજી તરફ એટલાન્ટિકની પાર અમેરિકામાં પણ સ્થિતિ આવી જ છે. ત્યાં પણ હાલમાં ઠંડીનો સામનો કરવામાં લોકોના હાંજા ગગડી રહ્યા છે. મિનિયાપોલિસમાં તાપમાન ઘટીને માઈનસ ૩૦ પહોંચી ગયું હતું. તે ઉપરાંત ઠંડીમાં અનુભવાતા ઠંડા પવનોની સ્થિતિ પણ અત્યંત ખરાબ હતી. આ વિંડ ચિલનું તાપમાન માઈનસ ૪૩ ડિગ્રી જેટલું હતું. અમેરિકાના આ વિસ્તારોમાં લોકોને પાસ્તા એક્સ્પિરિમેન્ટ હાલમાં ઈન્ટરનેટ માધ્યમોમાં ખૂબ જ વાઈરલ છે. અહીંયા એટલી બધી ઠંડી હતી કે, હવામાં ઉંચા કરેલા ઉકાળેલા નુડલ્સ ગણતરીની સેકન્ડમાં થીજી જતા હતા. લોકો ફોર્કમાં નુડલ્સ ઉચકીને અખતરા કરતા હતા. થીજી ગયેલા નુડલ્સમાં હવામાં લટકતી ફોર્ક અને ચમચીઓની તસવીરો સોશિયલ મીડિયામાં ખૂબ જ ફરતી થઈ રહી છે. જાણકારોના મતે આ અસાધારણ અને અસહ્ય ઠંડી પોલર વોર્ટેક્સમાં અવરોધ ઊભો થવાના કારણે થઈ છે. પોલર વોર્ટેક્સ પૃથ્વીના ધ્રુવો પાસે રહેલું ઠંડી હવાનું અને લો પ્રેશર સિસ્ટમનું એક વિશાળ નેટવર્ક હોય છે. સામાન્ય સ્થિતિમાં એક મજબૂત જેટ સ્ટ્રીમ આ ઠંડી હવાને આર્કટિકમાં જ કેદ રાખે છે પણ જ્યારે આ જેટ સ્ટ્રીમ નબળી પડે છે અથવા તો વધારે લચકદાર બની જાય છે ત્યારે આર્કટિકની ઠંડી હવા દક્ષિણ તરફ ફેલાવા લાગે છે. હાલના સમયે આ જ સ્થિતિનું સર્જન થયેલું છે. તેના કારણે આ વિસ્તારોમાં હાડ થિજાવતી ઠંડી પડી રહી છે. વિશ્વ હવામાન સંગઠને પણ પોતાના અહેવાલમાં જણાવ્યું કે, હાલમાં આર્કટિક ઓસિલેશનનો નેગેટિવ ફેઝ એક્ટિવ છે. આર્કટિક ઓસિલેશન એક જળવાયુ પેટર્ન છે જે નક્કી કરે છે કે ઠંડી હવા ઉત્તરમાં કેદ થઈ જશે કે પછી અમેરિકા, યુરોપ અને એશિયા તથા રશિયામાં મધ્ય અક્ષાંશ ધરાવતા વિસ્તારોમાં ફેલાઈ ગઈ છે. સમજવાની બાબત એ છે કે, પોલર વોર્ટેક્સની આ અસર હાલમાં નેગેટિવ ફેઝમાં શા માટે જોવા મળી રહી છે. જાણકારોના મતે પોલર વોર્ટેક્સની અસર મોટાભાગે ધ્રૃવો પાસે જ જોવા મળે છે. હાલમાં ગ્લોબલ વોર્મિંગની અસર ધ્રુવ પ્રદેશો ઉપર ભયાનક રીતે થઈ છે.

**આ કોરિયન સ્ટાઈલની એક ઓનલાઈન લવ ટાસ્ક આધારિત ગેમ છે. આ ગેમમાં યૂઝર એક વર્ચ્યુંઅલ લવર અથવા તો પાર્ટનર સાથે જોડાય છે. તેઓ કોરિયન સ્ટાઈલમાં વાત કરે છે, રોમેન્ટિક મેસેજ મોકલે છે અને દરરોજનું એક ટાસ્ક આપે છે. ગેમ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ ટાસ્ક મુશ્કેલ થતું જાય છે. શરૂઆતમાં નાના-મોટા કામ સોંપવામાં આવે છે : આ ગેમ્સ બાળકો અને ટીનએજર્સ વધારે રમતા હોવાથી રોમેન્ટિક વાતોમાં, લાગણીશિલ વાતોમાં ફસાઈ જાય છે**

# કોરિયન લવ ગેમ : ભારતીય ટીનએજર્સ માટે વધુ એક જીવલેણ રમત

## કે-પોપ અને કે-ડ્રામાનો ક્રેઝ ધરાવતી જેનઝી અને ટીનએજર્સ પેઢીને ફરી આત્મઘાતી બનાવવાની મેલી મુરાદનું આશંકા

ગાઝિયાબાદની ભારત સિટી સોસાયટીમાં મધરાતે બે વાગ્યે ત્રણ સગી બહેનોએ નવમા માળે આવેલા પોતાના એપાર્ટમેન્ટમાં એક એવી ઘટનાને આકાર આપ્યો કે સમગ્ર દેશોમાં ભૂકંપ આવી ગયો. મધરાતે જ્યાં સમગ્ર સોસાયટી અને દેશ ગાઢ નિદ્રામાં હતો ત્યારે આ ત્રણેય બહેનોના મગજમાં એક કોરિયન ગેમનો ઉન્માદ ચાલતો હતો. ૧૨ વર્ષની પાખી, ૧૪ વર્ષની પ્રાચી અને ૧૬ વર્ષની વિશિકા ત્રણેય સગી બહેનો એકબીજાના હાથ પકડીને બાલ્કનીમાં આવી અને નીચે કૂદી ગઈ. ત્રણેયની મરણચીસો સમગ્ર સોસાયટીમાં ગુંજી ઉઠી અને સમગ્ર દેશમાં તેના પડઘા પડી રહ્યા છે. દિવસે જ્યારે આ ઘટનાની જાણ થઈ ત્યારે ભારત સિટીની સાથે સાથે ભારત દેશ પણ સ્તબ્ધ થઈ ગયો હતો. પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે તેમને સ્યુસાઈડ નોટ મળી હતી. આ નોટમાં લખ્યું હતું, મમ્મી-પપ્પા સોરી... હવે તમને સમજાશે કે અમે ગેમને કેટલો પ્રેમ કરીએ છીએ, કોરિયન લવ ગેમ.

પોલીસ તપાસ દરમિયાન પરિવારના લોકોએ જણાવ્યું કે, ત્રણેય બહેનો એકબીજાને ખૂબ જ પ્રેમ કરી હતી. તેઓ એકબીજાની ખૂબ જ નજીક હતી. સાથે જ ભોજન કરતી હતી, રૂમમાં રહેતી અને ઉંઘતી હતી. કોરોના દરમિયાન તેઓ મોબાઈલના સંપર્કમાં સૌથી વધારે આવ્યા. આખો આખો દિવસ ગેમ્સ રમ્યા કરતી હતી. સ્કૂલ બંધ હતી અને અભ્યાસ પણ ઓછો હતો તેથી ત્રણેય બહેનો આખો દિવસ ગેમ્સમાં પસાર કરતી હતી. તેમના પિતાએ આ ત્રણેયને ગેમ્સથી દૂર કરવાના પ્રયાસ કર્યો હતા. તેમની પાસેથી ફોન લઈ લેવાનો પ્રયાસ કર્યો હતો. તે ઉપરાંત ફોનમાંથી ગેમ ડિલિટ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ત્રણેય બહેનોને ગેમ રમવાની ભયાનક આદત પડી ગઈ હતી. હવે ત્રણે બહેનો દ્વારા કરવામાં આવેલી આત્મહત્યાએ સમગ્ર દેશના માતા-પિતાને ફરી એક વખત ભયમાં મુકી દીધા છે, વિચારતા કરી દીધા છે. લોકો ફરી એક વખત ચિંતા કરવા લાગ્યા છે કે, હવે આ કોરિયન લવ ગેમ શું છે અને તે શા માટે જીવલેણ બની રહી છે.

જાણકારોના મતે કોરિયન લવ ગેમ કોઈ મોબાઈલ ઉપર આવતી અન્ય ગેમ જેવી ગેમ નથી. આ કોઈ ટાઈમપાસ ગેમ પણ નથી. આ રમવા માટે વિશેષ સમય અને સ્કિલની જરૂર પડે છે. આ કોરિયન સ્ટાઈલની એક ઓનલાઈન લવ અથવા તો એમ કહીએ કો રોમેન્ટિક ટાસ્ક આધારિત ગેમ છે. આ કોરિયન લવર ગેમ્સ મોટાભાગે મોબાઈલ એપ્સ દ્વારા રમી શકાય છે અથવા તો ઓપરેટ થાય છે. અહીંયા યૂઝરને કોરિયન કલ્ચર કે-પોપ, કે ડ્રામા જેવી બાબતો સાથે કનેક્ટ કરવામાં આવે છે. આ ગેમમાં યૂઝર એક વર્ચ્યુઅલ લવર અથવા તો પાર્ટનર સાથે જોડાય છે. યૂઝરે પોતાના કોરિયન લવરને પસંદ કરવાના હોય છે. તેઓ કોરિયન સ્ટાઈલમાં વાત કરે છે, રોમેન્ટિક મેસેજ મોકલે છે અને દરરોજનું એક ટાસ્ક આપે છે. ગેમ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ ટાસ્ક મુશ્કેલ થતું જાય છે.

શરૂઆતમાં નાના-મોટા કામ સોંપવામાં આવે છે. ફોટો મોકલવા, કંઈક લખીને મોકલવું, આખો દિવસ ચેટિંગ કરવા જેવા કામ સોંપાય છે. જેમ જેમ ગેમ આગળ વધે છે તેમ આ ટાસ્ક વધારે પર્સનલ અને ભયાનક થતા જાય છે. તેમાં પોતાની જાતને નુકસાન પહોંચાડવાથી માંડીને મોત સુધી કોઈપણ કામ સોંપવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં વિશ્વભરના ટીનએજર્સ અને યુવાનોમાં અથવા તો એમ કહીએ કે જેનઝીમાં કોરિયન ડ્રામા અને કોરિયન પોપનું ભયાનક વળગણ છે. લોકો એ હદે તેની પાછળ પાગલ છે કે, પોતાને કોરિયન



સમજવા માંડયા છે. પોતાને પ્રિન્સેસ અને કોરિયન લવર પણ માનવા લાગ્યા છે. દુનિયાભરમાં આ ગેમનું વળગણ વધવા લાગ્યું છે. જાણકારો માને છે કે, આ ગેમમાં કુલ ૫૦ ટાસ્ક આપવામાં આવે છે. આ બહેનો દ્વારા મોતનું અંતિમ ટાસ્ક એટલે કે ૫૦મું ટાસ્ક પૂરું કરવામાં આવ્યું હતું. ખાસ કરીને બ્લૂ વ્હેલ ગેમની જેમ આમાં પણ ૫૦મું અંતિમ ટાસ્ક મોતનું પગલું હોઈ શકે છે. ૫૦ દિવસમાં ૫૦ ટાસ્ક કરીને અંતિમ ટાસ્કમાં આત્મહત્યા કરવાનું કહેવામાં આવે છે. ચિંતાજનક બાબત એ છે કે, આ ગેમ્સ ઓનલાઈન રમવામાં આવે છે. આ ગેમના યૂઝર્સ મોટાભાગે બાળકો, ટીનએજર્સ અને ૨૦-૨૨ વર્ષ સુધીના યુવાનો હોય છે. આ ગેમ્સ બાળકો અને ટીનએજર્સ વધારે રમતા હોવાથી રોમેન્ટિક વાતોમાં, લાગણીશિલ વાતોમાં ફસાઈ જાય છે. બાળકો અને ટીનએજર્સ વિચારે છે કે, તેમને સાચો પ્રેમ થયો છે અથવા તો સામેની વ્યક્તિને સાચો પ્રેમ છે અને તેના માટે ગેમના ટાસ્ક પૂરા કરવા જરૂરી છે.

ધીમે ધીમે આ ગેમની લત વધતી જાય છે અને મગજ ઉપરનો કાબુ ગુમાવી દે છે. ગાઝિયાબાદની બહેનોના કિસ્સામાં પણ જાણકારો માને છે કે, ત્રણેય બહેનો એકબીજાની નજીક હતી અને એકબીજાના સિક્રેટ જાણતી હતી. તેઓ એકબીજા સાથે ટાસ્કમાં પણ જોડાયેલી હતી અને તેથી જ આ પગલું ભરી દીધું.

મહત્ત્વની વાત એ છે કે, જાણકારો દ્વારા આવી ગેમ્સ અંગે આકરી ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. તેઓ જણાવે છે કે, આ માત્ર ગેમ નથી પણ એક પ્રકારનું મોબાઈલ એડિક્શન છે, ઓનલાઈન ગેમિંગ એડિક્શન છે જે ભયજનક છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં પહેલાં પણ ગેમિંગ સાથે જોડાયેલા આત્મહત્યાના અને હત્યાના કિસ્સા આવેલા છે. આ ઉપરાંત ઓનલાઈન બેટિંગ અને અન્ય એપ્સમાં પૈસા ગુમાવવા દરમિયાન આત્મહત્યા કરી હોવાના પણ ઘણા કિસ્સા છે. જાણકારો માને છે કે, આ કોરિયન લવ ગેમ જેવી ઈમોશનલ ગેમ્સ અથવા તો રોમેન્ટિક ટાસ્ક આધારિત ગેમ વધારે ખતરનાક અને જીવલેણ છે. તેમાં ઈમોશનલ બોન્ડિંગ હોય છે અને તેમાં સામેની વ્યક્તિ પાસે ગમે તે કામગીરી કરાવવામાં આવે છે. આ ઘટના ખૂબ જ દુ:ખદ અને સમાજ માટે લાલ બત્તી સમાન છે.

સમાજ માટે ચેતવણી છે કે, બાળકો દ્વારા સ્માર્ટ ફોન અને ગેજેટ્સનો જે અતિશય ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેના ઉપર વોચ રાખવી અને કાબુ રાખવો જોઈએ.

કોરિયન લવ ગેમ જેવી પ્રેમના નામે કરાતી રમત બાળકોને મોત સુધી લઈ જઈ રહી છે. માતા-પિતા જો બાળકોના મોબાઈલના વપરાશનો સમય નક્કી નહીં કરે, તેમના વપરાશ ઉપર નજર નહીં રાખે તો જોખમ વધતું જશે.

હાલમાં બાળકો ગુપ્ત રીતે કોરિયન ભાષા શીખી રહ્યા છે. તેઓ માતા-પિતાને પોતાની વાતોની ખબર ન પડે તે માટે કોરિયન ભાષામાં ચેટ કરવા લાગ્યા છે. તેમના આ સિક્રેટ કોઈને ખબર પડતી નથી અને જ્યારે આવી ઘટના બને છે ત્યારે સમાજ હચમચી જાય છે. આવી ગેમ્સ બાળકોને ઉત્તેજે છે અને તેમને માનવા મજબૂર કરી દે છે કે, તેમની ક્ષમતા આવી ગેમ્સમાં વિજયી થવામાં જ છે. તેઓ ડિજિટલ વિશ્વમાં શક્તિશાળી બનીને રહી શકે છે. તેઓ આ રીતે વાસ્તવિક જીવનમાં પણ જોખમી પગલાં લેતા થઈ જાય છે. તેથી જ માતા-પિતા, શિક્ષકો અને વડીલોએ બાળકોના મોબાઈલના ઉપયોગ અને તેમના બદલાતા વર્તન ઉપર વોચ રાખવી જોઈએ.

ભારતમાં ભૂતકાળમાં ઘણી ડિજિટલ ગેમ્સ આવી છે જેણે બાળકો અને ટીનએજર્સને વિચિત્ર ચેલેન્જ આપીને તેમને મોતના મુખમાં ધકેલ્યા હતા. તેમાં પહેલું નામ બ્લૂ નવ્હેલ ચેલેન્જ આવે છે. તેની પણ પહેલાં એફ૫૭ નામની રશિયન સોશિયલ મીડિયા ગ્રુપની એક ગેમ આવી હતી જે સૌથી ખતરનાક હતી.

આ ગ્રુપમાં ઘણા દિવસો સુધી યૂઝર્સને એક પછી એક ટાસ્ક આપવામાં આવતા હતા. તેમાં પણ શરૂઆતમાં સામાન્ય ટાસ્ક આપવામાં આવતા હતા અને ત્યારબાદ ધીમે ધીમે તેમાં જોખમ વધારવામાં આવતું હતું. તેમાં અંતમાં હત્યા અથવા આત્મહત્યા જેવા ભયાનક ટાસ્ક આપવામાં આવતા હતા. તેમાં બાળકોને ટાસ્ક પૂરું નહીં કરવાના કિસ્સામાં પરિવારજનોની હત્યા અને નુકસાન પહોંચાડવાની ધમકી પણ આપવામાં આવતી હતી. તેમાં ઘણા કિશોરોએ જીવ ગુમાવ્યો હતો. તેવી જ રીતે મોમો ચેલેન્જ અને જોનાથલ ગેલિંડો જેવા ટ્રેન્ડ્સ આવ્યા હતા. તેમાં ભયાનક તસવીરો અને ધમકીપૂર્ણ સંદેશાઓનો આધાર લેવામાં આવ્યો હતો.

શરૂઆતમાં આ ઘટના સામાન્ય અથવા તો અફવા જેવી લાગતી હતી પણ તેના ધીમે ધીમે ગંભીર પરિણામ દેખાવા લાગ્યા હતા. ભારત અને વિદેશોમાં ઘણા કિસ્સામાં પોતાની જાતને નુકસાન પહોંચાડવાના અને આત્મહત્યાના કિસ્સા બન્યા હતા. ત્યારબાદ ઓશન વ્હેલ અથવા તો સી ઓફ વ્હેલ્સ જેવી ઓનલાઈન ગેમ્સ આવી હતી. તેમાં સ્યુસાઈડ પેક્ટ ફોરમ એટલે કે આત્મહત્યા અને પોતાની જાતને નુકસાન કરવાના ટ્રેન્ડ આવતા હતા. તેને પ્રોત્સાહન આપવામાં આવતું હતું. સોશિયલ મીડિયા હેશટેગ અને ગ્રુપ્સ દ્વારા બાળકો પાસેથી પોતાની જાતને નુકસાન પહોંચાડયાના પુરાવા માગવામાં આવતા હતા. તે ઉપરાંત બીજાને નુકસાન કરવાના પણ પુરાવા માગવામાં આવ્યા હતા. તેમાં ઘણા કિસ્સામાં એકબીજાને છરી મારવાના, બ્લેડ મારવાના કિસ્સા બન્યા હતા. આ ઉપરાંત ડોકી ડોકી લિટરેચર ક્લબ જેવી સાઈકોલોજિકલ હોરર ગેમ્સ દ્વારા પણ ભારતીય સમાજમાં ચિંતા ફેલાઈ હતી. તેમાં આત્મહત્યા અને માનસિક પીડાને વ્યક્ત કરવામાં આવતા હતા. ખાસ કરીને તણાવ અને ડિપ્રેશનનો ભોગ બનેલા યુવાનોને વધારે ટ્રિગર કરવામાં આવતા હતા અને આત્મહત્યા માટે ઉશ્કેરવામાં આવતા હતા.

# જનરલ નરવણે સીડીએસ શા માટે બની શક્યા નહીં

જ્યારથી ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ મનોજ નરવણેનું પુસ્તક ચર્ચામા આવ્યું છે ત્યારેથી નરવણે કોણ છે એ જાણવાની ઈંતેજારી વધી રહી છે. હવે એક ડિફેન્સ એક્સપર્ટ રિટાયર્ડ મેજર જનરલ પી કે શહેગલે દાવો કર્યો છે કે એક તબક્કે લાગતું હતું કે, મનોજ નરવણેને સીડીએસ (ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ) બનાવવામાં આવશે. નરવણે જોકે અગ્નીવિર યોજનાની વિરુદ્ધમાં હતા. સરકાર કોઈપણ હિસાબે અગ્નીવિરનો અમલ કરવા માંગતી હતી. ભવિષ્યમાં ટકરાવ નહીં થાય એ માટે નરવણેને સીડીએસ બનાવવામાં આવ્યા નહીં. એમના બદલે જનરલ રાવતને સીડીએસ બનાવવામાં આવ્યા. જોકે ભૂતપૂર્વ સૈન્ય પ્રમુખે લખેલા પુસ્તકમાં એવું કઈ વિવાદાસ્પદ નથી કે દેશની સુરક્ષા સામે પ્રશ્નો ઉભા થાય. જનરલ નરવણે ૨૦૨૨માં નિવૃત્ત થયા હતા. દેશની સુરક્ષા સાથે સંકળાયેલી કોઈપણ માહિતી નિવૃત્તીના પાંચ વર્ષ સુધી જાહેર કરી શકાતી નથી.



લદ્દાખના પર્યાવરણ એક્ટીવીસ્ટ સોનમ વાંગચૂક છેલ્લા કેટલાક મહિનાઓથી જેલમાં છે. એમના જામીન માટે સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટને કહ્યું છે કે સોનમ વાંગચૂક રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી છે. આવી વ્યક્તિઓને વધુ ઝેર ફેલાવવાની પરવાનગી આપી શકાય નહીં. જસ્ટીસ અરવિંદકુમાર અને જસ્ટીસ પ્રશાન્ના ડી વરાલેની બેન્ચ સમક્ષ વાંગચૂકની ધરપકડ વિરુદ્ધની અરજી બાબતે સુનાવણી ચાલી રહી છે. કેન્દ્ર તરફથી સોલીસીટર જનરલ તુષાર મહેતાએ વાંગચૂકના ભાષણને દેશ માટે જોખમી ગણાવ્યું હતું. જિલ્લા મેજીસ્ટ્રેટે પરિસ્થિતિ જોઈને એમની ધરપકડ માટે યોગ્ય નિર્ણય લીધો હતો. મહેતાએ નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકાના ઉદાહરણ આપીને કહ્યું હતું કે યુવાનોને ભડકાવીને દેશ વિરુદ્ધ વાતાવરણ બગાડવું એ યોગ્ય નથી. ગયા વર્ષે ૨૪મી સપ્ટેમ્બરે લેહમાં હિંસા ભડકી ઉઠી હતી અને હિંસા માટે વાંગચૂકને જવાબદાર ગણવામાં આવ્યા હતા.

સંસદના ગૃહનો બહિષ્કાર કરી રહેલા રાહુલ ગાંધી અને બીજા સાંસદો ગૃહની બહાર બેઠા હતા ત્યારે એક વિચિત્ર ઘટના બની ગઈ હતી. ગૃહની અંદર તો બધાના મગજ ગરમ હતા જ, પરંતુ સામાન્ય રીતે ગૃહની બહાર એક બીજા સાથે સોમ્ય વ્યવહાર રાખનાર મંત્રીઓ અને સાંસદો પણ અકળાયેલા લાગતા હતા. ગૃહની બહાર જ્યારે સસ્પેન્ડ થયેલા સાંસદો સાથે રાહુલ ગાંધી ઉભા હતા ત્યારે ત્યાંથી કેન્દ્રીય રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુ પસાર થઈ રહ્યા હતા. એ વખતે રાહુલ ગાંધીએ મજાકમાં એમની તરફ ઈશારો કરીને ટીપ્પણી કરી હતી કે, 'આ રહ્યા ગદાર, એમનો ચહેરો જુઓ.' આટલું બોલીને રાહુલ ગાંધીએ એમની સાથે હાથ મેળવવા માટે હાથ લંબાવ્યો હતો અને કહ્યું હતું કે, 'હલો ભાઈ, મારા ગદાર દોસ્ત... ચિંતા નહીં કરતા તમે પાછા કોંગ્રેસમાં આવવાના જ છો.' જોકે રાહુલ ગાંધીની આ હળવી ટીપ્પણી સાંભળીને રવનીત સિંહ બિટ્ટુએ ગુસ્સામાં રાહુલ ગાંધીને દેશના દુશ્મન કહ્યા હતા. ત્યાર પછી બંને વચ્ચે ગરમાગરમી થઈ હતી.

ઘરેલું હિંસાના કેસનો સામનો કરી રહેલા ઉત્તર પ્રદેશ કુંડા વિધાનસભાના બાહુબલી ધારાસભ્ય રઘુરાજ પ્રતાપસિંહ ઉર્ફ રાજા ભૈયાને રાહત મળી છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે રાજા ભૈયા વિરુદ્ધ દાખલ થયેલી પોલીસની ચાર્જશીટને માન્ય રાખવાનો ઈન્કાર કર્યો છે. રાજા ભૈયા સામે એમના પત્ની ભાનવી સિંહે ઘરેલું હિંસા (આઈપીસી ૪૯૮-એ) હેઠળ કેસ દાખલ કર્યો હતો. રાઉઝ એવન્યુ કોર્ટે કહ્યું હતું કે, જુના આક્ષેપોને ફરીથી રીપીટ કરવાથી ફોજદારી કાયદો લાગુ કરી શકાય નહીં. આ સિવાયના આરોપો સમય મર્યાદાની બહારના પણ છે. કલમ ૪૯૮-એ આઈપીસી હેઠળ પ્રાથમીક દ્દષ્ટિએ ગુનો બનતો નથી. રાજા ભૈયાના પત્ની ભાનવી સિંહે કોર્ટ સમક્ષ રજુઆત કરી હતી કે, એમના અને એમની પુત્રીના જીવને ખતરો છે. એમણે દિલ્હી પોલીસનું રક્ષણ પણ માંગ્યું હતું.

કોમેડી શોના હોસ્ટ કપીલ શર્માની લોકપ્રિય ભલે અંકબધ હોય, પરંતુ તેઓ બીશ્નોઇ ગેંગથી પરેશાન છે. હવે એમના કોમેડી શોની પાંચમી સીઝનની જાહેરાત પણ થઈ ગઈ છે. આ શોની જાહેરાતના કાર્યક્રમમાં અતિ ઉત્સાહમાં આવીને કપીલ શર્માએ ગેંગસ્ટર લોરેન્સ બીશ્નોઇ વિશે કોમેન્ટ કરી દીધી હતી. હોસ્ટે મજાકમાં એમને કહ્યું હતું કે, 'અમારી નજર, ભારતની નજર બહુ સમયથી તમારા પર છે. આશા છે કે ૧૧ દેશોની પોલીસની નજર પણ તમારા પર હશે.' આ સાંભળીને લોકો હસવા માંડયા હતા. કપીલ શર્માએ જવાબ આપતા કહ્યું હતું કે, ૧-૨ દેશોના ગેંગસ્ટર પણ આજકાલ મારી પાછળ પડયા છે. આટલું કહીને તેઓ હસવા માંડયા હતા, પરંતુ એમની આંખોમાં ડર દેખાતો હતો. કપીલ શર્માના કેનેડા ખાતે આવેલા કાફે પર થોડા દિવસો પહેલા બીશ્નોઈ ગેંગે ગોળીબાર કરાવ્યો હતો. અત્યાર સુધીમાં કપીલના કાફે પર ત્રણ વખત ફાયરીંગ થઈ ચૂક્યું છે.

કેટલાક ઇલેક્ટ્રીક વાહનો (ઇવી)ના દરવાજા ખોલવા માટેના હેન્ડલો છૂપાયેલા હોય છે. ચીને આ વિવાદાસ્પદ ડિઝાઇન પર પ્રતિબંધ મૂકી દીધો છે. એલન મસ્કની ટેસ્લાએ આવા હેન્ડલો લોકપ્રિય બનાવ્યા હતા. ભારતમાં પણ કેટલીક બ્રાન્ડની કારો પર આ પ્રકારના હેન્ડલો હોય છે. ચીને મુકેલા પ્રતિબંધનું કારણ શાઓમીના બે ઇલેક્ટ્રીક વાહનોનો થયેલો અકસ્માત છે. આ બંને અકસ્માતમાં ઇલેક્ટ્રીક ફેલિયરને કારણે બંને કારના દરવાજા ખૂલી શક્યા નહોતા. ચીનના એક સરકારી મીડિયામાં આ અકસ્માતના રીપોર્ટ છપાયા હતા. અકસ્માત પછી ડ્રાયવરને બચાવવા માટે લોકોએ કારનો દરવાજો ખોલવાની કોશિષ કરી ત્યારે દરવાજો ખૂલ્યો હતો નહી. ચીનના આ પ્રતિબંધની અસર વિશ્વના બીજા દેશોમાં પણ થવાની શક્યતા છે. આ પ્રકારના હેન્ડલ ટેક્નીકલી અને મિકેનીકલી સલામત છે કે નહીં એની ચર્ચા શરૂ થઈ ગઈ છે.

વિમાન લેન્ડ થયા પછી પણ એરહોસ્ટેસની કામગીરી ખતમ થતી નથી. વિમાનમાંથી બધા પેસેન્જરો ઉતરી ગયા પછી એરહોસ્ટેસ શું કરે છે એ વિશે ભાગ્યે જ કોઈ વિચારતું હશે. વિમાન લેન્ડ થઈ ગયા પછી પણ એમની કામગીરી પુરી થતી નથી. વિમાનમાંથી બધા મુસાફરો નિકળી જાય અને પછીની ઉડાણ માટે વધારે સમય બાકી નહીં હોય તો એરહોસ્ટેસ વિમાનમાં જ રહે છે અને પછીની યાત્રાની શરૂઆત કરી દે છે. બધા યાત્રીઓ ઉતરી ગયા પછી ફલાઇટ એટેન્ડન્ટ કેબીન અને ટોયલેટની તપાસ કરે છે. કોઈ મુસાફર ભૂલથી પ્લેનમાં તો નથી રહી ગયોને એની તપાસ કરવામાં આવે છે. બેગ રાખવાના કમ્પાર્ટમેન્ટને પણ તપાસી લેવાય છે કે કોઈ યાત્રી સામાન ભૂલી ગયો તો નથી ને એની જાણ થાય. ત્યાર પછી એમણે કેટલાક ક્લેરીકલ કામ પણ કરવાના હોય છે.

# જીંદગીમાં બધા કડવા અનુભવ,મીઠા લોકો પાસેથી જ મળશે, કડવું છે પણ સત્ય છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ચિંતનાત્મક લેખમાં આપણે જોઈએ તો એક વાર, મહાત્મા બુદ્ધ જંગલમાં એક નદીના કિનારે ધ્યાન કરીરહ્યા હતા.એ જ નદીની નજીક એક ગુરુકુળ હતું, જ્યાં એક ઋષિ પોતાના શિષ્યોને ઉપદેશ આપી રહ્યા હતા.સંયોગથી,ઋષિની નજર બુદ્ધ પર પડી અને તેઓ તેમની પાસે આવ્યા. બુદ્ધની હાજરી જોઈને, ઋષિએ નમ્રતાથી પૂછ્યું,'ગુરુદેવ,શું પ્રાર્થના અને પ્રાર્થનાથી કંઈ પ્રાપ્ત થાય છે?'

બુદ્ધે હસીને કહ્યું, 'પહેલા મારા પ્રશ્નનો જવાબ આપો. જો કોઈ આ નદી પાર કરવા માંગે છે, તો તેમણે શું કરવું જોઈએ?'ઋષિએ જવાબ આપ્યો,'જો તેઓતરવાનું જાણે છે,તો તેઓ તરીને પાર કરી શકે છે. જો હોડી ઉપલબ્ધ હોય, તો તેઓ હોડી દ્વારા જઈ શકે છે. અને જો પાણીનું સ્તર ઓછુંહોય તો તેઓ પગપાળા પાર કરી શકે છે.'બુદ્ધે ફરીથી પૂછ્યું, 'જો તેઓ આ ત્રણ પદ્ધતિઓનો પ્રયાસ ન કરે તો શું?'હવે ઋષિ એક ક્ષણ માટે મૌન રહ્યા.પછી,સત્ય સમજાતાની સાથે જ તે તરત જ બુદ્ધના પગ પર પડી ગયો અને કહ્યું, 'ગુરુદેવ, તમે જે કહ્યું તેનો સાર હું સમજી ગયો છું! ફક્ત પ્રાર્થના અને પ્રાર્થનાઓ કંઈપણ પ્રાપ્ત કરતી નથી જ્યાં સુધી વ્યક્તિ પોતાની મેળે કાર્ય ન કરે.'

બુદ્ધે સરળ શબ્દોમાં કહ્યું,'તમે સાચા છો.જો કોઈ વ્યક્તિ નદીના કિનારે ઊભો રહે અનેદિવસ-રાત પ્રાર્થના કરે,તો શું તે નદી પાર કરી શકશે?'ના! જ્યાં સુધી કોઈ તરવાનો પ્રયાસ ન કરે અથવા હોડીનો ઉપયોગ ન કરે ત્યાં સુધી કોઈ પાર કરી શકતું નથી. તેવી જ રીતે, ફક્ત પ્રાર્થના કે નસીબથી કંઈ પ્રાપ્ત થઈ શકતું નથી. ક્રિયા જ આપણને સફળતા અપાવવાનું સાચું માધ્યમ છે.'

નારાયણ ભગવાન હાથમાં શંખ રાખે છે. શંખ વગાડનાર દેવ મોટા કે વાંસળી વગાડનાર દેવ મોટા? આ બીજા દેવો અસ્ત્રશસ્ત્ર લઈને બેઠા છે. કોઈના હાથમાં ગદા, કોઈના હાથમાં ધનુષ્યબાણ અને કોઈના હાથમાં ત્રિશૂલ છે. મને લાગે છે કે, આ બીજા દેવોને દુનિયાના લોકોની બીક લાગતી હશે, તેથી હાથમાં શસ્ત્રો રાખીને ઊભા છે.મારો કનૈયો શસ્ત્ર રાખતો નથી. લાલાના એક હાથમાં વાંસળી અને બીજા હાથમાં માખણ-મીસરી! શસ્ત્ર રાખનાર દેવ શ્રેષ્ઠ કે કનૈયો શ્રેષ્ઠ? મારો કનૈયો જ શ્રેષ્ઠ. લાલો રોજ વાંસળી વગાડે છે.લાલાની વાંસળીનો શબ્દ જેના કાનમાં ગયો તેને સંસાર ઉપરથી વૈરાગ્ય આવે છે. એ વાંસળીનો શબ્દ જેને સંભળાય તે રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ કરતો પાગલ બને છે. શ્રીકૃષ્ણની વેણુ-માધુરી દિવ્ય છે. ગોપી કહે છે, મુરલી બજા કે મેરો મન હરિ લિન્હો. બીજી ગોપી પ્રેમ ભર્યો ઠપકો આપતી કહે છે કે, હે મુરારી!ભોજન બનાવવાના સમયે તો કૃપા કરીને આ મધુર મોરલીની તાન ન છેડો. કનૈયા!તારી મુરલીનો ધ્વનિ સાંભળી મારા ચૂલામાંનાં સૂકાં લાકડાં રસભીનાં બની રસ બહાવવા લાગે છે,તેથી અગ્નિ બુઝાઈ જાય છે.અગ્નિ બુઝાઈ જાય તો હું રસોઈ કેવી રીતે કરું?મારા લાલાની વાંસળી જેના કાન માં ગઈ તે કાયમનો તેનો ગુલામ બની જાય છે,તેથી સખી મેં માની લીધું છેકે આ કનૈયો સૌથી મોટો છે.શ્રીકૃષ્ણની રૂપમાધુરીએ અનેકોને આકર્ષ્યા છે.નિર્ગુણ બ્રહ્મના ઉપાસક મધુસૂદન સ્વામી પણ શ્રીકૃષ્ણની મનોહરરૂપ છટા પાછળ પાગલ બન્યા છે.તેઓ કહે છે કે,ગોપીઓની પાછળ ફરવાવાળા કોઈ શેઠે જબર જસ્તીથી અમને પોતાનાં ચરણો માં ગુલામ બનાવી દીધા છે.ભક્તો કહે છે કે,શ્રીકૃષ્ણની રૂપમાધુરી એવી દિવ્ય છેકે,વૈકુંઠ ના નારાયણ કરતાં પણ મને શ્રી કૃષ્ણ શ્રેષ્ઠ લાગે છે.ભોજનનો વખત થતાં યશોદા ગર્ગાચાર્યને ભોજન પતાવવા વિનંતી કરે છે.

ગર્ગાચાર્ય કહે છે કે,મારી રસોઈ હું મારા હાથે બનાવીશ. ગર્ગાચાર્યજી યમુનામાં સ્નાન કરી પાણી ભરી આવ્યા છે.ગર્ગાચાર્ય ના ઈષ્ટદેવ ચતુર્ભુજ દ્વારકાનાથ છે. ગર્ગાચાર્ય આજે ઠાકોરજી માટે ખીર બનાવે છે.કેવળ પોતાને માટે રાંધીને ખાય તે અન્ન ખાતો નથી,પણ પાપ ખાય છે.માટે રાંધો તો તમારા ઠાકોરજી માટે રાંધો. સંપત્તિનો સેવામાં ઉપયોગ થાય તો જ સફળ છે. પોતાના શરીરમાં પ્રેમ રાખો છો.તેથી વિશેષ પ્રેમ ઠાકોરજીમાં રાખો.ગર્ગાચાર્ય ખીર બનાવે છે.ખીર ભગવાનને અર્પણ કર્યા વગર ખવાય નહીં.ગર્ગાચાર્ય ખીર માં તુલસીદળ પધરાવી ચતુ ર્ભુજ પ્રભુની સ્તુતિ કરે છે કે,હે નારાયણ લક્ષ્મીપતે, વૈકુંઠપતે, ખીર આરોગો!

કનૈયો કહે,લક્ષ્મીપતિ,વૈકુંઠનાથ તો હું છું,તો મને બોલાવે છે.મારે જવું જોઇએ એટલે એ દોડતા આવ્યા અને ખીર ખાવા લાગ્યા.

ગર્ગાચાર્ય બારમાળા થાય ત્યાં સુધી ઠાકોરજી સન્મુખ થાળ રાખે છે અને ૐ નમો નારાયણ ૐ નમો નારાયણ એવો જાપ જપે છે કનૈયો કહે છે કે,આ પણ ઠીક છે.

બાર માળા પૂરી થઈ. ગર્ગાચાર્યે આંખ ઊઘાડી તો નાનકડા બાલ કૃષ્ણ ખીર આરોગતા હતા! તેઓ બૂમ મારે છે કે,યશોદા,હે યશોદા! હે તારો લાલો મારી ખીર ખાઈ જાય છે! યશોદા આવે છે.જુએ તો કનૈયાનું મોઢું ખીરથી ખરડાયેલું. કનૈયો અડધી ખીર ખાઈ ગયો હતો.યશોદા કનૈયાને ધમકાવવા લાગ્યા ઘરમાં ક્યાં થોડું છે તે તું મહારાજ ની ખીર ખાવા લાગ્યો. કનૈયો કહે છે મા,તું મને વઢે છે,પણ મહારાજ મને ખીર ખાવા બોલાવે પછી તો મારે ખાવી પડે ને?યશોદાજી ગર્ગાચાર્યને પૂછે છે, તમે આને બોલાવેલો?ગર્ગાચાર્ય કહે છે,ના,હું એને શું કામ બોલાવું?કનૈયો કહે છે,એ તો હું મારા પ્રભુ ચતુર્ભુજ નારાયણને બોલાવતો હતો! આ સાંભળી કનૈયો એવું હસ્યો કે,યશોદાને એનામાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.તે બોલી ઊઠી,ના,ના, ચાર હાથવાળા નારાયણ કરતાં મારા બે હાથવાળો મુરલીધર અતિ સુંદર છેપછી યશોદાએ ગર્ગાચાર્ય ને કહ્યું,નાદાન છોકરો છે.તેને અક્કલ નથી. ફરીથી ખીર બનાવો ગર્ગાચાર્ય ફરીથી સ્નાન કરવા ગયા.યશોદા લાલાને ગોદમાં લઈ બેસે છે. કનૈયો કહે છે, મા,મા,મને કોયલ જેવું બોલતાં આવડે છે. એમ કહી કનૈયો કહુ કુહુ કરવા લાગ્યો.મોરઆંગણામાં આવી થૈ થૈ નાચે છે,ત્યારે કનૈયો માને કહે છે,મા,મને પણ એની પેઠે નાચતાં આવડે છે. કનૈયો છુમછુમ નાચે છે!ગર્ગાચાર્યે ફરી થી ખીર બનાવી ઠંડી પાડી. લાલો આવીને માની ગોદમાં સૂઈ ગયો. યશોદાજી વિચારે છે કે,લાલો સૂઈ ગયો છે.હવે મહારાજ શાંતિથી જમશે.

વાચક ચાહક મિત્રો આપણું ભવિષ્ય ફક્ત નસીબ પર નહીં, પણ આપણા પોતાના કાર્યો પર આધારિત છે.જે લોકો ફક્ત નસીબ પર આધાર રાખે છે તેઓ જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરી શકતા નથી. ભગવાને આપણને કાર્ય કરવાની સ્વતંત્રતા આપી છે, તેથી ભાગ્યને દોષ આપવાને બદલે,આપણે આપણા પોતાના પ્રયત્નોમાં વિશ્વાસ રાખવો જોઈએ. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### ₹6.5 કરોડ જેટલી રકમના ખર્ચે તૈયાર થયેલ સામૂહિક કેન્દ્ર અને ₹1 કરોડના ખર્ચે આયુર્વેદિક હોસ્પિટલનુ મુખ્યમંત્રીએ કર્યુ લોકાર્પણ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કપડવંજ શહેરને અર્પણ કર્યા અત્યાધુનિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને આયુર્વેદિક હોસ્પિટલ

### હવે કપડવંજ અર્બન સહિત આસપાસના અંતિસર, આંત્રોલી, મોટી ઝેર, નિરમાલી, સોરણા, તોરણા, ભુગળીયા, વઘાસ સહિતના ₹2.7 લાખ થી વધુ લોકોને મળશે ઝડપી અને અસરકારક આરોગ્ય સેવાઓ





**ખેડા, તા.05**

રાજ્યના નાગરિકોને ઉચ્ચ પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે. આજ રોજ મુખ્યમંત્રી ભૂપેનદ્ર પટેલ દ્વારા કપડવંજ શહેરને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને નવા આયુર્વેદિક દવાખાનાનો શુભારંભ કરવામાં આવ્યો છે જેનાથી કપડવંજ તથા આસપાસના નાગરિકોની આરોગ્ય સેવાઓમાં ઉમેરો થયો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સુદ્રઢ દ્રષ્ટિ માટે બાળકોને ચશ્મા આપ્યા હતા. મુખ્યમંત્રીએ જાતે બાળકોને ચશ્મા પહેરાવી તેમના સ્વાસ્થ્ય બાબતે બાળકો સાથે વાતચીત કરી હતી.

રૂ. ૬.૫ કરોડ જેટલી રકમના ખર્ચે તૈયાર થયેલ આ કપડવંજ સામૂહિક આરોગ્ય કેન્દ્રના માધ્યમથી અનેકવિધ રોગોની સારવાર નિશુલ્ક અને નજીકના સ્થળે જ ઉપલબ્દ્ધ થશે. જેમ કે, ઈનડોર મેડિકલ ઓપીડી, ગાયનેક ઓપીડી, ડીલીવરી, ફીઝીયોથેરાપી, ડાયાલિસીસ, લેબોરેટરી, એક્ષ રે, એચ.આઈ.વી સહિત જાતિયના રોગની તપાસ અને ૨૪*૭ કલાક ઈમરજન્સી સારવાર નાગરિકોને આપવામાં આવશે. કપડવંજ નગરપાલિકા સહિત આસપાસના અંતિસર, આંત્રોલી, મોટી ઝેર, નિરમાલી, સોરણા, તોરણા, ભુગળીયા, વઘાસ સહિતના ૨.૭ લાખ થી વધુ લોકોને આ નવીન સામૂહિક કેન્દ્ર અને આયુર્વેદિક હોસ્પિટલની સેવાઓનો સીધો લાભ મળશે. આ તમામ વ્યવસ્થાઓનું ખૂબ જ બારાકાઈથી મુખ્યમંત્રીદ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન કર્યું હતું. જેમાં ખાસ કરીને દાઉદી વ્હોરા સમાજ દ્વારા મુખ્યમંત્રીને વિશેષ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

નોંધનીય છે કે નવુ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અનેક માળખાકીય સુવિધાઓથી સજ્જ છે. જેમાં, ગ્રાઉન્ડ ફ્લોર પર કેસ બારી, રજીસ્ટ્રેશન, ઓ.પી.ડી રૂમ, મેડીકલ સ્ટોરેજ રૂમ, સોનોગ્રાફી, લેબોરેટરી, ગાયનેક વિભાગ, ઓપરેશન થીએટર, લેબર રૂમ, એક્સ રે વિભાગ, એડમિન ઓફીસ, ટેકનીશીયન રૂમ, વિશાળ પેસેજ, વેઈટીંગ એરીયા, ઓટો ક્લેવ, સ્ટેરીલાઈઝેશન, ફાર્મસી રૂમ તથા સુપ્રિટેન્ડન્ટ રૂમ આવેલા છે.

આ સીએચસી આઈસોલેશન વોર્ડ-૧ અને ૨, બ્લડ સ્ટોરેજ, આયુર્વેદિક ડોક્ટર રૂમ, સ્પેશિયલ તથા સેમી સ્પેશિયલ વોર્ડ, મેલ - ફીમેલ વોર્ડ, ડાયાલીસીસ વોર્ડ, ફીઝીયોથેરાપી, નર્સિંગ તથા દરેક માળ પર રેમ્પ, વિશાળ પેસેજ, તથા વેઈટિંગ એરિયા, સ્ત્રી- પુરુષ માટે અલગ ટોઈલેટ બ્લોક જેવી સુવિધાઓ ધરાવે છે. જેના થકી દર્દીઓને મેડીકલ ઓફીસરના સ્ટાફ નર્સ સહિત ૨૪ કલાકની સુવિધાયુક્ત સેવાઓ મળશે.

વધુમાં અહીં સુવાવડ માટે લેબર રૂમ, નવજાત શિશુસંભાળ વિભાગ, ઈમરજન્સી વોર્ડ, એક્સે રૂમ વિથ ડાર્ક રૂમ, આઈસોલેશન વોર્ડ, આંખ વિભાગ, ડેન્ટલ વિભાગ, રાષ્ટ્રીય કુંટુંબ કલ્યાણ ઓપરેશન થીયેટર, રસીકરણ રૂમ, મેલવોર્ડ/ફીમેલવોર્ડ, પીએમજેવાયની સુવિધા, પ્રીઓપરેટીવ રૂમ, પોસ્ટ ઓપરેટીવ રૂમ, સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ તથા આરોગ્યની તમામ સેવાઓ પ્રજાને મળશે.

વિભિન્ન માળખાકીય સુવિધાઓ સાથે આ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આરોગ્ય કર્મીઓથી સજ્જ કરવામાં આવ્યુ છે. જેમા, સ્ત્રી રોગ નિષ્ણાંત, મેડીકલ ઓફીસર્સ, દંત સર્જન, ફીઝીયોથેરાપીસ્ટ, ફાર્માસિસ્ટ, સ્ટાફ નર્સો, આઈટીસીટી કાઉન્સેલર, લેબ ટેકનિશીયન સહિતનો મેડીકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફ પણ નિયુક્ત કરવામાં આવેલો છે. સાથે જ સુરક્ષા, સફાઈ, પરિવહન સહિતની પાયાની સેવાઓનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યુ છે.

આ સિવાય મુખ્યમંત્રીએ રૂ. ૦૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ હરિલાલ માણેકલાલ દેસાઈ સેવાસંઘ, સરકારી આયુર્વેદ હોસ્પિટલના નવીન મકાનનું તક્તી અનાવરણ કર્યું હતું. જેમાં પંચકર્મ રૂમ, પંચકર્મ કિચન, ડાયટ રૂમ અને જનરલ ઔષધ ભંડારની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, પુરુષ અને મહિલા દર્દીઓ માટે અલગ-અલગ વોર્ડની પણ સુવિધા, ફિઝિયોથેરાપી સેન્ટર, શિરોધારા માટેનો ખાસ રૂમ અને મેલ રૂમ જેવી વિશિષ્ટ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ નવું ભવન કપડવંજ વિસ્તારના નાગરિકોને આયુર્વેદિક પદ્ધતિથી ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવામાં મહત્વનું યોગદાન આપશે.

નવીન સી.એચ.સી લોકાર્પણ પ્રસંગે ખેડા જિલ્લા પ્રભારી મંત્રી અને અન્ન અને નાગરિક પુરવઠો, કેબિનેટ મંત્રીરમણ સોલંકી, મહેસુલ પંચાયત રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા, કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા, કલેકટર અમિત પ્રકાશ યાદવ, પોલીસ અધિક્ષક વિજય પટેલ, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, અગ્રણી નયનાબેન પટેલ, અગ્રણી અજય બ્રહ્મભટ્ટ, કપડવંજ નગરપાલિકા પ્રમુખ મતી વર્ષાબેન પંચાલ, ઉપપ્રમુખનિરવભાઇ પટેલ, કારોબારી ચેરમેનઅલ્પેશ પંડયા, એપીએમસી ચેરમેનધવલ પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી વી.એસ.ધ્રુવે, નડિયાદ સિવિલ આરએમઓ, આર.સી. એચ.ઓ, મુખ્ય જિલ્લા ટીબી અધિકારી, તમામ તાલુકા હેલ્થ સટાફ સહિત કપડવંજ શહેરના અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અદાણી એનર્જી સોલ્યુશન્સ દ્વારા ડિસ્કોમ્સમાં ₹1 કરોડ સ્માર્ટ મીટરનું સીમાચિહ્નરૂપ વિતરણ

**અમદાવાદ, તા.05**

સંકલિત ઉર્જા ઉકેલો પૂરા પાડતી ભારતની ટોચની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.(AESL) ડિસ્કોમ્સમાં 1 કરોડ વીજ સ્માર્ટ મીટર સફળતાપૂર્વક પૂરા પાડી ભારતની જ નહી પરંતુ સંભવત વૈશ્વિક સ્તરની પ્રથમ કંપની બની છે. આગામી નાણાકીય વર્ષમાં બીજા 1 કરોડ સ્માર્ટ મીટર પહોંચાડવાનું લક્ષ્ય છે. ભારતના અદ્યતન મીટરીંગ આંતરમાળખાકીય સેવા પૂરી પાડવામાં અવ્વલ નંબરની કંપની તરીકે અદાણી એનર્જી સોલ્યુશન્સ પાંચ રાજ્યોમાં 2.5 કરોડ સ્માર્ટ મીટર સ્થાપવાનો ઓર્ડર ધરાવે છે. આ વ્યવસાયમાં રોજના 25,000 મીટર સ્થાપવાની તેની હરણફાળરુપ ગતી સૌથી વધુ છે.

31 માર્ચ 2026 સુધીમાં 1 કરોડના આંક હાંસલ કરવાના કંપનીના નિર્ધારીત લક્ષ્યથી આ સીમાચિહ્ન ઘણું આગળ રહેવા સાથે અત્યંત જરૂરી છૂટક વીજ વિતરણમાં ડિજિટલ પરિવર્તન લાવી વપરાશ પર આમૂલ ડેટા પ્રદાન કરવા અને ગ્રીડના આધુનિકીકરણ પ્રત્યેની તેની પ્રતિબધ્ધતાને અદાણી એનર્જી સોલ્યુશન્સ વળગી રહી છે. જેને ભારત સરકારની રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ રાષ્ટ્રવ્યાપી સ્માર્ટ મીટરિંગ રોલઆઉટને મજબૂત ટેકો મળે છે. કંપનીનું સ્માર્ટ મીટર માળખું ગ્રાહકને વાસ્તવિક સ્થિતિ સમજ આપી બિલિંગ પ્રક્રિયાની પારદર્શિતા વધારવા સાથે ઉપયોગિતાના કામકાજને મજબૂતી બક્ષે છે.

અદાણી એનર્જી સોલ્યુશન્સના મુખ્ય કારોબારી અધિકારી કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, "1 કરોડ સ્માર્ટ મીટરના સ્થાપિત આધાર સુધી પહોંચવું એ અમારી શ્રેષ્ઠ સિધ્ધહસ્ત અમલવારી અને વિતરણ ઉપયોગિતા સમેત ગ્રાહકો સાથે ગહન સંકલનનો પુરાવો છે. તેમણે કહ્યું હતું કે આ સ્માર્ટ મીટર માત્ર ઉપકરણ નથી પરંતુ ગ્રાહકોને રીઅલ-ટાઈમ વપરાશ ડેટા સાથે સક્ષમ બનાવી, ગ્રીડની વિશ્વસનીયતામાં નિરંતર સુધારા કરીને નુકસાન ઘટાડવા અને કાર્યક્ષમ ઉર્જા વ્યવસ્થાપનને સક્ષમ બનાવવા માટે ઉત્પ્રેરક માધ્યમ છે. ભારતના ડિજિટલ ઉર્જા સંક્રમણમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે કંપની સંકલ્પબદ્ધ છે.

એક સંકલિત અને ઈકોસિસ્ટમનો અભિગમ અપનાવીને સૌથી વધુ દૈનિક ઈન્સ્ટોલેશન દર પ્રાપ્ત કરવામાં સમર્થ રહેવાની નેમ સાથે સમગ્ર મૂલ્ય કડી પર વધુ અંકૂશ અને દશ્યતા મેળવવા માટે અદાણી એનર્જી સોલ્યુશન્સે સ્થાનિક ડેટા હોસ્ટિંગ માટે તેના સ્માર્ટ સોલ્યુશન્સના સ્માર્ટ મીટરિંગ અને IoT ડિવિઝન અદાણી Esyasoft, અને AdaniConneX જેવી સિસ્ટર કંપનીઓ સાથે જોડાણ કર્યું છે, ઉપરાંત ડિલિવરી સમયરેખા સુનિશ્ચિત કરવા અને કરારના સમયગાળા દરમિયાન પ્લેટફોર્મને સુસંગત સંચાલન કરવા માટે ટાયર- I મીટર બ્રાન્ડ્સ સાથે હાથ મીલાવ્યા છે. અદાણી સમૂહની કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સિબિલિના કામકાજના ભાગરુપે કંપનીએ મીટર બેસાડવાની કામગીરી માટે ટેકનિશિયનોની કૂમકને તાલીમ આપી રહી છે. આ તમામ સામૂહિક રીતે કંપનીની કંઈક અલગ અમલવારીનો હિસ્સો બની રહ્યા છે.

સ્માર્ટ મીટરિંગ કામકાજનો વર્ષ-2024માં આરંભ કર્યાના લગભગ 24 મહિનામાં 1 કરોડ સ્માર્ટ મીટરનું ઉલ્લેખનીય સીમાચિહ્ન હાંસલ કરીને અદાણી એનર્જી સોલ્યુશન્સ દેશની સૌથી ઝડપી ઈન્સ્ટોલેશનકર્તા બની છે.

ભારતમાં પાવર વિતરણના ફલકને આધુનિક બનાવવા માટે RDSS હેઠળ પરંપરાગત 25 કરોડ મીટરને અદ્યતન સ્માર્ટ મીટર વડે પરિવર્તિત કરવાનું કંપનીનું લક્ષ્ય છે. સ્માર્ટ મીટર બિલિંગની ચોકસાઈ વધારી માંગનો વરતારમાં સુધાર તથા એકંદર તાંત્રિક અને વાણિજ્યિક નુકસાન ઘટાડીને નવીનીકરણીય ઉર્જા સંસાધનોના એકીકરણને ટેકો આપવાના ધ્યેયથી ગ્રીડની ડિઝાઈન અને કામગીરીને સાંકળીને એક યોજના ઘડવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

# રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન 2026-27 અંતર્ગત ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ઘઉંની સીધી ખરીદી કરાશે

**ગાંધીનગર, તા.05**

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંનો લઘુત્તમ ટેકાના ભાવ રૂ. ૨,૫૮૫/- પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉપ્તાદનના પોષણક્ષમ ભાવ મળી રહેવા પામે રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે.

નોંધ લેવી કે લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે સામ્ય કથાએ VCF મારફતે ૦૧/૦૨/૨૦૨૬ થી ૦૦૧/૦૩/૨૦૨૬ સુધી કરવામાં આવે તેમજ ઘઉંની ખરીદી તા. ૦૪/૦૩/૨૦૨૬ થી ૧૫/૦૫/૨૦૨૬ સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂતો મિત્રોને અપીલ કરવામાં આવે છે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમૂનો, ૭/૧૨,૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ માં ન થઈ હોય તો તલાટીના સહી સિકકા વાળો દાખલો. ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંક પાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે.

ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે, જેની નોંધ લેશો ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવી.

હેલ્પલાઈન નંબર - નોંધણી બાબતે કોઈ મુશકેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે એમ જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમદાવાદના બાવળામાં 4 વર્ષના ગુમ બાળકની મોડી રાતે લાશ મળી, સમગ્ર પંથકમાં ચકચાર....



**અમદાવાદ, તા.05**

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ધનવાડા ગામેથી રહસ્યમય રીતે ગુમ થયેલા 4 વર્ષના માસૂમ બાળક ધાર્મિક રાહુલભાઈ વાટુકિયાનો મૃતદેહ મળી આવ્યો છે. સાયકલ લઈને રમવા નીકળેલો ધાર્મિક ઘર પરત ન ફરતા પરિવારે શોધખોળ શરૂ કરી હતી. પોલીસે પણ વિવિધ ટીમો બનાવીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

બપોરના સમયે ધાર્મિક પોતાની નાનકડી સાયકલ લઈને ઘરની બહાર રમવા નીકળ્યો હતો. કલાકો વીતી જવા છતાં જ્યારે તે ઘરે પરત ન ફર્યો ત્યારે પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ગામના તળાવ કિનારેથી ધાર્મિકની સાયકલ બિનવારસી હાલતમાં મળી આવી હતી. સાયકલ અહીં મળતા જ પરિવારના જીવ અધ્ધર થઈ ગયા હતા અને બાળક તળાવના પાણીમાં ગરકાવ થયો હોવાની આશંકા પ્રબળ બની હતી.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. એક તરફ ચર્ચા એવી પણ હતી કે, કોઈ અજાણ્યો બાઈક સવાર બાળકને ઉઠાવી ગયો હોઈ શકે છે. જેના કારણે પોલીસે અપહરણના પાસા પર પણ તપાસ શરૂ કરી હતી. બીજી તરફ, સાયકલ તળાવ કિનારે હોવાથી અકસ્માતે બાળક તળાવમાં પડ્યું હોવાની શક્યતા વધુ દેખાતી હતી. સત્ય જાણવા માટે અમદાવાદ અને ધોળકા ફાયર વિભાગની ટીમોને તાત્કાલિક બોલાવવામાં આવી હતી.

ફાયર વિભાગના જવાનોએ આખી રાત તળાવમાં બોટ અને આધુનિક સાધનોની મદદથી સઘન સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આખું ગામ અને પરિવાર બાળક હેમખેમ મળી આવે તેવી પ્રાર્થના કરી રહ્યા હતા. પરંતુ વિધિના લેખ કંઈક અલગ જ હતા. મોડી રાત્રે ફાયર બ્રિગેડની ટીમને ધાર્મિકનો મૃતદેહ તળાવના ઊંડા પાણીમાંથી મળી આવ્યો હતો. એકનો એક લાડકવાયો દીકરો હવે આ દુનિયામાં નથી રહ્યો તે જાણીને પરિવાર પર આભ ફાટી પડ્યું છે. માતા-પિતાના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું છે. પોલીસે હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતે મોતનો ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ફાગવેલ ખાતે ભાથીજી મહારાજના દર્શન કર્યા

### ભાથીજી મહારાજના આશીર્વાદથી ફાગવેલ તાલુકાનો નવોત્થાન આરંભ, મુખ્યમંત્રીએ જન સુખાકારી માટે કરી પ્રાર્થના




**ખેડા, તા.05**

ખેડા જિલ્લાની વિકાસયાત્રામાં એક ઐતિહાસિક અને સ્મરણિય દિવસ નોંધાયો છે. મુખ્યમંત્રીભુપેન્દ્ર પટેલના વરદહસ્તે જિલ્લાના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ સાથે નવરચિત ફાગવેલ તાલુકાનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીએ પોતાના પ્રવાસની શરૂઆત કપડવંજ ખાતે અદ્યતન સુવિધાઓથી સજ્જ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરના લોકાર્પણથી કરી હતી, જેના પરિણામે આ વિસ્તારમાં રહેતા નાગરિકો માટે આરોગ્ય સેવાઓ વધુ સુલભ અને સક્ષમ બનશે. ત્યારબાદ મુખ્યમંત્રીફાગવેલ ખાતે પધારી ભાથીજી મહારાજના દર્શન કર્યા હતા અને રાજ્ય તથા જન સુખાકારી માટે ભાવપૂર્વક પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રીએ મંદિર પરિસરમાં ઉપસ્થિત જનસમુદાયનું હર્ષભેર અભિવાદન ઝીલ્યું હતું. આ તકે ભાથીજી મંદિર ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીનું તલવાર અને ભાથીજી મહારાજની તસવીર ફ્રેમ અર્પણ કરીને પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. ફાગવેલ મંદિર ખાતે મુખ્યમંત્રીએ સ્થાનિક દુકાનદારો સાથે વાતચીત પણ કરી હતી.

આ પ્રસંગે ફતેસિંહ કાના રાઠોડ, ભાથીજી મંદિર ટ્રસ્ટ, ફાગવેલના ટ્રસ્ટી સર્વઅભેસિંહ નાના રાઠોડ, સુખા શીવા, નરેન્દ્રસિંહ અભેસિંહ રાઠોડ, નટવરસિંહ કાળુસિંહ, ચંદ્રસિંહ અમરસિંહ, પર્વતસિંહ સુરા રાઠોડ, અન્ન નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકી, મહેસુલ રાજ્યમંત્રી સંજય સિંહ મહિડા, જળ સંપતિ રાજ્યમંત્રીઈશ્વર પટેલ, પૂર્વ સાંસદ રતનસિંહ રાઠોડ, અગ્રણીનયનાબેન પટેલ, અજય બ્રહ્મભટ્ટ, બાલાસિનોરના ધારાસભ્યમાનસિંહ ચૌહાણ, કપડવંજના ધારાસભ્ય રાજેશ ઝાલા, પૂર્વ જિલ્લા પંચાયત સભ્યપ્રવિણસિંહ રાઠોડ, ઠાસરા પ્રાંત અધિકારીકરણ પ્રજાપતિ સહિત ફાગવેલ તાલુકાના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સંજુ સેમસનની એક સમયે વર્લ્ડકપમાં રમવાની તૈયારી હતી, હવે પ્લેઈંગ 11માં પણ જગ્યા ના મળી

**નવી દિલ્હી, તા.05**

T20 વર્લ્ડ કપ 2026 શરૂ થાય તે પહેલા જ ભારતીય ટીમમાં મોટા ફેરફારના સંકેતો મળી રહ્યા છે. ન્યૂઝીલેન્ડ સામેની સીરિઝમાં પ્રથમ પસંદગીના વિકેટકીપર રહેલા સંજુ સેમસન હવે પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર થવાના આરે છે. બુધવારે દક્ષિણ આફ્રિકા સામે રમાયેલા વૉર્મ-અપ મેચમાં સેમસને બેટિંગ કરી નહોતી, જ્યારે તેની જગ્યાએ ઓપનિંગમાં આવેલા ઈશાન કિશને માત્ર 20 બોલમાં 53 રનની તોફાની ઈનિંગ રમીને પોતાની દાવેદારી મજબૂત કરી દીધી છે.



ઈશાને આ ઈનિંગમાં 7 સિક્સર ફટકારી હતી અને બાદમાં વિકેટકીપિંગની જવાબદારી પણ સંભાળી હતી, જેનાથી સ્પષ્ટ થાય છે કે 7 ફેબ્રુઆરીએ અમેરિકા સામેની પ્રથમ મેચમાં ઈશાન કિશનને જ તક મળશે.

સંજુ સેમસન માટે છેલ્લા પાંચ મેચો નિરાશાજનક રહ્યા છે, જેમાં તે માત્ર 10, 6, 0, 24 અને 6 રન જ બનાવી શક્યો હતો. બીજી તરફ, બે વર્ષ બાદ ટીમમાં વાપસી કરનાર ઈશાન કિશન શાનદાર ફોર્મમાં છે. તેણે છેલ્લી કેટલીક મેચોમાં 76 અને 103 રન જેવી મોટી ઈનિંગ્સ રમી છે. વૉર્મ-અપ મેચમાં પણ તેના 265ના સ્ટ્રાઈક રેટથી રન બનાવવાની ક્ષમતાએ સેમસનના નબળા ફોર્મ સામે તેને પ્રબળ દાવેદાર બનાવી દીધો છે. આ સાથે જ સેમસન પાસેથી વિકેટકીપિંગની જવાબદારી પણ છીનવાઈ જતી દેખાઈ રહી છે.

વૉર્મ-અપ મેચ ભારતીય ખેલાડીઓ માટે એક રીતે 'ઓડિશન' સમાન હતી, જેમાં કેટલાક ખેલાડીઓ નિષ્ફળ રહ્યા છે. બોલિંગમાં હર્ષિત રાણા અને કુલદીપ યાદવનું પ્રદર્શન સાધારણ રહ્યું હતું, જેને કારણે અમેરિકા સામેની મેચમાં તેને પ્લેઈંગ ઈલેવનમાં જગ્યા મળવી મુશ્કેલ જણાય છે. હર્ષિતે એક ઓવરમાં 16 રન અને કુલદીપે બે ઓવરમાં 25 રન લૂંટાવ્યા હતા. આ સંજોગોમાં ભારત વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલ જેવા સ્પિનરો સાથે મેદાનમાં ઉતરી શકે છે.

ભારતની સંભવિત પ્લેઈંગ ઈલેવન, અભિષેક શર્મા, ઈશાન કિશન(વિકેટકીપર), તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ, અક્ષર પટેલ, હાર્દિક પંડ્યા, રિન્કુ સિંહ, શિવમ દુબે, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી.

# પાકિસ્તાનની મુશ્કેલી વધી, વધુ એક મેચ કેન્સલ થવાની ભીતિ, ભારતનો બહિષ્કાર ભારે પડશે!

**નવી દિલ્હી, તા.05**

T20 વર્લ્ડ કપ 2026 માં પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. ભારત સામે રમવાનો ઈનકાર કર્યા બાદ હવે પાકિસ્તાન પર ટૂર્નામેન્ટમાંથી વહેલા બહાર ફેંકાઈ જવાનું જોખમ તોળાઈ રહ્યું છે.



ટી20 વર્લ્ડ કપ 2026 માં ગ્રુપ A માં રહેલી પાકિસ્તાની ટીમની પ્રથમ મેચ 7 ફેબ્રુઆરીએ કોલંબોમાં નેધરલેન્ડ સામે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આખું અઠવાડિયું ભારે વરસાદ અને વીકએન્ડ પર વાવાઝોડાની શક્યતા છે. જો આ મેચ વરસાદમાં ધોવાઈ જાય, તો પાકિસ્તાન માટે સુપર 8 માં પહોંચવું લગભગ અશક્ય બની જશે, કારણ કે ભારત સામેની મેચના 2 પોઈન્ટ્સ તે પહેલેથી જ ગુમાવી ચૂક્યું છે.

પાકિસ્તાને બાંગ્લાદેશનું સમર્થન કરવાના બહાને ભારત સામે 15 ફેબ્રુઆરીએ યોજાનારી મેચ રમવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. જોકે, ગયા વર્ષે જ બંને દેશો વચ્ચે ન્યુટ્રલ વેન્યુ પર રમવાની સમજૂતી થઈ હતી, જેનો હવે પાકિસ્તાન ભંગ કરી રહ્યું છે. ICC એ આ મામલે પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે, પરંતુ હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી.

જો નેધરલેન્ડ સામેની પ્રથમ મેચ રદ થાય અને ભારત સામેની મેચ પાકિસ્તાન ન રમે, તો અમેરિકા (USA) સામેની મેચ તેમના માટે 'કરો યા મરો' જેવી બની જશે. નોંધનીય છે કે 2024 ના વર્લ્ડ કપમાં અમેરિકાએ પાકિસ્તાનને હરાવ્યું હતું. જો આ વખતે પણ પાકિસ્તાન હારે અથવા વરસાદ પડે, તો તેઓ વર્લ્ડ કપમાંથી સત્તાવાર રીતે બહાર થઈ જશે.

# વૈભવ સૂર્યવંશીની નબળાઈ છતી થઈ, U-19 વર્લ્ડ કપમાં એક જ પેટર્નથી 4 વખત આઉટ

**નવી દિલ્હી, તા.05**

14 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ અંડર-19 વર્લ્ડ કપમાં પોતાના બેટથી શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે 6 મેચની 6 ઈનિંગ્સમાં 44 ની સરેરાશથી 264 રન બનાવ્યા છે. આ દરમિયાન વૈભવનો સ્ટ્રાઈક રેટ 147.48 રહ્યો હતો અને તેણે આખા વર્લ્ડ કપમાં 26 ચોગ્ગા અને 15 છગ્ગા ફટકાર્યા હતા.



બુધવારે (4 જાન્યુઆરી) અફઘાનિસ્તાન સામેની સેમીફાઈનલ મેચમાં વૈભવે માત્ર 33 બોલમાં 68 રનની શાનદાર ઈનિંગ રમી હતી. જેમાં 9 ચોગ્ગા અને 4 છગ્ગાનો સમાવેશ થાય છે. એક સમયે લાગતું હતું કે, તે સદી ફટકારશે, પરંતુ ફરી એકવાર બાઉન્સર બોલ સામે તે લાચાર દેખાયો અને નૂરિસ્તાની ઉમરઝઈના બોલ પર ઓસ્માન સાદાતના હાથે કેચ આઉટ થયો હતો.

આ વર્લ્ડ કપમાં વૈભવની આક્રમક રમતની સાથે તેની એક નબળાઈ પણ સામે આવી છે. તે બાઉન્સર બોલને યોગ્ય રીતે ન્યાય નથી આપી શકતો. 6 મેચોમાંથી 4 વાર તે શોર્ટ અથવા બાઉન્સર બોલ પર તે આઉટ થયો છે:

અમેરિકા સામે: ઋત્વિક અપ્પિડીના બોલ પર 2 રન બનાવી બોલ્ડ થયો.

બાંગ્લાદેશ સામે: 72 રન બનાવ્યા બાદ શોર્ટ બોલ પર મોટો શોટ મારવા જતાં કેચ આઉટ થયો.

ન્યુઝીલેન્ડ સામે: 40 રન પર રમતા વૈભવે જસકરન સંધૂના ઓફ-સ્ટમ્પની બહારના બાઉન્સર પર પુલ શોટ મારવાની કોશિશ કરી અને મિડ-ઓફ પર કેચ આઉટ થયો. ઝિમ્બાબ્વે સામે: 2 રન બનાવીને સીધો મિડ-ઓફ ફિલ્ડરને કેચ આપી બેઠો.

પાકિસ્તાન સામે: 30 રન બનાવીને ફરી બાઉન્સરનો શિકાર બન્યો. સ્ક્વેર પર પુલ શોટ મારવાના પ્રયાસમાં બોલ બેટની નીચેની ધાર પર લાગીને કીપરના હાથમાં ગયો.

વૈભવ સૂર્યવંશી બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સામે બાઉન્સર બોલ પર જ આઉટ થયો છે. વિરોધી ટીમોએ હવે તેની આ નબળાઈ જાણી લીધી છે, તેથી આગળની કારકિર્દી માટે તેણે ટૂંકા બોલ (બાઉન્સર) સામે રમવાની પોતાની ટેકનિકમાં સુધારો કરવો પડશે.

# પાકિસ્તાન મેદાન છોડીને ભાગ્યું : T20 વર્લ્ડ કપમાં ભારત સામે રમવાનો PM શાહબાઝ શરીફનો ઈનકાર

**ઈસ્લામાબાદ, તા.05**

ભારતમાં સાતમી ફેબ્રુઆરીથી 'T20 વર્લ્ડકપ 2026'ની શરૂઆત થવાની છે, જોકે તેના બે દિવસ પહેલા પાકિસ્તાને નાટકો શરૂ કરી દીધા છે. તાજેતરમાં જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસીન નક્વીએ ભારત સામે મેચો રમવાનો ઈન્કાર કર્યો હતો, ત્યારે હવે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફે બુધવારે (4 ફેબ્રુઆરી) જાહેરાત કરી હતી કે, તેમની ટીમ ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026માં ભારત સામે મેદાનમાં ઉતરશે નહીં. 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં રમાનારી હાઈ-પ્રોફાઈલ મેચનો ઈસ્લામાબાદે બહિષ્કાર કરીને ટુર્નામેન્ટના નિયમોનો ભંગ કર્યો છે.




પોતાની નબળાઈ છુપાવવા માટે શાહબાઝ શરીફે બાંગ્લાદેશ સાથે એકતાનું બહાનું આગળ ધર્યું છે. એક તરફ તેઓ કહી રહ્યા છે કે, રમતગમતમાં રાજકારણ ન હોવું જોઈએ અને બીજી તરફ પોતે જ રાજકીય કારણો આપીને મેચનો બહિષ્કાર કરી રહ્યા છે, જે તેમની બેવડી નીતિ છતી કરે છે. પાકિસ્તાન કેબિનેટને સંબોધતા શરીફે આ વિચિત્ર નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો.

ભારત હંમેશા રમતને ખેલદિલીથી રમવામાં માને છે, જ્યારે પાકિસ્તાન આવા બહિષ્કારના નાટક કરીને માત્ર વિવાદો ઉભા કરવામાં માહિર છે. આ નિર્ણયથી પાકિસ્તાને ફરી સાબિત કર્યું છે કે તે રમતગમતના મેદાનને પણ પોતાના ખોટા એજન્ડા માટે વાપરતા અચકાતું નથી.

ICC અગાઉ જ PCB ને ચેતવણી આપી ચૂક્યું છે કે, મેચના બહિષ્કારની સ્થિતિમાં તેણે ગંભીર નાણાકીય અને કાયદાકીય પરિણામો ભોગવવા પડી શકે છે. બ્રોડકાસ્ટર તરફથી કાયદાકીય કાર્યવાહી અને પાકિસ્તાનના વાર્ષિક રેવન્યુ હિસ્સા પર પણ જોખમ તોળાઈ રહ્યું છે. આ ઉપરાંત, પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એકલું-અટૂલું પડી જવાનું જોખમ પણ છે. નકવી પણ આ સ્થિતિથી વાકેફ છે. તેમને ખબર છે કે જો ICC તેમની સામે કડક પગલાં લેશે તો તેમનું બોર્ડ સંપૂર્ણપણે બરબાદ થઈ જશે અને તેઓ વિશ્વભરમાં એકલા પડી જશે. આવી સ્થિતિમાં શક્ય છે કે પાકિસ્તાન ફરી પોતાની જ વાત પરથી ફરી જાય.

# 6 વાર લોહી ચઢાવ્યું અને 100 દિવસ NICUમાં, નિક જોનસે જણાવી દીકરી માલતીના જન્મ સમયની કહાની



**મુંબઈ, તા.05**

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા અને નિક જોનસની દીકરી માલતી આજે ભલે સોશિયલ મીડિયા પર પોતાની ક્યૂટ અદાઓથી ફેન્સના દિલ જીતી રહી હોય, પરંતુ તેનો જન્મ ખૂબ જ મુશ્કેલ સંજોગોમાં થયો હતો. તાજેતરમાં એક પોડકાસ્ટમાં નિક જોનસે પહેલીવાર માલતીના જન્મ સમયના સંઘર્ષ વિશે ખુલાસો કર્યો છે. નિકે ભાવુક થતા જણાવ્યું કે, માલતીનો જન્મ નિર્ધારિત સમય કરતા વહેલો(પ્રી-મેચ્યોર) થયો હતો અને તે સમયે તેનું વજન માત્ર 765 ગ્રામ હતું. જન્મ સમયે માલતીનું શરીર 'જાંબલી' રંગનું થઈ ગયું હતું, જે જોઈને અમે ખૂબ જ ડરી ગયા હતા.

નિકે જણાવ્યું કે, 'તે સમય દરમિયાન માલતીને બચાવવી મુશ્કેલ હતી, આ માટે માલતીને 6 વખત લોહી ચઢાવવું પડ્યું હતું. તેમજ તેને લગભગ સાડા ત્રણ મહિના સુધી હોસ્પિટલના NICU(નવજાત શિશુ સંભાળ યુનિટ)માં રાખવામાં આવી હતી. કોરોના મહામારીનો સમય હોવાથી હોસ્પિટલના નિયમો કડક હતા, છતાં દીકરીની સંભાળ માટે પ્રિયંકા અને હું હોસ્પિટલમાં 12-12 કલાકની શિફ્ટમાં હાજર રહીને તેની 24 કલાક દેખરેખ રાખતા હતા. આજે પણ મને હોસ્પિટલની એ ગંધ યાદ છે, જે મને એ ડરામણા દિવસોની યાદ અપાવે છે.'

આ અંગે વધુમાં વાત કરતા નિકે કહ્યું કે, 'લાંબા સંઘર્ષ અને યોગ્ય સારવાર બાદ માલતીનું વજન ધીરે ધીરે વધ્યું અને તેની તબિયતમાં સુધારો થયો, જેના પછી તેને ઘરે લાવવામાં આવી હતી.' પોતાની દીકરીને 'તાકતવર' ગણાવતા નિકે હોસ્પિટલના સ્ટાફનો આભાર માન્યો હતો. આજે માલતી સંપૂર્ણ સ્વસ્થ છે અને ચોપરા અને જોનસ પરિવારમાં ખુશીઓ બિખેરી રહી છે. ઉલ્લેખનીય છે કે પ્રિયંકા અને નિકે વર્ષ 2018માં લગ્ન કર્યા હતા અને વર્ષ 2022માં સરોગસી દ્વારા માલતીનું તેમના જીવનમાં આગમન થયું હતું.

# મહિલાઓ માટે ફિટનેસ અને રમતગમતને પ્રોત્સાહન આપવા ઍથ્લેટિક ગર્લ્સ યુનાઈટેડની શરૂઆત થઈ



**મુંબઈ, તા.05**

ઍથ્લેટિક ગર્લ્સ યુનાઈટેડ એ એક ઊર્જાવાન અને સશક્ત કોમ્યુનિટી છે, જે વધુ મહિલાઓને શારિરીક પ્રવૃત્તિઓ કરવા, રમતગમતમાં ભાગ લેવા અને પોતાના શારીરિક તથા માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે પ્રેરિત કરે છે. ડૉ. સંજના ધારૈયા અને ધ્વનિ દેસાઈ દ્વારા તેની શરૂઆત કરવામાં આવી છે. બુધવારે આ કોમ્યુનિટીને લોંચ કરવા માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેનો હેતુ અવરોધોને તોડવાનો, આત્મવિશ્વાસ વિકસાવવાનો અને તમામ વય અને ફિટનેસ સ્તરની મહિલાઓ માટે એક સુરક્ષિત, સમાવેશક અને ઉત્સાહજનક જગ્યા બનાવવાનો છે, જે તેમને એકસાથે મળીને મજબૂત બનવા માટે તૈયાર કરે છે. અહીં દરેક નિર્ણય, દિશા અને દૃષ્ટિની આગેવાની મહિલાઓ લેશે. અહીં ફિટનેસ આનંદદાયક બને છે, રમતગમત સૌ માટે સુલભ બને છે અને સમુદાય શક્તિ બની જાય છે. અત્યાર સુધીમાં આ કમ્યુનિટીમાં 500 જેટલી મહિલાઓ જોડાઈ ચુકી છે. તેમાં જોડાવા માટે ઉંમરનું કોઈ બંધન નથી. તેમાં એક્વા ઝુમ્બા, પિકલ બોલ ટુર્નામેન્ટ, સ્વિમિંગ, ફિટનેસ વર્કઆઉટ જેવી પ્રવૃત્તિઓમાં ફી ભરીને ભાગ લઈ શકાશે. આ સિવાય વીમેન્સ ડે જેવા ખાસ દિવસો પર ખાસ કાર્યક્રમોનું પણ આયોજન થશે.

# તાપસી પન્નુ 'અસ્સી'માં બળાત્કારનો કેસ લડતી વકીલની ભૂમિકામાં જોવા મળશે

## તાપસી અને અનુભવ સિંહા ફરી એક વખત સાથે મજબુત ફિલ્મ લાવશે

**મુંબઈ, તા.05**

તાપસી પન્નુની આવનારી ફિલ્મ 'અસ્સી'નું ઓફિશિયલ ટ્રેલર લોંચ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં તાપસી ફરી એકવાર ડિરેક્ટર અનુભવ સિંહા સાથે કામ કર્યું છે. આ પહેલાં બંનેએ 'મુલ્ક' અને 'થપ્પડ' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. આ વખતે તાપસી એક એવી વકીલની ભૂમિકા ભજવે છે, જે એક અત્યંત નિર્દય બળાત્કારની ઘટનામો કેસ લડે છે અને પીડિતાને ન્યાય અપાવવા માટે સંઘર્ષ કરે છે. ટ્રેલર અત્યંત કડક, અસરકારક અને ઝંઝોડ નાખે એવું છે. ફિલ્મમાં કની કુસરુતી, મહંમદ ઝીશાન અય્યુબ, રેવતી, કુમુદ મિશ્રા, મનોજ પહવા, સુપ્રિયા પાઠક કપૂર અને નસીરુદ્દીન શાહ પણ મહત્વનાં રોલમાં છે.




ટ્રેલરની શરૂઆત જ એક અસ્વસ્થ કરી દે તેવી નોંધ સાથે થાય છે, જ્યાં તાપસી પન્નુ એક એવો ભયાનક બળાત્કાર કેસ માટે લડવા આગળ આવે છે, જે સમગ્ર દેશભરમાં હેડલાઈન્સ બને છે. વકીલ તરીકે તેની લડાઈ તો હજી શરૂ જ થઈ છે, પરંતુ તે અવિરત છે અને ન્યાય મેળવવાના પોતાના મિશનમાં ઝુકવા તૈયાર નથી.

કની કુસરુતી અને મહંમદ ઝીશાન અય્યુબ એક દંપતીની ભૂમિકા ભજવે છે, એક યુવતી પર કારમાં કેટલાક પુરુષો દ્વારા બળાત્કાર કરવામાં આવે છે અને પછી તેને રેલવે ટ્રેક પાસે ફેંકી દેવામાં આવે છે ત્યારે તેમનું તૂટી પડે છે. ટ્રેલરમાં કેસની તપાસ અને કોર્ટરૂમમાં ચાલતી સુનાવણીની ઝલક પણ જોવા મળે છે. એક દ્રશ્યમાં તાપસીના ચહેરા પર શાહી ભરેલી બોટલ ફેંકવામાં આવે છે, છતાં તે કોર્ટમાં હાજર રહે છે અને પોતાની લડત ચાલુ રાખે છે. તાપસી પન્નુએ કહ્યું, "મને લાગ્યું કે હવે સમય આવી ગયો છે કે આવી કહાનીઓને મે રજૂ કરવી જોઈએ. આવી ઘટનાઓ અત્યંત ચિંતાજનક છે; તે આપણી આસપાસ જ બની રહી છે અને વધતી જાય છે."

# અભિનેતા રાજપાલ યાદવની ધરપકડના એંધાણ! હાઈકોર્ટે ચેક બાઉન્સ કેસમાં સરેન્ડરનો આપ્યો આદેશ

**મુંબઈ, તા.05**

ચેક બાઉન્સના કેસમાં બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવની મુશ્કેલીઓમાં વધારો થયો છે. દિલ્હી હાઈકોર્ટે રાજપાલ યાદવને સરેન્ડર કરવા માટે સમયસીમા વધારવાનો ઈનકાર કરી દીધો છે. જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માની બેન્ચે નિર્દેશ આપ્યો હતો કે, અભિનેતાએ આજે જ (4 ફેબ્રુઆરી, 2026) જેલ સુપરિન્ટેન્ડન્ટ સમક્ષ આત્મસમર્પણ કરવું પડશે.



અદાલતે આદેશ આપતા જણાવ્યું હતું કે, રાજપાલ યાદવને સેટલમેન્ટ અને પેમેન્ટ માટે અગાઉ અનેક તકો આપવામાં આવી હતી, પરંતુ તેમણે કોર્ટમાં આપેલા આશ્વાસનો અને વચનો પૂરા કર્યા નથી. જસ્ટિસ શર્માએ નોંધ્યું હતું કે વારંવાર સમયસીમા વધારવી એ કોર્ટની સહાનુભૂતિનો દુરુપયોગ છે, જે હવે સ્વીકારી શકાય તેમ નથી. અગાઉ જૂન 2024માં હાઈકોર્ટે તેમની સજા સ્થગિત કરી હતી, પરંતુ શરતોનું પાલન ન થતા હવે રક્ષણાત્મક આદેશ પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

આ વિવાદ વર્ષ 2010નો છે, જ્યારે રાજપાલ યાદવે પોતાની ફિલ્મ 'અતા પતા લાપતા' પૂર્ણ કરવા માટે એક કંપની પાસેથી 5 કરોડ રૂપિયાની લોન લીધી હતી. કરાર મુજબ વ્યાજ સાથે 8 કરોડ રૂપિયા પરત કરવાના હતા, પરંતુ રાજપાલ યાદવની કંપની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહી હતી. ત્યારબાદ વિવિધ કરારો થયા અને છેલ્લે રકમ વધીને 11.10 કરોડ સુધી પહોંચી હતી.

આ કેસમાં કડકડડૂમા કોર્ટે રાજપાલ યાદવને ચેક બાઉન્સના સાત મામલામાં દોષિત જાહેર કરીને 1.60 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત, તેમની પત્ની રાધા પર પણ દરેક કેસ દીઠ 10 લાખ રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો હતો. જોકે, રાજપાલ યાદવે બચાવમાં દલીલ કરી હતી કે, તેમણે કોઈ ઉધાર લીધું નથી પણ સામેની કંપનીએ ફિલ્મમાં રોકાણ કર્યું હતું. કોર્ટે આ દલીલ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે હવે આદેશ આપ્યો છે કે, અગાઉ જમા કરવામાં આવેલી રકમ ફરિયાદ કરનાર કંપનીને આપી દેવામાં આવે. આ મામલે આગામી સુનાવણી 5 ફેબ્રુઆરી, 2026ના રોજ થશે, જેમાં સરેન્ડર અંગેનો રિપોર્ટ માંગવામાં આવશે.

# ચાંદી 28 હજાર સસ્તી થઈ: વાયદા બજારમાં ભાવ 2.40 લાખ/ કિલો પર આવ્યો

**નવી દિલ્હી, તા.05**

ગોલ્ડ અને સિલ્વર માર્કેટમાં સતત બે દિવસની તેજી પછી 5 ફેબ્રુઆરીએ ઘટાડો છે. વાયદા બજાર (MCX) માં ચાંદીનો ભાવ આશરે 28 હજાર રૂપિયા (11%) ઓછો થયો છે. 1 કિલો ચાંદીનો ભાવ 2.40 લાખ રૂપિયા પર આવી ગયો છે.

સોનાનો ભાવ પણ આશરે 3 હજાર રૂપિયા (2%) ઘટ્યો છે. 10 ગ્રામ સોનું 1.50 લાખ રૂપિયા પર છે. આ પહેલા 29 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી વચ્ચે ચાંદીની કિંમત 1.60 લાખ રૂપિયા ઓછી થઈ હતી. જ્યારે સોનાની કિંમતમાં 26 હજાર રૂપિયા ઓછી થઈ હતી.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, આજે બુલિયન બજારમાં ચાંદીના ભાવ 30,230 ઘટીને 2,52,232 પ્રતિ કિલો થયા છે. આ દરમિયાન, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 3,613 ઘટીને 1,53,012 થયો. નફા-બુકિંગને કારણે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો.

MCX : મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એક ઓનલાઈન પ્લેટફોર્મ છે જ્યાં સોના-ચાંદીનું ટ્રેડિંગ થાય છે. શેરબજારની જેમ દર સેકન્ડે બોલીઓ લાગે છે જેના કારણે ભાવ સતત ઉપર-નીચે થાય છે.



બુલિયન: આ તે જગ્યા છે જ્યાં તમે ફિઝિકલ સોના-ચાંદી ખરીદો છો. ફિઝિકલ ગોલ્ડને લાવવા, લઈ જવા અને સ્ટોર કરવાનો ખર્ચ આમાં જોડાયેલો હોય છે.

પ્રોફિટ બુકિંગ: સોના-ચાંદીની કિંમત હાલના દિવસોમાં રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી, જેના પછી રોકાણકારોએ મોટા પાયે પ્રોફિટ બુક કર્યો.

ફિઝિકલ ડિમાન્ડમાં ઘટાડો: ઓલ ટાઈમ હાઈ પછી ફિઝિકલ ડિમાન્ડ નબળી પડી, સાથે જ ઔદ્યોગિક ઉપયોગને લઈને ચિંતાઓ પણ વધી.

સેબી રજિસ્ટર્ડ કોમોડિટી એક્સપર્ટ અનુજ ગુપ્તાએ જણાવ્યું કે શિકાગો મર્કેન્ટાઈલ એક્સચેન્જ (CME) એ કોપર પછી હવે સોના અને ચાંદી પર પણ માર્જિન મની વધારી દીધી છે.

સોના પર માર્જિન 6%થી વધારીને 8% કરવામાં આવ્યું છે. જ્યારે ચાંદી પર તેને 11% થી વધારીને 15% કરવામાં આવ્યું છે. માર્જિન વધવાથી કિંમતો પર દબાણ યથાવત રહેવાની અપેક્ષા છે.

કોમોડિટી માર્કેટમાં જ્યારે કોઈ મોટો સોદો કરે છે, ત્યારે તેને પૂરા પૈસા તરત આપવાના હોતા નથી. તેને કુલ કિંમતનો એક નાનો ભાગ સિક્યોરિટી તરીકે જમા કરાવવો પડે છે, જેને 'માર્જિન' કહેવાય છે. માર્જિન વધવાનો અર્થ એ છે કે હવે ટ્રેડર્સને વધુ પૈસા રોકવા પડશે.

ઘણા ટ્રેડર્સ એવા હોય છે જેમણે પહેલાથી ખરીદી કરી હોય છે. માર્જિન વધતા જ એક્સચેન્જ તેમની પાસેથી વધારાના પૈસા માંગે છે. જો તેમની પાસે તરત પૈસા ન હોય, તો તેમને પોતાનું સોનું કે ચાંદી વેચવું પડે છે. જ્યારે ઘણા બધા લોકો એકસાથે વેચે છે, ત્યારે ભાવ ઘટવા લાગે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# ભારતમાં બનશે 100 નવી 'રિલાયન્સ': મુકેશ અંબાણીએ કહ્યું- AIથી ડરશો નહીં, તે નોકરીઓ આપશે

**નવી દિલ્હી, તા.05**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને દુનિયાની સૌથી મોટી એસેટ મેનેજમેન્ટ કંપની 'બ્લેક રોક'ના CEO લેરી ફિન્ક વચ્ચે આજે એટલે કે 4 ફેબ્રુઆરીએ ખાસ વાતચીત થઈ. આ દરમિયાન મુકેશ અંબાણીએ ભારતીય અર્થતંત્ર અને નવી ટેકનોલોજીને લઈને મોટો વિશ્વાસ વ્યક્ત કર્યો.

અંબાણીએ કહ્યું કે ભારત ટેકનોલોજીને દુનિયાના કોઈપણ બીજા દેશ કરતાં વધુ સારી રીતે અપનાવે છે, તેથી આપણને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) થી ડરવાની જરૂર નથી. જ્યારે લેરી ફિન્કે ભારતના યુવાનોને પોતાના દેશ પર વિશ્વાસ રાખવા અને તેની સાથે આગળ વધવાની સલાહ આપી. બેંકમાં પડેલા પૈસા નહીં, બજારમાં રોકેલા પૈસા વધે છે મુકેશ અંબાણીએ ભારતીયોને રોકાણનો મંત્ર આપતા કહ્યું કે દરેક નાગરિકને 'કમ્પાઉન્ડિંગ' (નફા પર નફો)ની તાકાતનો ફાયદો મળવો જોઈએ. તેમણે કહ્યું કે બેંક ખાતામાં સાદા વ્યાજ પર પડેલા પૈસા કમ્પાઉન્ડિંગ નથી. શેરબજારમાં રોકેલા પૈસા જ અસલી કમ્પાઉન્ડિંગ છે. AIથી ડરશો નહીં, તે નોકરીઓની નવી



તકો ઊભી કરશે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર ચર્ચા કરતા અંબાણીએ કહ્યું કે ભારત ટેકનોલોજીને અન્ય કરતા વધુ સારી રીતે અપનાવે છે, તેથી આપણે AIથી ડરવાની જરૂર નથી. જ્યારે લેરી ફિન્કે કહ્યું કે ભારતની મોટી વસતિ માટે AI વિકાસનું એન્જિન બનશે. તે જૂની નોકરીઓને બદલશે અને નવી રોજગારીની તકો ઊભી કરશે. ભારત ઘણા વિકસિત દેશોની સરખામણીમાં ટેકનોલોજી અપનાવવામાં આગળ છે.

આગામી 10 વર્ષ સુધી ભારત 8%થી 10%ના દરે વૃદ્ધિ કરશે લેરી ફિન્કે કહ્યું કે આગામી 10 વર્ષ સુધી ભારત 8%થી 10%ના વૃદ્ધિ દરથી વધશે. જ્યારે મુકેશ અંબાણીએ કહ્યું કે આગામી દાયકા સુધીમાં ભારત ઉર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બની જશે. ભારતમાં 100 નવી 'રિલાયન્સ'નો જન્મ થશે મુકેશ અંબાણીએ ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે આવનારા સમયમાં તેઓ દેશમાં 100 નવી રિલાયન્સ જેવી કંપનીઓ બનતી જોઈ રહ્યા છે. તેમણે કહ્યું કે ભારતની અર્થવ્યવસ્થાનું વૃક્ષ હવે ફળ આપવા લાગ્યું છે. આપણી નીતિઓ સ્થિર અને ટકાઉ રહી છે, જેનો ફાયદો હવે દેખાઈ રહ્યો છે.

મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રી વધુ મોટી થવી જોઈએ જિયો-બ્લેકરોક પાર્ટનરશિપ પર મુકેશ અંબાણીએ કહ્યું કે ભારતીયોએ દાયકાઓથી બચત કરી છે, પરંતુ તે બચત 'પ્રોડક્ટિવ' રહી નથી. જિયો-બ્લેકરોકનો હેતુ આ બચતને કમાણીમાં બદલવાનો છે. બ્લેકરોકના COO રોબ ગોલ્ડસ્ટીને કહ્યું કે ભારતની મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રી હાલમાં 1 ટ્રિલિયન ડોલર (લગભગ 90 લાખ કરોડ)થી ઓછી છે, તે ઘણી મોટી થવી જોઈએ. મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રી 5 વર્ષમાં બમણી થશે જિયો ફાઈનાન્સિયલ સર્વિસિસના ચેરમેન કે.વી. કામથે પણ આ ચર્ચામાં ભાગ લીધો હતો. તેમણે આશા વ્યક્ત કરી કે આગામી પાંચ વર્ષમાં ભારતમાં મ્યુચ્યુઅલ ફંડનું રોકાણ બમણાથી પણ વધુ થઈ જશે.

# ભારત-અમેરિકા ટ્રેડ ડીલનું જોઈન્ટ સ્ટેટમેન્ટ 4-5 દિવસમાં આવશે: પીયૂષ ગોયલ.....

## પહેલો તબક્કો મિડ માર્ચ સુધીમાં ફાઈનલ થવાની શક્યતા

**નવી દિલ્હી, તા.05**

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે (5 ફેબ્રુઆરી) જણાવ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર (બાઈલેટરલ ટ્રેડ ડીલ) પર સંયુક્ત નિવેદન આગામી 4-5 દિવસમાં ફાઈનલ થઈ શકે છે અને તેના પર હસ્તાક્ષર થઈ શકે છે. તેમણે જણાવ્યું કે આ ડીલનો પ્રથમ તબક્કો છે અને તેનું કાનૂની લખાણ મધ્ય માર્ચ સુધીમાં તૈયાર થઈ જશે. ગોયલે સંસદમાં અને મીડિયા સાથેની વાતચીતમાં આ માહિતી આપી.

પીયૂષ ગોયલે કહ્યું કે બંને દેશો વચ્ચે વાતચીત ઝડપથી ચાલી રહી છે. સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર થયા પછી અમેરિકા ભારતીય માલસામાન પર ટેરિફ ઘટાડીને 18% કરી દેશે. ગોયલે જણાવ્યું કે આ વર્ચ્યુઅલ રીતે પણ હસ્તાક્ષર થઈ શકે છે. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા આ ડીલ બંને માટે ફાયદાકારક રહેશે.

ગોયલે સ્પષ્ટ કર્યું કે એગ્રીકલ્ચર



અને ડેરી સેક્ટરને આ ડીલમાં સંપૂર્ણપણે સુરક્ષિત રાખવામાં આવ્યા છે. ફ્રેમવર્ક અન્ડરસ્ટેન્ડિંગમાં બંને દેશોના ક્રિટિકલ અને સંવેદનશીલ સેક્ટર સુરક્ષિત રહેશે. તેમણે કહ્યું કે આ ડીલમાં કોઈ ઈન્વેસ્ટમેન્ટ કમિટમેન્ટ નથી.

અમેરિકા તરફથી ઈન્ડિયન ગુડ્સ પર ટેરિફ ઓછો થયા પછી ભારત પણ અમેરિકી ઈન્ડસ્ટ્રિયલ અને એગ્રીકલ્ચર ગુડ્સ પર ટેરિફ ઝીરો કરશે. તેમાં ટ્રી નટ્સ, વાઈન, ફ્રુટ્સ, વેજીટેબલ્સ વગેરેનો સમાવેશ થાય છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમિસન ગ્રીરે તેને બિગ વિન ગણાવ્યું. ગોયલે કહ્યું કે તેનાથી MSME, એન્ટરપ્રેન્યોર્સ, સ્કિલ્ડ વર્કર્સ અને ઈન્ડસ્ટ્રીને નવી તકો મળશે.

આ વાટાઘાટો ગયા વર્ષે ફેબ્રુઆરીમાં PM નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાતથી શરૂ થઈ હતી. તાજેતરમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ ડીલની જાહેરાત કરી હતી. ભારતે રશિયન તેલ ખરીદવાનું બંધ કર્યું છે અને વેનેઝુએલા જેવા વૈકલ્પિક બજારો શોધી રહ્યું છે. ગોયલે કહ્યું કે આ ભારત-અમેરિકા સંબંધોને મજબૂત કરવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે અને વિકસિત ભારત 2047ની યાત્રામાં મદદ કરશે.

સંયુક્ત નિવેદન પછી કાનૂની કરાર પર કામ ઝડપી બનશે. મધ્ય માર્ચ સુધીમાં પ્રથમ તબક્કાનો ઔપચારિક કરાર થઈ શકે છે. ગોયલે કહ્યું કે વહેલા કરારથી આગળ વધુ છૂટછાટો મળી શકે છે. બંને દેશો વિશ્વની બે સૌથી મોટી લોકશાહી છે અને આ ડીલ તેમની વચ્ચે મજબૂત ભાગીદારી દર્શાવે છે.

# સુપ્રીમ કોર્ટે કહ્યું-અનિલ અંબાણી દેશ છોડીને જઈ શકશે નહીં: વિદેશ ભાગી જવાની આશંકા

## બેંક ફ્રોડ કેસમાં ED-CBIને ફટકાર, કહ્યું- તપાસમાં મોડું કેમ કર્યું, આવી ઢીલાશ સાખીશું નહીં

**નવી દિલ્હી, તા.05**

સુપ્રીમ કોર્ટે અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (ADAG) સાથે સંકળાયેલા 40 હજાર કરોડના બેંક ફ્રોડ કેસમાં તપાસ એજન્સીઓ પર નારાજગી વ્યક્ત કરી. કોર્ટે કહ્યું- CBI અને ED તપાસમાં વિલંબનું કારણ જણાવી શક્યા નથી. બંને એજન્સીઓ પહેલેથી જ ઘણો સમય લઈ ચૂકી છે. આગળ આવી ઢીલાશ સહન કરવામાં આવશે નહીં.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે CBI અને ED ને ચાર અઠવાડિયામાં હાલનો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા જણાવ્યું છે. કોર્ટે નોંધ્યું કે અનિલ અંબાણી તેની પૂર્વ મંજુરી વિના દેશ છોડી શકશે નહીં.

ખરેખરમાં, અરજદાર અને પૂર્વ IAS અધિકારી ઈ.એ.એસ. શર્માએ અનિલના દેશ છોડવાની આશંકા વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન અનિલ અંબાણીએ તેમના વકીલ મુકુલ રોહતગી મારફતે કોર્ટને ખાતરી આપી કે તેઓ કોર્ટની મંજુરી વિના દેશ છોડશે નહીં.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે અનિલ અંબાણી વિરુદ્ધ પહેલાથી જ લુકઆઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યા છે. મહેતાએ કોર્ટને જણાવ્યું- અનિલ ગ્રુપની કંપનીઓ દ્વારા લગભગ 40 હજાર કરોડ સાયફન કરવામાં આવ્યા હોવાનો આરોપ છે.

આના પર કોર્ટે મૌખિક ટિપ્પણી કરી- આટલી મોટી રકમ સાયફન થવાનો આ મામલો છે. કોર્ટે EDના સોગંદનામાને રેકોર્ડ પર લીધું કે ગુનાથી કમાયેલી આવક 20 હજાર કરોડથી વધુ આંકવામાં આવી છે. એજન્સી 8,078 કરોડની સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી ચૂકી છે.

અનિલ અંબાણી વતી હાજર



રહેલા વકીલ શ્યામ દીવાને જાહેર ભંડોળની ઉચાપત કરવાના આરોપોને નકારી કાઢ્યા. તેમણે કહ્યું- રિલાયન્સ પાવર અને રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે લગભગ 20 હજાર કરોડ ચૂકવી દીધા છે. વ્યવસાયિક નુકસાન અને લોન ડિફોલ્ટને ફોજદારી કેસ ન બનાવવા જોઈએ.

સુપ્રીમ કોર્ટે આ પહેલા 23 જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે CBI અને EDને સીલબંધ કવરમાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા જણાવ્યું હતું અને અનિલ અંબાણી તથા ADAGને નોટિસ જારી કરી હતી. અરજીમાં આરોપ છે કે 2007-08થી છેતરપિંડી ચાલી રહી હતી, પરંતુ FIR 2025માં નોંધાઈ.

અરજી મુજબ 2013-17 દરમિયાન RCOM, રિલાયન્સ ઈન્ફ્રાટેલ (RITL) અને રિલાયન્સ ટેલિકોમ (RTL)એ SBI અને અન્ય બેંકો પાસેથી 40 હજાર કરોડથી વધુની લોન લીધી હતી.

બાદમાં લોનની રકમનો નિર્ધારિત હેતુને બદલે અન્ય જગ્યાએ ઉપયોગ થયો. કેટલાક કિસ્સાઓમાં ગ્રુપની અન્ય કંપનીઓને ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવ્યું. સમયસર લોન ચૂકવવામાં પણ ચૂક (NPA) થઈ.

EDએ તેની તપાસમાં જાણ્યું છે કે રિલાયન્સ હોમ ફાઈનાન્સ (RHFL) અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ (RCFL)માં મોટા પાયે ભંડોળનો દુરુપયોગ થયો હતો. 2017 થી 2019ની વચ્ચે, યસ બેંકે RHFL માં 2,965 કરોડ અને RCFL માં 2,045 કરોડનું રોકાણ કર્યું હતું.

ડિસેમ્બર 2019 સુધીમાં, આ રકમ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) બની ગઈ. RHFLના 1,353 કરોડ અને RCFLના 1,984 કરોડ હજુ પણ બાકી છે. કુલ મળીને, યસ બેંકને 2,700 કરોડથી વધુનું નુકસાન થયું. ED અનુસાર, આ ભંડોળ રિલાયન્સ ગ્રુપની અન્ય કંપનીઓમાં ડાયવર્ટ કરવામાં આવ્યું હતું.

લોન મંજૂરી પ્રક્રિયામાં પણ ઘણી ગડબડીઓ મળી. જેમ કે, કેટલાક લોન તે જ દિવસે અરજી, મંજૂરી અને વિતરિત થઈ ગયા. ફિલ્ડ ચેક અને મીટિંગ્સ છોડી દેવામાં આવી. દસ્તાવેજો ખાલી અથવા તારીખ વગરના મળ્યા. EDએ તેને 'ઈન્ટેન્શનલ કંટ્રોલ ફેલ્યોર' ગણાવ્યું છે. તપાસ PMLAની કલમ 5(1) હેઠળ ચાલી રહી છે અને 31 ઓક્ટોબર 2025ના રોજ એટેચમેન્ટ ઓર્ડર જારી થયા.

# ડ્રાઈવરોને મોજ, કસ્ટમરોની ચાંદી!: આજથી શરૂ થશે 'ભારત ટેક્સી', ગૃહમંત્રી અમિત શાહ કરશે લોન્ચ, ઓલા-ઉબરની જેમ કમિશન નહીં આપવું પડે....

**નવી દિલ્હી, તા.05**

દેશની પ્રથમ સહકારી કેબ ટેક્સી સર્વિસ 'ભારત ટેક્સી' આજે લોન્ચ કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દિલ્હીમાં તેની શરૂઆત કરશે. આ નવી સર્વિસની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં ડ્રાઈવરો પાસેથી કોઈ કમિશન લેવામાં આવશે નહીં અને તે પોતે આ પ્લેટફોર્મના હિસ્સેદાર અથવા માલિક હશે.

સહકારિતા મંત્રાલય અનુસાર, 'ભારત ટેક્સી'નો ઉદ્દેશ્ય ડ્રાઈવરોને ખાનગી એગ્રીગેટર કંપનીઓના મોડેલથી આઝાદી અપાવવાનો છે. ટેક્સીનો ટ્રાયલ 2 ડિસેમ્બરે દિલ્હી અને ગુજરાતના અમદાવાદ-રાજકોટમાં શરૂ કરવામાં આવ્યો હતો, જે સફળ રહ્યો છે.

લોન્ચિંગ દરમિયાન અમિત શાહ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા 6 ડ્રાઈવરો (જેમને 'સારથી' કહેવામાં આવ્યા છે) ને સન્માનિત કરશે. આ ડ્રાઈવરોને કંપનીના શેર સર્ટિફિકેટ પણ વહેંચવામાં આવશે. સન્માનિત થનારા ડ્રાઈવરોને 5 લાખ રૂપિયાનું એક્સિડેન્ટલ અને 5 લાખ રૂપિયાનું ફેમિલી હેલ્થ ઈન્સ્યોરન્સ કવર આપવામાં આવશે.

આ ઉપરાંત, પ્લેટફોર્મ સાથે જોડાનારા તમામ ડ્રાઈવરો માટે રિટાયરમેન્ટ સેવિંગ્સ અને ડ્રાઈવર સપોર્ટ સિસ્ટમ જેવી સુવિધાઓ પણ ઉમેરવામાં આવી છે.

ઓલા અને ઉબર જેવી ખાનગી કંપનીઓ સામાન્ય રીતે ડ્રાઈવરોની કમાણીમાંથી 20% થી 30% સુધી કમિશન વસૂલે છે. તેનાથી વિપરીત, ભારત ટેક્સી 'ઝીરો-કમિશન' મોડેલ પર કામ કરશે. એટલે કે ડ્રાઈવર જેટલી કમાણી કરશે, તે સીધી તેના ખાતામાં જશે.




આ સાથે, ગ્રાહકો માટે પણ રાહતની વાત એ છે કે તેમાં 'સર્જ-પ્રાઈસિંગ' (પીક અવર્સમાં વધુ ભાડું) ની સિસ્ટમ નહીં હોય. આનાથી મુસાફરોને પણ સસ્તું ભાડે ટેક્સી મળી શકશે.

ભારત ટેક્સીને આગામી બે વર્ષમાં દેશના તમામ રાજ્યો અને મુખ્ય શહેરોમાં શરૂ કરવાનું લક્ષ્ય છે. આ માટે તેને સરકારના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) સાથે એકીકૃત કરવામાં આવશે. દિલ્હીના 7 મુખ્ય સ્થળોએ ડ્રાઈવરો માટે સપોર્ટ સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યા છે.

આ સભ્યપદ આધારિત મોડેલ છે, જેને સહકાર ટેક્સી કોઓપરેટિવ લિમિટેડ ચલાવશે. તેની સ્થાપના જૂનમાં 300 કરોડની રકમ સાથે થઈ. એપ આધારિત આ સેવા ડિજિટલ ઈન્ડિયાનો એક ભાગ છે. તેની એક સંચાલન પરિષદ હશે, જેમાં અમૂલના એમડી જયેન મહેતા ચેરમેન અને એનસીડીસીના ઉપ પ્રબંધક નિર્દેશક રોહિત ગુપ્તા વાઈસ ચેરમેન છે.

આ ઉપરાંત 8 અન્ય સભ્યો પણ છે, જે દેશની વિવિધ સહકારી સમિતિઓ સાથે જોડાયેલા છે. આ બોર્ડની પ્રથમ બેઠક 16 ઓક્ટોબરના રોજ યોજાઈ ચૂકી છે.

ભારત ટેક્સીની એપ ઓલા-ઉબર જેવી હશે, જે નવેમ્બરમાં એપ સ્ટોર્સ પરથી ડાઉનલોડ કરી શકાશે. એપ હિન્દી, ગુજરાતી, મરાઠી અને અંગ્રેજીમાં હશે.

દરેક રાઈડની 100% કમાણી ડ્રાઈવરને મળશે. તેને ફક્ત દૈનિક, સાપ્તાહિક અથવા માસિક શુલ્ક ચૂકવવું પડશે, જે ખૂબ જ સામાન્ય રહેશે.

એટલે કે મહિલા ડ્રાઈવરો. પ્રથમ તબક્કામાં 100 મહિલાઓ જોડાશે. 2030 સુધીમાં તેમની સંખ્યા 15 હજાર કરવામાં આવશે. 15 નવેમ્બરથી મફત તાલીમ, વિશેષ વીમો મળશે.

ડિસેમ્બરથી માર્ચ 2026 સુધી રાજકોટ, મુંબઈ, પુણેમાં સેવા. 5 હજાર ડ્રાઈવરો હશે. મલ્ટી સ્ટેટ ઓપરેશન.

એપ્રિલથી ડિસેમ્બરની વચ્ચે લખનૌ, ભોપાલ, જયપુરમાં શરૂઆત થશે. 15 હજાર ડ્રાઈવરો અને 10 હજાર ગાડીઓ થઈ જશે.

2027-28માં 20 શહેરોમાં 50 હજાર ડ્રાઈવરો સાથે પાન ઈન્ડિયા સેવા મળવા લાગશે. તેને ફાસ્ટેગ સાથે જોડવામાં આવશે.

2028-2030ની વચ્ચે જિલ્લા મુખ્યાલયો, ગામડાઓમાં એક લાખ ડ્રાઈવરો સાથે સેવા શરૂ થશે.

# સેન્સેક્સ 503 પોઈન્ટ ઘટીને 83,313 પર બંધ: નિફ્ટી પણ 133 પોઈન્ટ ઘટીને બંધ થયો



**મુંબઈ, તા.05**

૫ ફેબ્રુઆરી (ગુરુવાર) શેરબજારમાં ઘટાડો થયો. સેન્સેક્સ 503 પોઈન્ટ ઘટીને 83,313 પર બંધ થયો. નિફ્ટી પણ 133 પોઈન્ટ ઘટીને 25,642 પર બંધ થયો.

મેટલ શેરમાં સૌથી વધુ ઘટાડો થયો હતો, ત્યારબાદ ઓટો, ફાઈનાન્શિયલ સર્વિસિસ, FMCG, IT, ફાર્મા, મીડિયા, પ્રાઈવેટ બેંકો, રિયલ્ટી અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં ઘટાડો રહ્યો હતો.

સેન્સેક્સના 30 શેરમાંથી 26 શેર ઘટ્યા અને માત્ર 4 શેર વધ્યા. ઝોમેટો, ભારતી એરટેલ અને બીઈએલના શેર 2.5% સુધી ઘટ્યા.

જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.73% ઘટીને 53,898 પર અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 3.58% નીચે 5,179 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ 1.28% નીચે 26,503 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 1.03% ઘટીને 4,059 પર કારોબાર કરી રહ્યો છે.

4 ફેબ્રુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.53% ઉપર 49,407 પર બંધ થયો. નેસ્ડેક 1.51% અને S&P 500 0.51% ઘટીને બંધ થયા.

વિદેશી રોકાણકારો (FII)એ 4 ફેબ્રુઆરીના રોજ 250 કરોડના શેર વેચ્યા. જ્યારે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII)એ 6.49 કરોડની ખરીદી કરી હતી.

ડિસેમ્બર 2025માં FIIsએ કુલ 34,350 કરોડના શેર વેચ્યા હતા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા હતા.

ગઈકાલે 4 ફેબ્રુઆરીના રોજ સેન્સેક્સ 79 અંક વધીને 83,818 પર બંધ થયો. નિફ્ટીમાં 48 અંકનો વધારો રહ્યો, તે 25,776ના સ્તર પર બંધ થયો.

ઓટો, એનર્જી અને FMCG શેરોમાં તેજી રહી. જ્યારે IT અને બેન્કિંગ શેરોમાં ઘટાડો રહ્યો. સેન્સેક્સના 30 શેરોમાંથી 22માં તેજી રહી. નિફ્ટીના 50 શેરોમાંથી 38 વધીને બંધ થયા.

# ડોલર થશે ધરાશાયી, તેની જગ્યા સોનું લેશે: US અર્થશાસ્ત્રીએ કહ્યું- ભયાનક આર્થિક સંકટના ભણકારા

**વોશિંગ્ટન, તા.05**

જાણીતા અમેરિકન અર્થશાસ્ત્રી પીટર શિફે મોટા આર્થિક સંકટની ચેતવણી આપી છે. શિફનું માનવું છે કે આપણે એક એવા આર્થિક સંકટ તરફ આગળ વધી રહ્યા છીએ, જેની સામે 2008ની મંદી બાળકોની રમત જેવી લાગશે. ડોલર ધરાશાયી થવાનો છે અને તેની જગ્યા સોનું લઈ લેશે.

પીટર શિફના મતે દુનિયાભરની કેન્દ્રીય બેંકો ડોલર પર નિર્ભરતા ઘટાડી રહી છે. તેઓ સોનાનો રિઝર્વ વધારી રહ્યા છે. શિફનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ગ્લોબલ માર્કેટમાં સોના-ચાંદીની કિંમતોમાં ભારે ઉતાર-ચઢાવ છે. 2025માં સોનું 75% અને ચાંદી 167% વધી છે.

શિફે કહ્યું- આવનારું સંકટ 2008 કરતાં બિલકુલ અલગ હશે. છેલ્લું સંકટ આખી દુનિયામાં ફેલાઈ ગયું હતું, પરંતુ આ અમેરિકાની અંદર જ કેન્દ્રિત રહેશે.

2008નું સંકટ અમેરિકાના હાઉસિંગ માર્કેટના પડવાથી શરૂ થયું હતું, જ્યારે મોટી સંખ્યામાં લોકોએ હોમ લોન ચૂકવવાનું બંધ કરી દીધું હતું.

આનાથી સમગ્ર વિશ્વની બેંકિંગ સિસ્ટમ હચમચી ગઈ અને 1930ની મહામંદી પછીની આ સૌથી મોટી વૈશ્વિક આર્થિક કટોકટી બની ગઈ.

પીટર શિફે એ દાવાઓને પણ નકારી કાઢ્યા જેમાં અમેરિકી અર્થતંત્રને ખૂબ મજબૂત ગણાવવામાં આવી રહ્યું છે. શિફે કહ્યું કે કમનસીબે આ આંકડા સાચા નથી.

આ ખૂબ જ જટિલ છે અને તેમાં સુધારો



કરવામાં આવશે. તેમના પર મોંઘવારીની ઘણી અસર છે. આવનારા કેટલાક વર્ષોમાં મોંઘવારી, બાઈડનના સમય કરતાં પણ વધુ ખતરનાક બનવાની છે. શિફે કહ્યું કે સોનાની વધતી કિંમતો તે મોટા સંકટની ચેતવણી આપી રહી છે જે કાં તો આ વર્ષના અંતમાં અથવા આવતા વર્ષે આવવાનું છે. દુનિયાભરની કેન્દ્રીય બેંકો સોનું ખરીદીને ડોલરથી છુટકારો મેળવી રહી છે. તેઓ અમેરિકી ટ્રેઝરી વેચી રહ્યા છે. સોનું સાચી તસવીર બતાવી રહ્યું છે. શિફે કહ્યું કે આપણે દુનિયા પર નિર્ભર છીએ. તેઓ આપણને તે સામાન આપે છે જે આપણે બનાવતા નથી. ટ્રમ્પ તેને ઊંધું સમજી રહ્યા છે. દુનિયાની અર્થવ્યવસ્થા આપણા કારણે નથી ચાલતી, પરંતુ આપણી અર્થવ્યવસ્થા દુનિયાના કારણે ચાલે છે. આપણી ક્રેડિટ આધારિત ઈકોનોમી ખરાબ થઈ ચૂકી છે જે ડોલરના 'રિઝર્વ કરન્સી' સ્ટેટસ પર ટકેલી છે. ડોલર ધરાશાયી થઈ જશે અને તેની જગ્યા સોનું લઈ લેશે. જોકે, વ્હાઈટ હાઉસના પ્રવક્તા કુશ દેસાઈએ અમેરિકી અર્થશાસ્ત્રીના દાવાથી વિપરીત જણાવ્યું કે અમેરિકી ટ્રેઝરીની વિદેશી હોલ્ડિંગ્સ હાલમાં રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગઈ છે. બિઝનેસ લીડર્સ અમેરિકામાં રોકાણ કરવા અને નોકરીઓ આપવા માટે લાખો-કરોડો રૂપિયા લગાવી રહ્યા છે. જ્યારથી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પદ સંભાળ્યું છે, ગભરાટ ફેલાવનારા લોકો આવી ભવિષ્યવાણી કરી રહ્યા છે. અમેરિકનોએ જોયું છે કે મોંઘવારી ઓછી થઈ છે અને જીડીપી ગ્રોથ ઝડપી થયો છે.'

પીટર શિફ અમેરિકાના જાણીતા અર્થશાસ્ત્રી અને યુરો પેસિફિક એસેટ મેનેજમેન્ટના સ્થાપક છે. તેમને 2008ના નાણાકીય સંકટની સચોટ ભવિષ્યવાણી કરવા માટે ઓળખવામાં આવે છે. શિફ હંમેશા રોકાણના સુરક્ષિત વિકલ્પ તરીકે કિંમતી સોના-ચાંદીની હિમાયત કરતા રહ્યા છે.

# AVની 25મી મેરેજ એનિવર્સરીની થીમ પાર્ટીમાં રેડ: મુંબઈના શખસે સાણંદમાં સાઢુ માટે પાર્ટી રાખી હતી

## વિકેન્ડ હોમમાં ડૉક્ટર-બિલ્ડર-વેપારીઓ માટે હુક્કા ને દારુ પીરસાયો, 81ની અટકાયત

**અમદાવાદ, તા.05**

અમદાવાદમાં સાણંદ પોલીસે ગઈકાલે(4 ફેબ્રુઆરી) મોડી રાત્રે ગોરસ સીમ નજીક આવેલા 'નિર્વાણા ગ્રીન્સ વિકેન્ડ હોમ'માં ચાલી રહેલી હાઈપ્રોફાઈલ દારૂ-હુક્કા મહેફિલ પર રેડ કરીને 81 જેટલા યુવક-યુવતીઓની અટકાયત કરી છે. આ મહેફિલ એક દંપતિની 25મી એનિવર્સરીના નામે આયોજિત કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકોને આમંત્રિત કરાયા હતા. સાણંદના પ્રાઈવેટ વિકેન્ડ હોમમાં મુંબઈના એક શખસે પોતાના સાઢુની મેરેજ એનિવર્સરીને લઇને AVની 25મી મેરેજ એનિવર્સરીની થીમ પાર્ટી યોજી હતી. જેમાં 11 ટેબલ પર કેક, હુક્કા ને દારુ પીરસાયો હતો અને મહેમાન બન્યા હતા અમદાવાદના બિલ્ડર, વેપારીઓ અને ડૉક્ટર. પોલીસે રેડ કરતાં જ પાર્ટી એનિમલ્સમાં નાસભાગ મચી હતી, પરંતુ પોલીસે 38 યુવતી, 43 યુવકો એમ 81 લોકોની અટકાયત કરી કુલ 2.91 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મુંબઈના અમિત ગોપીલાલ પચેરીવાલ (ઉ.વ.49 રહે.જયંત મહેલ, ડી-રોડ, મરીન ડ્રાઈવ, વાનખેડે સ્ટેડીયમની સામે, મુંબઈવાળા) એ પોતાના સાઢુ આદર્શ અગ્રવાલની 25મી એનિવર્સરીની ઉજવણી કરવા પાર્ટીનુ આયોજન કર્યું હતું. આ



હાઈપ્રોફાઈલ પાર્ટીમાં તમામ પ્રકારનું આયોજન કરાયું હતું. વેલ્કમ ડ્રિન્ક્સથી લઇને દારૂ, હુક્કા અને જમવા સહિતની વ્યવસ્થા કરાઈ હતી. વિકેન્ડ હોમમાં ફૂડ કાઉન્ટર ગોઠવાયા હતા અને 11 ટેબલ પર કેક, હુક્કા અને દારૂ પીરસવામાં આવ્યો હતો. પોલીસે બાતમીના આધારે રેડ કરતાં જ મહેફિલમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસે 81 યુવક-યુવતીઓની અટકાયત કરીને તેમને સાણંદની સરકારી હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટ માટે લઈ ગઈ હતી.

પોલીસે ઝડપેલા પૈકી મોટા ભાગના લોકો 35થી 40 વર્ષથી વધુ વયના છે. પોલીસે જણાવ્યું કે, આ મહેફિલમાં અનેક મોટી હસ્તીઓ અને માલેતુજાર પરિવારના યુવક-યુવતીઓ હાજર હતા. સાણંદની મહેફિલમાં 20થી વધારે લક્ઝુરિયસ ગાડીઓ પોલીસે કબજે લીધી છે. લગ્નજીવનની 25મી વર્ષગાંઠમાં પાર્ટીમાં ઉજવણીમાં જેટલા પણ લોકો ઝડપાયા છે એમાં મોટાભાગે અમદાવાદના બિલ્ડર, વેપારીઓ અને ડોક્ટર હોવાનું સામે આવ્યું છે.

આ ઘટના સાણંદ વિસ્તારમાં પ્રાઈવેટ પાર્ટીઓ અને દારૂ-હુક્કાના વધતા કેસો તરફ ધ્યાન દોરે છે. પોલીસે આવા કાર્યક્રમો પર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને સખત કાર્યવાહી કરવાની વાત કરી છે. હાલ તમામ અટકાયતમાં લેવાયેલા લોકોના મેડિકલ ટેસ્ટ ચાલુ છે અને તેમની ઓળખ અને બેકગ્રાઉન્ડની તપાસ પણ ચાલી રહી છે.

# કારંજ પોલીસ સ્ટેશન બહારથી જ એક્ટિવાની ચોરી

## વૃદ્ધ દંપતી પાર્ક કરીને ભદ્રકાળી મંદિરેથી દર્શન કરવા ગયું, 15 મિનિટમાં જ એક્ટિવા ગાયબ

**અમદાવાદ, તા.05**

શહેરમાં પોલીસ સ્ટેશન પાસે જ હવે ચોરી થવા લાગી છે. કારંજ પોલીસ સ્ટેશનની બહાર વૃદ્ધ દંપત્તિ તેમનું વાહન પાર્ક કરીને ભદ્રકાળી મંદિર દર્શન કરવા ગયા અને દંપતી જ્યારે પરત આવ્યું ત્યારે તેમનું એક્ટિવા ચોરી થયું ગયું હતું. એક્ટિવા પોલીસ સ્ટેશનની દીવાલને અડીને જ મૂક્યું હતું, છતાં પોલીસ સ્ટેશનની બહારથી જ ચોરી થતા સુરક્ષાને લઈને સવાલો ઊભા થઈ રહ્યા છે.

અમદાવાદના નારણપુરામાં રહેતા 70 વર્ષથી નરેન્દ્રભાઈ બારોટ તેમના પત્નીને લઈને ભદ્રકાળી મંદિર દર્શન કરવા માટે ગયા હતા. નરેન્દ્રભાઈએ એક્ટિવા કારંજ પોલીસ સ્ટેશનની દીવાલની બહાર પાર્ક કર્યું હતું. એક્ટિવા પાર્ક કરીને મંદિર દર્શન કરવા ગયા જેવા પરત આવ્યા ત્યારે એક્ટિવા ત્યાંથી ગાયબ હતું. 15 મિનિટમાં જ પાર્ક




કરેલું એક્ટિવા ગાયબ થતા તેમણે આસપાસ તપાસ કરી, પરંતુ એક્ટિવા મળી આવ્યું નહતું. એક્ટિવા ના મળતા ચોરી થયું હોવાની જાણ થઈ હતી, જેથી તેમણે કારંજ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે.

કારંજ પોલીસ સ્ટેશનની બહાર થોડા સમય અગાઉ પાથરણા બજાર ભરાતું હતું, જે હવે બંધ કરવામાં આવ્યું છે. ભદ્રકાળી મંદિર હોવાથી ત્યાં પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવે છે. પોલીસ પેટ્રોલિંગ અને બંદોબસ્તના દાવા કરવામાં આવે છે, પરંતુ પોલીસ સ્ટેશનની બહાર જ ચોરીનો બનાવ બનતા કામગીરી પર સવાલ ઊભા થયા છે.

# સુરતના કોન્ટ્રાક્ટરની કરોડોની જમીન વ્યાજખોરોએ વેચી નાખી

## વ્યાજ સહિત 10 લાખ ચૂકવવા છતાં અમદાવાદ PSIની ખોટી ઓળખ આપી ધમકાવ્યો, 4 શખસો સામે ફરિયાદ

**અમદાવાદ, તા.05**

સુરતના કતારગામ વિસ્તારના કોન્ટ્રાક્ટર રજનીભાઈ લાલજીભાઈ જાસોલિયાએ 2018માં ધંધાની જરૂરિયાત માટે લીધેલા 45.70 લાખ રૂપિયાના વ્યાજખોરીના લોન પેટે ભાવનગરના અધેવાડા ગામ પાસેની પિતાની જમીનના દસ્તાવેજ આપ્યા હતા. બાદમાં મુદ્દલ પરત કરવાની તૈયારી બતાવી વ્યાજના 10 લાખ રૂપિયા ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ દસ્તાવેજ પરત ન કરી જમીનને અન્ય મહિલા વસંતબેન માંગુકીયાને આશરે 1.5 કરોડમાં વેચી દીધી હતી. આ બાબતે ફરિયાદીએ ધારાસભ્ય ઉદય કાનગડને પણ જાણ કરી હતી. આરોપીઓએ ફરિયાદીને ગત 11 ડિસેમ્બર, 2025ના રોજ સુરતના વરીવાવ પાણીની ટાંકી પાસે બોલાવીને બેઠક કરી હતી. તેમણે ગોકુળ કરમટીયાએ પોતાને અમદાવાદ સાયબર ક્રાઈમના પીએસઆઈ તરીકે ઓળખ આપી ધાકધમકી આપીને ચક્રવૃદ્ધિ વ્યાજ ગણી 2.5 લાખ રૂપિયાની માંગણી કરી હતી અને બળજબરીપૂર્વક 25 હજાર રૂપિયા પડાવી લીધા હતા. આ ઘટના બાદ રજનીભાઈ જાસોલિયાએ ભરતનગર પોલીસ મથકમાં ગોકુળ કરમટીયા (અમદાવાદ), વાઘજી કરમટીયા (આંબલા, તા. સિહોર), ભુપત કરમટીયા (જલારામ પરોઠા રેસ્ટોરન્ટ, સુભાષબ્રિજ, અમદાવાદ) અને રઘુ સોંડાભાઈ રબારી (બાપા સિતારામ ચોક, કતારગામ, સુરત) સામે ફરિયાદ નોંધાવી છે. ભરતનગર પોલીસે આ ફરિયાદના આધારે BNSની કલમ 316(2), 316(5), 351(3), 352, 308(5), 3(5), 204 તથા ગુજરાત નાણાં ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ 40 અને 42 હેઠળ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# ગુજરાતમાં ઠંડી-ગરમીનો ડબલ ડોઝ: હાડ થીજવતા પવનો ફૂંકાતા હવામાન વિભાગની 8 રાજ્યોને ચેતવણી

**ગાંધીનગર, તા.05**

ગુજરાતમાં હાલ રાત્રે હાડ થીજાવતી ઠંડી અને દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે રાજ્યમાં લઘુતમ તાપમાન 13.8થી 22.8 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 10 ફેબ્રુઆરી સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી અને હવામાન શુષ્ક રહેશે.

ઉત્તર ભારતમાં હવામાને ફરી પલટો લીધો છે. અચાનક વધેલી ઠંડીને કારણે જનજીવન પર અસર જોવા મળી રહી છે. સવારની શરૂઆત ધુમ્મસ સાથે થઈ રહી છે અને સાંજ પડતાં ઠંડીનો વધુ અહેસાસ થઈ રહ્યો છે. પર્વતીય વિસ્તારોમાં સતત બરફવર્ષા થઈ રહી છે, જ્યારે મેદાની વિસ્તારોમાં હાડ



થીજાવતા પવનો ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગે આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર સહિત 8 રાજ્યોમાં ચેતવણી જાહેર કરી છે. ધુમ્મસના કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી ઘટી રહી છે, જેના કારણે ટ્રેન અને ફ્લાઈટ સેવાઓ ખોરવાઈ જવાની શક્યતા વધી છે.

ગુજરાતમાં હાલ ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, 7થી 11 ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસથી નીચે રહી શકે છે, જેના કારણે દિવસના તાપમાનમાં થોડો ઘટાડો જોવા મળશે. ત્યારબાદ 11 ફેબ્રુઆરીથી મહત્તમ તાપમાનમાં ફરી વધારો થવાની શક્યતા છે. જોકે, રાત્રી દરમિયાન ઠંડીનો અહેસાસ યથાવત રહેશે. પવનની ગતિ આજથી ઘટશે, પરંતુ 11થી 16 ફેબ્રુઆરી દરમિયાન ફરીથી પવનની ઝડપ વધીને 15 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ થઈ શકે છે.

અમદાવાદ 18.6C, અમરેલી 17C, વડોદરા 19.4C, ભાવનગર 20.2C, ભુજ 16.8C, દમણ 19.8C, દીવ 18.7C, દ્વારકા 19.2C, ગાંધીનગર 17.8C, કંડલા 18.5C, નલિયા 13.8C, ઓખા 20.4C, પોરબંદર 20.3C, રાજકોટ 18.5C, સુરત 22.8C અને વેરાવળ 20.5C. હવામાન વિભાગે લોકોને ધુમ્મસ અને પવનની સાવચેતી રાખવાની સલાહ આપી છે.

# ધો.12 સાયન્સ સ્ટ્રીમની પ્રેક્ટિકલ પરીક્ષાનો પ્રારંભ

## શહેરની 25 સ્કૂલમાં 5થી 13 ફેબ્રુઆરી સુધી પ્રેક્ટિકલ પરીક્ષા યોજાશે

**અમદાવાદ, તા.05**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી (5 ફેબ્રુઆરી) ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાઓનો રાજ્યવ્યાપી પ્રારંભ થયો છે. આજના દિવસે વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપતા જોવા મળ્યા. આજે પરીક્ષા બે શિફ્ટમાં યોજાઈ હતી. સવારે 10 વાગ્યાથી 1 વાગ્યા સુધી કેમિસ્ટ્રીની પ્રેક્ટિકલ પરીક્ષા યોજાઈ. જ્યારે બપોરે 2 વાગ્યાથી 5 વાગ્યા સુધી ફિઝિક્સની પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે.

શહેરની નવરંગપુરા સ્થિત એ.જી. હાઈસ્કૂલ ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) રોહિત ચૌધરીએ પરીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે પરીક્ષાની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું અને વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના માનસિક દબાણ વગર પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શહેરમાં



કુલ 25 જેટલા પરીક્ષા કેન્દ્રો પર ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાઓ લેવામાં આવી રહી છે. આ પરીક્ષામાં ફિઝિક્સ અને કેમેસ્ટ્રી વિષયમાં અંદાજે 7,720 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે, જ્યારે બાયોલોજી વિષયમાં 4,000 થી 4,500 જેટલા વિદ્યાર્થીઓ સામેલ થયા છે.

જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, આજથી ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાઓ શરૂ થઈ છે. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે તે માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ ચિંતામુક્ત રીતે પરીક્ષા આપી શકે તેની માટે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી અને તેમને થોડાક સૂચનો કર્યા.

# સુરતમાં સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

## મહિલાઓના નામ સાથેની ડાયરી અને મોબાઈલ ફોન મળ્યા, ત્રણ ગ્રાહકો સહિત પાંચની ધરપકડ

**સુરત, તા.05**

સુરત શહેરના પાલનપુર વિસ્તારમાં શોપિંગ સેન્ટરમાં સ્પાની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ થયો છે. પોલીસે દરોડો પાડી ત્રણ ગ્રાહકો સહિત પાંચ લોકોને ઝડપી પાડ્યા છે. જ્યારે ચાર મહિલાઓને મુક્ત કરાવવામાં આવી છે. સ્પાની તપાસ કરતા કેટલીક મહિલાઓના નામ સાથેની ડાયરી અને મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જે ગ્રાહકોને મહિલાઓના ફોટો મોકલવા માટે ઉપયોગ થતો હતો. પોલીસ કે અજાણી વ્યકિત પર નજર રાખવા માટે સ્પાની અંદર અને બહારના ભાગે સીસીટીવી અને વોચમેનની ગોઠવણ કરવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે.

સુરતના પાલનપુર ગામ સ્થિત રાજ વર્લ્ડ શોપિંગ સેન્ટરમાં સ્પાની આડમાં કૂટણખાનું ચાલતું હોવાની પોલીસને બાતમી મળતા દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસને ઘટનાસ્થળ પરથી ત્રણ ગ્રાહકો સહિત પાંચ લોકોને ઝડપી પાડ્યા હતા. જ્યારે દેહવ્યાપાર માટે રાખવામાં આવેલી ચાર યુવતીઓને મુક્ત કરાવવામાં આવી હતી.

દરોડા દરમિયાન પોલીસને કાઉન્ટરના ડ્રોવરમાંથી અને ડાયરીઓમાંથી ચોંકાવનારી વિગતો મળી આવી છે. પોલીસે કુલ 4 નાની પોકેટ ડાયરી અને 1 મોટી ડાયરી જપ્ત કરી છે, જેમાં દેહવ્યાપાર સાથે સંકળાયેલી મહિલાઓના નામ, ગ્રાહકોના હિસાબ અને રોજિંદા વહીવટની વિગતો લખેલી હતી. આ ઉપરાંત, અલગ-અલગ કલરના 39 ટોકન પણ મળી આવ્યા છે, જે સંભવતઃ ગ્રાહકો અને મહિલાઓ વચ્ચેના



વ્યવહાર માટે વપરાતા હતા. આ ડાયરીઓ આગામી સમયમાં આ રેકેટના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ માટે કડીરૂપ સાબિત થશે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ સ્પાના સંચાલકો અત્યંત સતર્ક હતા. ગ્રાહકોની અવરજવર અને પોલીસની હલચલ પર નજર રાખવા માટે હોલ અને બહારના ભાગે કુલ ત્રણ CCTV કેમેરા લગાવવામાં આવ્યા હતા, જેનું DVR પણ પોલીસે કબ્જે કર્યું છે. એટલું જ નહીં, રેડ દરમિયાન જાણવા મળ્યું કે વિપિન ઉર્ફે રિંકુ શાહુ નામનો યુવક બહાર લોબીમાં ઊભો રહીને સતત વોચ રાખતો હતો જેથી પોલીસના આગમનની જાણ અગાઉથી થઈ શકે.

પોલીસે જ્યારે રૂમમાં પ્રવેશ કર્યો ત્યારે દેહવ્યાપાર સાથે સંકળાયેલી મહિલાઓ કઢંગી હાલતમાં મળી આવી હતી. તેમની પાસેથી અને કાઉન્ટર પરથી દેહવ્યાપારના પુરાવા તરીકે ગ્રાહકોને મોકલવામાં આવતા મહિલાઓના ફોટા ધરાવતા 11 મોબાઈલ ફોન મળી આવ્યા છે. આ ઉપરાંત, 8,500 રોકડા, વપરાયા વગરના કોન્ડોમ અને લાઈટ બિલ જેવી વસ્તુઓ પણ કબ્જે લેવામાં આવી છે. પોલીસે આ મામલે સ્થળ પરથી બે સંચાલકો અને ત્રણ ગ્રાહકોની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય માલિક હજુ ફરાર છે.

શુદ્રો બાબુરાવ ચક્રબોર્તી (ઉ.વ. 26): સ્પાના મેનેજર તરીકે કામ કરતો આ યુવક અડાજણ વિસ્તારની ક્રિસ્ટલ સોસાયટીમાં રહે છે. તે ગ્રાહકો સાથે સોદાબાજી કરી દેહવ્યાપાર કરાવતો હતો. વિપિન ઉર્ફે રિંકુ જગદીશ શાહુ (ઉ.વ. 23): મૂળ મધ્યપ્રદેશનો રહેવાસી આ યુવક સ્પામાં મજૂરીકામ સાથે બહાર લોબીમાં વોચ રાખવાનું કામ કરતો હતો. આકાશ અંકુશભાઈ ધનાવડે (માલિક): સ્પાનો મુખ્ય માલિક જે હાલ પોલીસ પકડથી દૂર છે. તે પાલનપુરની નીલકંઠ રેસીડેન્સી પાસે રહે છે. ગ્રાહકો: દરોડા દરમિયાન કરણ દીપકભાઈ શાહ (પાલ, સુરત), વીરસિંગ શાંતિજી કોળી (સફાઈ કામદાર, ભટાર) અને ઉમેશ દિલીપ શર્મા નામના ઈસમો ગ્રાહક તરીકે રંગેહાથ ઝડપાયા હતા. આ સમગ્ર મામલે પોલીસે પકડાયેલા તમામ શખ્સો વિરુદ્ધ 'ધી ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ 1956' (ITPA) ની કલમ 3, 4, 5, 7 તેમજ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 143 અને 144 મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




